શું અમીર બનવું આટલું સહેલું છે?



પંકજ પટેલ

શું અમીર બનવું આટલું સહેલું છે?



પંકજ પટેલ

પ્રસ્તાવના

મિત્રો, આજકાલ દરેક વ્યક્તિને જીવનમાં ખૂબ પૈસા કમાઈને અમીર બનવું છે અને પોતાના જીવનલક્ષ્યને પૂર્ણ કરવાં છે. તેમ છતાં તમારી આસપાસ કેટલાં એવાં લોકો છે જે ખરેખર અમીર બન્યાં હોય? ખૂબ જ ઓછા લોકો હશે, બરાબર ને? આવું કેમ?

મને અને તમને નાનપણથી જ શીખવવામાં આવ્યું છે કે, પૈસા કમાવવા ખૂબ જ અઘરાં છે, સારી રીતે ભણી-ગણીને નોકરી મેળવી લ્યો એટલે પૈસા કમાતાં થઈ જાઓ, પૈસાના કાંઈ ઝાડ નથી ઉગતાં, કમાવા જાઓ તો ખબર પડે, વગેરે વગેરે.... બસ આ જ કારણથી આપણે અમીર નથી બની શકતાં. અમીર બનવાં માટે પૈસા કરતાં પણ વધારે જરૂરી બાબત છે પૈસા વિશેની સમજણ. પૈસા કેવી રીતે કામ કરે છે, પૈસાને કેવી રીતે વાપરવા જોઈએ અને કેવી રીતે પૈસાની મદદથી પૈસા કમાવા, વગેરે સવાલોની સમજણ હશે તો ચોક્કસપણે અમીર બનવા માટે કંઈક કરી શકશો. જે વ્યક્તિને ચેસની રમત વિશે કંઈ ખબર જ નથી તે ચેસ કેવી રીતે રમી શકે. અમીર બનવાની બાબતમાં પણ કંઈક આવું જ છે.

આ બુકને વાંચીને તમે પણ પોતાના ગોલ માટે પ્લાનિંગ કરીને ઈન્વેસ્ટમેન્ટ કરતાં શીખી જશો. ભવિષ્યમાં આવનારી જરુરિયાતો જેવી કે, ઘર ખરીદવું, બાળકોનો ઉચ્ચ અભ્યાસ, બાળકોનાં લગ્ન, રીટાયરમેન્ટ વગેરે માટે અત્યારથી જ પ્લાનિંગ કરીને ઈન્વેસ્ટમેન્ટ કરી શકશો. ઈન્વેસ્ટમેન્ટ જેટલું વહેલું શરુ કરશો તેટલો વધુ ફાયદો થશે. વિશ્વનાં સૌથી સફળ રોકાણકાર અને ત્રીજા નંબરનાં અમીર વ્યક્તિ વોરન બફેટ કહે છે કે મેં 11 વર્ષની ઉંમરે પહેલું રોકાણ કરેલું, પરંતુ મેં મારી જીંદગીનાં 11 વર્ષ નકામા બગાડી નાખ્યાં.

તમને આશ્ચર્ય થશે કે તમે 23 વર્ષની ઉંમરથી રોજનાં ફક્ત 50₹ નું ઈન્વેસ્ટમેન્ટ કરીને રીટાયરમેન્ટ સમયે દર મહિને 2,00,000₹ ની આવક બેઠાં બેઠાં મેળવી શકો છો. (આ વિશે ચેપ્ટર - 12માં વિગતવાર માહિતી આપી છે.)

ટૂંકમાં હું તમને એટલો વિશ્વાસ આપી શકું કે, તમે આ બુકને ખરીદવામાં ખર્ચ કરેલ એક-એક રૂપિયાની સામે અનેકગણું કમાઈ શકો એવી કામની જાણકારી મળશે. આ જાણકારી બીજે ક્યાંય આટલી સરળ ભાષામાં નહી મળે અને ગુજરાતીમાં તો નહી જ મળે.

ડિસ્ક્લેમર

➢ હું કોઈ સર્ટીફાઈડ કે સેબી રજીસ્ટર્ડ ફાઈનાન્સિયલ એડવાઈઝર નથી. આ બુકમાં આપવામાં આવેલી સંપૂર્ણ માહિતી મારા જ્ઞાન અને અનુભવના આધારે દરેકને સમજાઈ જાય તેવી સાવ સરળ ભાષામાં આર્થિક જાગૃતિ ફેલાવવા માટે આપવામાં આવી છે. આ

માહિતી કોઈ ફાઈનાન્સિયલ એડવાઈઝર દ્વારા સલાહ તરીકે આપવામાં આવી નથી, પરંતુ લોકોમાં આ બાબતની જાગૃતિ આવે એ ઉદ્દેશ્યથી રજુ કરવામાં આવી છે. તમે લીધેલા આર્થિક નિર્ણયોની જવાબદારી સંપૂર્ણપણે તમારી જ રહેશે.

➢ મ્યુચ્યુલ ફંડમાં કરેલ રોકાણ શેરબજારના જોખમોને આધીન હોય છે. રોકાણ કરતાં પહેલા સ્કિમ સંબંધિત બધા ડોક્યુમેન્ટ્સ કાળજીપૂર્વક વાંચી લેવા તેમજ જરૂર લાગે તો તમારા ફાઈનાન્સિયલ એડવાઈઝરની સલાહ લેવી.

લેખક પરિચય

મારું નામ પંકજ પટેલ છે. હું કોઈ વ્યવસાયિક લેખક નથી, પરંતું મારા જ્ઞાન અને અનુભવને તમારી સાથે શેર કરવા માટે આ બુક લખેલી છે. આ બુક લખવા માટેનો મુખ્ય ઉદ્દેશ્ય મારા અને તમારા જેવા સૌને આર્થિક બાબતની પ્રાથમિક જાણકારી આપવાનો છે. આપણી આસપાસ દરેકને આર્થિક બાબતની મુંઝવણ હોય જ છે. તેને કેવી રીતે દૂર કરવી, ભવિષ્યમાં આવનારી આર્થિક જરુરિયાતોને કેવી રીતે પ્લાન કરવી વગેરે વિશેની જાણકારી મારાથી શક્ય એટલી સરળ ભાષામાં આપેલી છે.



મને વન્યજીવન વિશે જાણવા તથા શીખવાનો પણ શોખ છે. હું નવરાશના સમયે મારી આજુબાજુના પશુ-પક્ષીઓની ફોટોગ્રાફી પણ કરી લઉં છું. મારા ફોટોગ્રાફ્સને જોવા તથા ફ્રીમાં ડાઉનલોડ કરવા માટે અત્યારે જ મારા બ્લોગ - http://www.p3club.blogspot.in ની મુલાકાત લો અને કોમેન્ટ કરીને મને જણાવો કે મારી ફોટોગ્રાફી તમને પસંદ આવી કે નહિ.

મારું ફેસબુક પેજ - https://www.facebook.com/pankajpatelphotography/ લાઈક કરવાનું ભૂલશો નહિ.

અનુક્રમણિકા

- ❖ અમીર કોણ છે? શું તમે અમીર છો? અમીર અને પૈસાદાર વચ્ચેનો ફરક શું છે?
  - ➢ અમીર બનવા માટે કેટલાં પૈસા જોઈએ?
- ❖ કેશફ્લો શું છે? તેના પ્રકાર - પોઝિટિવ, નેગેટિવ અને ઈક્વલ કેશફ્લો
  - ➢ દેણાંમાંથી બહાર નીકળવાનાં ઉપાયો

- બજેટ : - આવક - બચત = ખર્ચ
    - ઈમરજન્સી ફન્ડ
- મોંઘવારી : રૂપિયાની બચત કરવી એટલે રૂપિયાને ગૂમાવવા
    - રિયલ રિટર્ન અને નોમિનલ રિટર્ન
- આવક એટલે શું? તેના પ્રકાર : - એક્ટિવ અને પેસિવ ઈન્કમ
    - પેસિવ ઈન્કમ કમાવાનાં જુદા જુદા રસ્તા
- રૂપિયાની બચત કરવી અને તેનું રોકાણ કરવું
    - રોકાણ કરતાં પહેલાં ઈન્સ્યોરન્સ જરૂરી
- પાવર ઓફ કમ્પાઉન્ડિંગ : સાદુ અને ચક્રવૃદ્ધિ વ્યાજ
    - બેબીલોનનો સૌથી અમીર વ્યક્તિ
- સીધા શેરને બદલે મ્યુચ્યુલ ફંડ કેમ?
    - મ્યુચ્યુલ ફંડ અને ડાયરેક્ટ શેર વચ્ચેનો રસ્તો : સ્મોલકેસ
- મ્યુચ્યુલ ફંડ સ્કીમની કેટેગરી : ઈક્વિટી, ડેટ અને હાઈબ્રીડ
    - ઈક્વિટી મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી
    - ડેટ મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી
    - હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી
- ઈન્ડેક્ષ મ્યુચ્યુલ ફંડ : વોરન બફેટની સલાહ
- મ્યુચ્યુલ ફંડની સ્કીમ કેવી રીતે પસંદ કરવી?
    - SIP / STP / SWP / Lump-Sum : - તફાવત અને ક્યારે શું કરવું?
    - સફળ રોકાણકારની આદતો
    - મ્યુચ્યુલ ફંડમાં લાગતાં ટેક્ષની સંપૂર્ણ સમજ
- રિટાયરમેન્ટનું પ્લાનિંગ કેવી રીતે કરવું?
- બોનસ ટીપ : કાયદેસર રીતે ટેક્ષ બચત કરવાનાં રસ્તાઓ

ચેપ્ટર 1. શું તમે અમીર છો? અમીર અને પૈસાદાર વચ્ચેનો ફરક શું છે?

તમે કોઈ પણ વ્યક્તિને પૂછી લેજો - શું તમારે અમીર બનવું છે? દરેક વ્યક્તિનો જવાબ હા જ હશે. તમે અને હું દરેક વ્યક્તિ અમીર બનવા ઈચ્છે છે, પરંતુ દરેક વ્યક્તિ અમીર નથી. હવે બે સવાલ ઊભા થાય છે : (1) અમીર હોવું એટલે શું? અને (2) અમીર કેવી રીતે બનવું?

ચાલો પહેલા સવાલનો જવાબ શોધીએ. સામાન્ય રીતે તો દરેક વ્યક્તિ એવું કહેશે કે ઘણાબધાં રૂપિયા હોય એટલે અમીર ગણાય, પરંતું ચોક્કસ પણે ઘણાબધા એટલે કેટલાં રૂપિયા? અમીર વિશે દરેક વ્યક્તિની પોતાની અલગ પરિભાષા હોય છે. કોઈ માટે 1 કરોડ તો કોઈ બીજી વ્યક્તિ માટે 10 લાખ અને કોઈ માટે 100 કરોડ રૂપિયા હોય ત્યારે અમીર બન્યા ગણાય. હવે એ સવાલ થાય કે કોઈ વ્યક્તિને અમીર બનવું હોય તો કેટલી રકમની જરૂર પડશે એ કેવી રીતે નક્કિ કરવું?
અમીર વ્યક્તિ પાસે ઘણાબધા પૈસા તો હોય જ છે, પણ એથી વિશેષ તેમના આવકના સ્ત્રોત એવા હોય છે કે તેઓ કામ ન કરે તો પણ પૈસાની આવક થયા કરે. બીજી રીતે કહીએ તો પોતાની મરજી

મુજબની જિંદગી જીવવા માટે જરૂરી રૂપિયાની આવક કામ ન કરો તો પણ થયા કરે એટલે અમીર બની ગયા કહેવાય.

Amitabh Bachchan @SrBachchan · Apr 17
T 3138 -" Difference between amiri and raeesi.
The rich have money.
The wealthy have time." ~ Ef

अमीरी और रईसी में फ़र्क़ : अमीरों के पास पैसा होता है ; रईसों के पास समय

ટૂંકમાં અમીરની વ્યાખ્યા કરવી હોય તો આ પ્રમાણે કરી શકાય :

"કોઈ વ્યક્તિ કાલથી કામ કરવાનું બંધ કરી દે અને ત્યારબાદ તે જેટલા સમય સુધી પોતાની હાલની જીવનશૈલી પ્રમાણે જેટલું જીવન વિતાવી શકે તે તેટલો અમીર ગણાય."

આ વ્યાખ્યા પ્રમાણે કોઈ વ્યક્તિ કેટલો સમય વીતાવી શકે છે તેના આધારે તેની આર્થિક સ્થિતિના ભાગ પાડેલા છે :-

કામ મૂક્યા બાદનો સમય...............................	....આર્થિક સ્થિતિ
0 દિવસ	સાવ ગરીબ
1 થી 6 મહિના	ગરીબથી થોડીક સારી
6 મહિનાથી 1 વર્ષ	મધ્યમ
1 વર્ષથી 5 વર્ષ	અમીર બનવા તરફ
5 વર્ષથી વધારે	અમીર
આજીવન	આર્થિક રીતે આઝાદ


ચાલો, એક ઊદાહરણ લઈને સમજીએ. માની લો કે મારી માસિક આવક 10,000 રૂપિયા છે. હાલમાં મારી પાસે બચત કરેલી રકમ 1,00,000 રૂપિયા છે. જો હું કાલથી કામ કરવાનું બંધ કરી દઉ તો પણ મારી પાસે 10 મહિના ચાલે એટલી બચત કરેલી છે. 10 મહિના એટલે 6 મહિનાથી 1 વર્ષના ગાળામાં આવે. મતલબ કે, મારી આર્થિક સ્થિતિ મધ્યમ છે. જો કોઈ આકસ્મિક ખર્ચો આવે તો મારી આર્થિક સ્થિતિમાં ગરબડ થઈ જાય. માટે હું અમીર નથી અને સાવ ગરીબ પણ નથી એમ કહી શકાય. એ જ રીતે કોઈ પાસે 10 કરોડ રૂપિયા હોય તો તેને પૈસાદાર કહી શકાય, પણ જો તેનો

માસિક ખર્ચ 25 લાખ રૂપિયા હોય તો તે કામ કર્યા વગર ફક્ત સવા ત્રણ વર્ષ સુધી જ ચલાવી શકે. તેથી તે વ્યક્તિ પૈસાદાર કહેવાય; અમીર નહિ, પરંતુ તે જ વ્યક્તિનો માસિક ખર્ચ જો ફક્ત 1 લાખ રૂપિયા હોય તો તે વ્યક્તિ કામ કર્યા વગર આખી જિંદગી ચલાવી શકે, માટે આ સ્થિતિમાં તેને અમીર કહી શકાય. હવે તમને અમીર અને પૈસાદાર વચ્ચેનો તફાવત સમજાઈ ગયો ને**?**

હવે તમે જ વિચારો કે તમે કઈ આર્થિક સ્થિતિમાં છો? જો અમીરવાળી કેટેગરીમાં નથી આવતાં, તો આ બુક ખાસ કરીને તમારા માટે જ લખાયેલી છે.

અમીર બનવા માટે કેટલાં પૈસા જોઈએ?

અમીર અને પૈસાદાર વચ્ચેનો તફાવત તો સમજાઈ ગયો, પણ અમીર બનવું હોય તો તમારી પાસે કેટલાં પૈસા હોવાં જોઈએ એ કેવી રીતે નક્કિ કરવું? માની લ્યો કે તમારો હાલનો માસિક ખર્ચ 25,000 રૂપિયા છે એટલે કે એક વર્ષનો કુલ ખર્ચ 3 લાખ રૂપિયા થાય. જો તમારી પાસે બેંકમાં અમુક રકમ પડેલી હોય અને તેનું વાર્ષિક વ્યાજ 3 લાખ રૂપિયા મળતું હોય તો તમે અમીર બની શકો, કારણ કે તે રકમના વ્યાજમાંથી જ કોઈ કામ કર્યા વગર તમારો ખર્ચ ચાલવાનો છે. જો બચત ખાતામાં 4% વાર્ષિક વ્યાજ મળતું હોય તો 75 લાખ રૂપિયા તમારી અમીર બનવાની રકમ કહેવાય. ટૂંકમાં તમારી પાસે હાલમાં 75 લાખ રૂપિયાની રકમ હોય તો તમે તેને બેંકના બચત ખાતામાં જમા કરાવીને કંઈપણ કામ કર્યા વગર મહિને 25,000નું વ્યાજ મેળવીને આર્થિક રીતે આઝાદ થઈ શકો છો. 75 લાખ રૂપિયાની રકમ જોઈને ગભરાશો નહિ. આ તો અમીર બનવા માટે જરૂરી રકમની સાવ સાદી ગણતરી કરી છે. આગળ આપણે જોશું કે આ રકમ કેવી રીતે નાની કરી શકીએ.



અમિતાભ બચ્ચનને તેમના પિતા હરિવંશરાય બચ્ચન કહેતાં કે પૈસા કમાવવા સહેલા નથી. મને કે તમને પણ નાનપણથી જ એવું શીખવવામાં આવ્યું છે કે પૈસા કમાવવા સહેલા નથી. પૈસા નહિ


હોય તો કોઈ ભાવ નહિ પૂછે વગેરે વગેરે... આમ આપણને સૌને નાનપણથી જ પૈસા વિશે જ્ઞાન આપવાને બદલે પૈસા માટે ડરાવવામાં જ આવ્યા છે. હકીકતમાં ભારતમાં એવરેજ દરેક વ્યક્તિ પોતાની કમાણીની 30 % રકમની બચત કરે છે. આટલી રકમની બચત કરવી એ કાંઈ જેવી-તેવી વાત નથી. તેમછતાં ભારતમાં આજે કરોડો લોકો ગરીબીમાં જીવી રહ્યા છે અને લાખો લોકોને પોતાની મરજી મુજબનું જીવન જીવવા નથી મળતું. અનેક લોકોને ફક્ત પૈસાના વાંકે જ અભ્યાસ અધૂરો મૂકવો પડે છે તો અનેકને યોગ્ય સારવાર નથી મળતી. આમ ભારતના લોકોને પૈસા બાબતે અનેક તકલીફો હોય છે. તેનું કારણ પૈસાનો અભાવ નહિ પણ પૈસા વિશેના જ્ઞાનનો અભાવ છે. (કોઈ ગરીબ કે મધ્યમ વર્ગના વ્યક્તિને 1 કરોડની લોટરી લાગી હોય તો પણ તે વ્યક્તિ એક-બે વર્ષ પછી ત્યાં ને ત્યાં જ આવી જાય છે.) અમીર લોકો વધુ અમીર બનતાં જાય છે અને ગરીબ લોકો વધુ ગરીબ બનતાં જાય છે. આ વાત તદ્દન સાચી છે કેમ કે અમીર લોકોને પૈસા કેવી રીતે કામ કરે છે તેની સમજ હોય છે. તેઓ પૈસાનું યોગ્ય આયોજન કરીને અમીર કેવી રીતે બનવું એ જાણે છે. બિલ ગેટ્સે કહેલું છે કે, ગરીબ જન્મ લેવો એ તમારો દોષ નથી, પરંતુ ગરીબ મરણ પામવું એ ફક્ત અને ફક્ત તમારો જ દોષ છે. માટે જ હું આપ સૌ માટે પૈસા કેવી રીતે કામ કરે છે, અમીર કેવી રીતે બનવું તેની સંપૂર્ણ માહીતીથી સભર આ બુક તમારી સમક્ષ લાવ્યો છું. આ બુક વાંચીને તમે પણ પૈસાનું યોગ્ય આયોજન કેવી રીતે કરવું એ શીખી જશો અને તમારા માટે અમીર બનવાનો માર્ગ મોકળો બની જશે.

ચેપ્ટર 2. કેશફ્લો શું છે? આવક - ખર્ચ = કેશફ્લો

અમીર બનવા તરફનું સૌથી પહેલું પગલું તમારા કેશફ્લોને ઓળખવાનું છે. કેશફ્લો (પૈસાનો પ્રવાહ) (તમે પૈસાને કેવી રીતે વહાવો છો તે) એટલે સાવ સરળ ભાષામાં કહું તો તમારી આવકમાંથી તમારા ખર્ચાને બાદ કરતાં બાકી રહેતાં પૈસા.

આવક અને ખર્ચના આધારે કેશફ્લોના ત્રણ પ્રકાર પાડી શકાય :

(1) નેગેટિવ કેશફ્લો : - જો તમારી આવક કરતાં ખર્ચા વધુ હોય તો તમારે ખર્ચા પૂરા કરવા માટે આવક ઉપરાંતના રૂપિયાની જરૂર પડે છે. જેના માટે તમારે કોઈ પાસેથી લોન લેવી પડે છે એટલે કે તમારે દેણું કરવું પડે છે. આ પ્રકારના કેશફ્લોને નેગેટિવ કેશફ્લો કહેવાય છે. જો તમારો કેશફ્લો આ પ્રકારનો હોય તો તમારે ખાસ ચેતવાની જરૂર છે, કારણ કે આ પ્રકારના કેશફ્લોથી તમે અમીર બનવા તરફ નહિ, પરંતુ તેનાથી દૂર થતાં જાઓ છો.



(2) ઈક્વલ કેશફ્લો : - જો તમારી આવક અને ખર્ચા સાથોસાથ ચાલતાં હોય એટલે કે જેટલી આવક હોય તેટલાં જ ખર્ચા હોય તો તેને ઈક્વલ કેશફ્લો કહેવાય છે. આ પ્રકારનો કેશફ્લો પણ તમને અમીર બનવા તરફ નથી લઈ જતો. તમારા રેગ્યુલર ખર્ચા તો તમારી આવકથી પૂરા થઈ જાય છે, પરંતુ જો ક્યારેક આકસ્મિક ખર્ચો આવી પડે તો તમારે દેણું કરવું પડે અને તમારો કેશફ્લો નેગેટિવ થઈ જાય. ટુંકમાં આ પ્રકારનો કેશફ્લો નેગેટિવ અને પોઝિટિવ વચ્ચેની રેખા સમાન છે.

(3) પોઝિટિવ કેશફ્લો : - જો તમારી આવક કરતાં તમારાં ખર્ચા ઓછાં હોય તો ખર્ચા પૂરા કર્યા બાદ પણ તમારી પાસે પૈસાની થોડીઘણી બચત થાય છે. માટે જ આ પ્રકારના કેશફ્લોને પોઝિટિવ કેશફ્લો કહે છે. આ પ્રકારનો કેશફ્લો હોવો એ અમીર બનવા માટેની સૌથી પહેલી જરૂરિયાત છે.

કોઈ વ્યક્તિ પૈસા ખર્ચીને એસેટ(સંપત્તિ) (Assets) અથવા તો લાએબિલિટી(દેણું) (Liabilities) ખરીદતાં હોય છે. આ બે શબ્દો થોડાંક ટેકનિકલ છે, પરંતુ તેમાં ગભરાવાની જરૂર નથી. જો તમને એસેટ અને લાએબિલિટી વચ્ચેનો તફાવત ખબર ન હોય તો એટલું સમજી લો કે, જે વસ્તુ તમારા ખિસ્સામાં પૈસા ભરે એને એસેટ કહેવાય અને જે વસ્તુ તમારા ખિસ્સામાંથી પૈસા ખાલી કરે એને લાએબિલિટી કહેવાય.

ઉદાહરણ તરીકે, જો તમે કોઈ કાર તમારા પોતાના ઉપયોગ માટે ખરીદી કરો તો તે લાએબિલિટી

છે, કેમ કે તમારા ખિસ્સામાંથી ઈ. એમ. આઈ અને મેઈન્ટેનન્સ તરીકે પૈસા ખાલી થાય છે અને સમયની સાથે કારની કિંમત પણ ઘટે છે. બીજી બાજુ તે જ કાર તમે ટેક્સી સર્વિસ માટે લીધી હોય તો તે તમારા માટે એસેટ બની જાય છે, કેમ કે તમારા ખિસ્સામાં ઈ. એમ. આઈ અને મેઈન્ટેનન્સની જાવક ઉપરાંત ટેક્સીનાં ભાડા તરીકે પૈસાની આવક થાય છે.
આ જ રીતે તમારું ઘર તમારા માટે લાએબિલિટી છે કે એસેટ? જો તમે પોતે જ તેમાં રહેતાં હોય તો તમારા માટે લાએબિલિટી છે અને મકાન ભાડે આપેલું હોય તો એસેટ છે. કેમ કે તમે પોતે રહેતાં હોય તો તે મકાન ખરીદવા માટે રોકેલાં પૈસાનું કોઈ જ વળતર મળતું નથી, જ્યારે ભાડે આપેલાં મકાનમાંથી નિયમિત રીતે ભાડાની આવક થાય છે.

કેશફ્લોનાં પ્રકારો અને એસેટ તથા લાએબિલિટીને સમજી લીધાં બાદ એટલું તો ચોક્કસ સમજી ગયા હશો કે, જો તમારે અમીર બનવું હોય તો તમારો કેશફ્લો પોઝિટિવ હોવો જોઈએ. ગરીબ કે મધ્યમ વર્ગનાં લોકોની પૈસા ખર્ચ કરવાની આદત જુઓ તો તમને ખ્યાલ આવશે કે તેઓ દર મહિને થતી આવક કરતાં વધુ અથવા તો આવક જેટલા પૈસા ખર્ચી નાખે છે અને બચત કરતાં નથી. અમીર બનવા માટે સૌપ્રથમ તમારા ખોટા અને ફાલતું ખર્ચાનો ઘટાડો કરીને તમારા કેશફ્લોને નેગેટિવથી ઈક્વલ અને ત્યારબાદ ઈક્વલમાંથી પોઝિટિવ તરફ લઈ જવો પડશે.

ચાલો આકાશનું ઉદાહરણ લઈને સમજીએ.

આવક :
નોકરીનો પગાર – 10,000

ખર્ચ :
બ્રાન્ડેડ કંપનીનાં નવા મોબાઈલનો ઈ.એમ.આઈ – 4,000
મોબાઈલનું રિચાર્જ - 500
ખાવા-પીવાનો ખર્ચ – 2,500
રવિવારે મુવી જોવા જવાનો ખર્ચ(અથવા વ્યસનનો ખર્ચ) – 1,500
પેટ્રોલ અને બાઈકનું મેઈન્ટેનન્સ – 1,500
અન્ય ખર્ચ - 0 થી 2,000

આમ, આકાશને દર મહિને થતી આવક જેટલો અથવા તેનાથી પણ વધુ ખર્ચ થઈ જાય છે. જેના કારણે તે પોતાના મિત્ર કે સંબંધી પાસેથી ઉછીના પૈસા લે છે અને દેણાંમાં ડૂબતો જાય છે.

આકાશે સૌપ્રથમ પોતાનાં બિનજરૂરી ખર્ચ જેવા કે, બ્રાન્ડેડ કંપનીનાં નવા મોબાઈલનો ઈ.એમ.આઈ અને રવિવારે મુવી જોવા જવાનો ખર્ચ ઘટાડવો જોઈએ. આ માટે તેણે બ્રાન્ડેડ કંપનીનાં નવા મોબાઈલને વેચી મીડીયમ રેન્જવાળો મોબાઈલ લેવો જોઈએ તથા બ્રાન્ડેડ મોબાઈલ વેચીને બાકી બચતાં રૂપિયાથી પોતાનું જુનું દેણું ચૂકતે કરવું જોઈએ. (અર્થશાસ્ત્રના પ્રણેતાં કહેવાતા - ચાણક્ય એ તો કીધું છે કે દેણું અને દુશ્મનનો તરત જ નિકાલ કરવો.) તે સિવાય દર રવિવારે મુવી જોવાને બદલે મહિને ફક્ત બે રવિવારે જ મુવી જોવા જવું જોઈએ. આમ કરવાથી થોડીઘણી બચત કરી શકાશે અને ધીમે ધીમે આકાશનો કેશફ્લો નેગેટિવમાંથી પોઝિટિવ

થતો જશે.

જોયું ને મિત્રો?, અમીર બનવા માટેનું પહેલું પગથિયું કેટલું સહેલું છે. આજે જ થોડોક સમય કાઢીને તમારો કેશફ્લો ક્યા પ્રકારનો છે તે ચકાસો. તમારી આવક અને ખર્ચનું લિસ્ટ બનાવો તથા બિનજરૂરી ખર્ચાને ઓળખીને તેમાં ઘટાડો કરો......

કેશફ્લો પોઝિટિવ કર્યા બાદનું બીજું પગથિયું છે - વધુને વધુ એસેટ ખરીદવાનું નહિ કે લાએબિલિટી. જેથી કરીને તમારા એસેટ પણ તમારાં માટે બીજી આવક ઊભી કરશે અને તમને અમીર બનવામાં મદદ કરશે. અમીર લોકોનું અમીર બનવા પાછળનું મુખ્ય પરિબળ તેમની પાસેનાં એસેટ જ હોય છે.

ચાલો થોડીક વિગતે સમજીએ કે ગરીબ, મધ્યમ અને અમીર લોકોની એસેટ અને લાએબિલિટી પેટર્ન કેવી હોય છે :
ગરીબની પાસે એસેટનાં નામે ખાસ કંઈ હોતું જ નથી, કેમ કે તેઓ પોતાની મર્યાદિત આવકમાંથી નિયમિત ખર્ચા માંડ પૂરા કરી શકતાં હોય છે. તેમની પાસે એટલી બચત પણ નથી હોતી કે કોઈ એસેટ ખરીદી શકે. જે થોડીઘણી બચત થઈ હોય તેને તિજોરીમાં કે બેંકના બચત ખાતામાં મૂકી રાખતાં હોય છે.

મધ્યમ વર્ગનાં લોકો પાસે આવક તરીકે પતિ-પત્ની એમ બંનેનાં પગાર આવતાં હોય છે. તેઓ બચત કરેલાં પૈસાને મુખ્યત્વે ફિક્સ ડિપોઝિટમાં મૂકી રાખે છે. જેના પર તેમને નિયમિત રીતે વ્યાજ મળે છે. આમ, મધ્યમ વર્ગનાં લોકો પાસે એસેટ તરીકે મુખ્યરૂપે ફિક્સ ડિપોઝિટ કે તેનાં જેવી અન્ય બચત યોજનાઓ જ હોય છે. તેમની પાસે રહેલી કાર કે તેઓ જે ઘરમાં રહે છે તે ઘર અગાઉ જણાવ્યું તેમ એસેટ ન ગણી શકાય.

અમીર લોકો પોતાના ખર્ચા ઓછા કરીને વિવિધ પ્રકારનાં એસેટ ખરીદે છે. જેમ કે, ફિક્સ ડિપોઝિટ, બોન્ડ્સ, કંપનીઓના શેર, મ્યુચ્યુલ ફંડના યુનિટ,સોનું, અન્ય બિઝનેસ, બીજું મકાન વગેરે ઘણું બધું. આ બધા એસેટ દ્વારા તેમને નિયમિત આવક થાય છે, જે તેમના ખર્ચ કરતાં વધારે હોય છે અને માટે જ તેઓ કંઈપણ કામ કર્યા વગર પોતાનું જીવન ચલાવી શકે છે.

દેણાંમાંથી બહાર નીકળવાનાં ઉપાયો

આપણે એ તો સમજી લીધું કે અમીર બનવા માટે કેવી રીતે ખોટા ખર્ચામાં ઘટાડો કરવો અને નેગેટિવ કેશફ્લોમાંથી પોઝિટિવ કેશફ્લો તરફ જવું. તેમછતાં ઘણીવાર એવું બનતું હોય છે કે આપણો નિયમિત ખર્ચ તો આવક કરતાં ઓછો જ હોય છે અને કોઈ એકાદ ખર્ચો એવો કરેલો હોય છે કે જે આપણી આવક કરતાં પણ વધારે કિંમતનો હોય. આવા ખર્ચા માટે બેંકમાંથી કે સંબંધી પાસેથી લોન લીધેલી હોય છે. લોન ઉપર આપણે વ્યાજ પણ ભરવું પડે છે. જે આપણને અમીર બનવાથી દૂર કરે છે. તેથી જેમ બને તેમ ઝડપથી દેણાંનો નાશ કરવો જોઈએ અને તમારા કેશફ્લોને પોઝિટિવ બનાવવો જોઈએ.



ક્યારેક એવું પણ બને કે કોઈ વ્યક્તિએ એકથી વધુ પ્રકારની લોન લીધી હોય. જેમ કે, કાર લોન, હોમ લોન, બિઝનેસ લોન, પર્સનલ લોન, ક્રેડિટ કાર્ડની લોન વગેરે. હવે સવાલ એ થાય કે દેણામાંથી મુક્ત થવું છે, પણ સૌથી પહેલાં કઈ લોન બંધ કરવી? આ સવાલનો જવાબ બે બાબતોના આધારે નક્કિ કરી શકાય છે :

(1) તમે લીધેલી લોન સારી **(Good Loan)** છે કે ખરાબ **(Bad Load)** લોન છે**?**

કોઈ લોન સારી છે કે ખરાબ એ નક્કિ કેવી રીતે કરવું? જો લોન દ્વારા તમે લીધેલી વસ્તુથી તમને લોનનાં ઈ.એમ.આઈ.થી પણ વધુ આવક થતી હોય તો તેને સારી લોન કહેવાય અને જો



ઈ.એમ.આઈ.થી ઓછી આવક થતી હોય તો તેને ખરાબ લોન કહેવાય. ઉદાહરણ તરીકે, તમે કાર લોન દ્વારા એક કાર લીધેલી છે અને તેનો ઈ.એમ.આઈ. 15,000 રૂપિયા છે. આ કારને તમે ટેક્સી સર્વિસમાં લગાવીને દર મહિને 25,000 રૂપિયાની આવક કરો છો તો તમારા માટે એ લોન સારી છે; પરંતુ જો આ કારને તમે તમારા પર્સનલ ઉપયોગ માટે વાપરો તો તમને કોઈ આવક થવાની નથી. પરિણામે એ લોન તમારા માટે ખરાબ સાબિત થશે.

(2) તમે લીધેલી લોન ઉપર કેટલાં ટકા વ્યાજ ભરવું પડે છે**?**

જે લોન ઉપર વધુ વ્યાજ ભરવું પડે તેને સૌથી પહેલા પૂરી કરો. ઉદાહરણ તરીકે, જો કાર લોન અને ક્રેડિટ કાર્ડની લોન બંન્ને એકસાથે ચાલુ હોય તો પહેલાં ક્રેડિટ કાર્ડની લોન ભરવી જોઈએ, કેમકે ક્રેડિટ કાર્ડની લોન ઉપર વાર્ષિક 15-36 % સુધીનું વ્યાજ ભરવું પડે છે; જ્યારે કાર લોન પર 9-11 % વ્યાજ હોય છે.

ઉપરની બંને બાબતોને આધારે કઈ લોન પહેલા ભરવી એ નક્કિ કરો અને એક પછી એક બધી લોન બંધ કરો.

ભવિષ્યમાં તમારે કોઈ લોન લેવાની જરૂર ના પડે એના માટેનાં ઉપાયો જાણો અને તેનો અમલ કરો **:**

(1) તમારી આવકમાંથી નિયમિત રીતે બચત કરવી**.**

જો તમે તમારી આવકમાંથી દર મહિને 20 થી 30% બચત કરશો, તો ભવિષ્યમાં તમારી આવકથી

મોટી રકમનાં ખર્ચ કરવા સમયે તમારે લોન લેવાની જરૂર નહિ પડે અથવા તો ઓછી રકમની લોન લેવી પડશે. જેથી તમારે તે લોન પરનું વ્યાજ પણ ઓછું ભરવું પડશે અને તમે એ લોનને વધુ ઝડપથી ભરપાઈ કરી શકશો.

(2) ઈમરજન્સી ફંડ બનાવવું**.**

ભવિષ્યમાં આવનારી ઈમરજન્સી પરિસ્થિતિઓ જેવી કે નોકરી ગુમાવવી કે અકસ્માત થવો વગેરે માટે ઈમરજન્સી ફંડ બનાવવું. આના વિશે આપણે હવે પછીનાં ચેપ્ટરમાં વિગતવાર જોઈશું.

(3) તમારી આવક પ્રમાણે ખર્ચાનું બજેટ બનાવવું**.**

ગાંધીજી કહેતાં કે દરેક વ્યક્તિએ બજેટ જરૂર બનાવવું જોઈએ. બજેટ બનાવવાથી તમને તમારી આવક અને ખર્ચા વિશે વિગતે માહિતી મળશે. બજેટ વિશે પણ હવે પછીનાં ચેપ્ટરમાં વિગતવાર જોઈશું.

(4) આર્થિક આયોજન કરવું**.**

ભવિષ્યમાં આવનારા ખર્ચા જેવા કે બાળકોનું શિક્ષણ, બાળકોનાં લગ્ન, રીટાયરમેન્ટ વગેરે માટે અત્યારથી જ પ્લાનિંગ કરવું.


(5) જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેનો તફાવત જાણો**.**

કોઈ લોન લેતાં પહેલાં એ વિચારો કે આ લોન તમે તમારી જરૂરિયાત માટે લો છો કે ફક્ત તમારી ઈચ્છા પૂરી કરવા માટે લો છો. જરૂરિયાત ગરીબની પણ પૂરી થઈ જાય છે, જ્યારે ઈચ્છા રાજાની પણ અધૂરી રહી જાય છે. તેથી ઈચ્છા પૂરી કરવા માટે લોન લેવાનું ટાળવું જોઈએ.

(6) ઓછી રકમની અને ઓછા વ્યાજવાળી લોન લેવી**.**

માની લો કે ભવિષ્યમાં તમારે લોન લેવાની જરૂર પડી અને તેના વિના ચાલે તેમ જ નથી, તો શક્ય એટલી ઓછી રકમની લોન લેવી અને શક્ય એટલા ઓછા વ્યાજદરે લેવી. જેથી કરીને તે લોનની ભરપાઈ ઝડપથી થઈ શકે.

(7) તમારી બધી લોનનાં ટોટલ ઈ**.**એમ**.**આઈ**.** ની રકમ તમારી આવકનાં **25%**થી વધારે ન થવી જોઈએ**.**



ચેપ્ટર 3. બજેટ : - આવક - બચત = ખર્ચ

આપણે ઘણીવાર સમાચારોમાં સાંભળ્યું હોય છે કે, સંસદમાં દેશનું બજેટ રજું કરવામાં આવ્યું. દેશનાં બજેટમાં આવનારા આખા વર્ષમાં સરકારને ક્યાંથી કેટલી આવક થશે અને ક્યા ક્યા ખર્ચા કરશે તેનું અંદાજીત પૂર્વ આયોજન કરેલું હોય છે. જે રીતે દેશનું બજેટ બનાવવામાં આવે છે તે જ રીતે ઘરનું પણ બજેટ બનાવવું જોઈએ. આપણે સામાન્ય રીતે નક્કિ કરી લેતાં હોય છીએ કે કઈ કઈ ચીજ-વસ્તુમાં કેટલાં રૂપિયા ખર્ચ કરીશું; અને એને જ આપણું બજેટ સમજીને ચલાવતાં હોય છે. મોટેભાગે બહુ જ ઓછા લોકો લેખિતમાં બજેટ બનાવતા હોય છે. આપણા દેશમાં બજેટ બનાવવાનું ચલણ જ નથી અને જો કોઈ લેખિતમાં બજેટ બનાવે તો તેને કંજુસ ગણવામાં આવે છે. હકીકતમાં જોવા જઈએ તો મૌખિક બજેટમાં નક્કિ કરેલાં ખર્ચા ઘણીવાર ધાર્યા બહાર જતા રહે છે અને ક્યારેક તો ન કરવા હોય તેવા ખર્ચા પણ થઈ જતા હોય છે.

ચાલો બજેટ એટલે શું તે સમજીએ **:**

સરળ ભાષામાં કહીએ તો તમારી આવક કેટલી થવાની છે અને તે આવકને ક્યાં ક્યાં કેટલા પ્રમાણમાં ખર્ચ કરવાની છે તેનું અનુમાનિત પૂર્વ આયોજન કરવું એટલે બજેટ બનાવવું કહેવાય.
જેમ કે, હું નોકરિયાત માણસ છું અને મારો પગાર 20,000 દર મહિને છે. જુન મહિનો ચાલુ હોય ત્યારે 1 જુલાઈના રોજ મને મળનારા પગારને કેવી રીતે ખર્ચ કરવાનો છે તેનું આયોજન કરવું એટલે મારું બજેટ બનાવવું.

હવે સમજાઈ ગયું ને કે બજેટ એટલે શું? વ્યાખ્યા સમજી લીધા બાદ હવે બજેટ બનાવવાના ફાયદા જોઈએ **:**

(1) જરૂરિયાત અને ઈચ્છાઓ વચ્ચેનો તફાવત સમજાય છે**.** બજેટ બનાવો ત્યારે તમે લખેલા ખર્ચાનું લિસ્ટ જોઈને સમજી શકો છો કે કઈ ચીજ-વસ્તુ જીવન માટે પ્રાથમિક જરૂરિયાતની છે અને કઈ વસ્તુ શોખ-ઈચ્છા માટેની છે.

(2) ખોટા ખર્ચામાં ઘટાડો આવે છે**.** બજેટ બનાવતી વેળાએ તમારે મર્યાદિત રકમમાંથી જ બધા ખર્ચા પૂરા કરવાના હોય છે. વોરન બફેટ કહે છે કે, જે વસ્તુની તમારે જરૂર નથી તે ખરીદશો તો તમારે જે વસ્તુની જરૂર છે તે વેચવી પડશે. તેથી તમે પહેલા જીવન જરૂરી ચીજ-વસ્તુઓ જ લેશો અને પરિણામે ખોટા ખર્ચામાં કાપ મૂકવો પડશે.

(3) ખોટું દેણું કરતાં અટકાવે છે**.** બજેટ બનાવવાથી તમે નકામા ખર્ચા ઘટાડો છો. તેથી તમારે કારણ વિનાની લોન લેવાની જરૂર પડતી નથી અને ખોટું દેણું થતું અટકે છે.




(4) નિયમિત બચત કરવાની આદત પડે છે**.** બજેટ બનાવતી વખતે તમે ભવિષ્ય માટે અમુક રકમની બચત કરો છો. તેથી દર મહિને બજેટ બનાવતી વખતે બચત કરવાની નિયમિત આદત પડે છે.

(5) તમારા પૈસા ઉપર સંપૂર્ણ કંટ્રોલ તમારો રહે છે**.** તમારી આવકમાંથી કેટલી રકમ ક્યાં ખર્ચ થશે તેનો નિર્ણય તમે પોતે જ લો છો. તેથી તમારા પૈસા પર તમારો કંટ્રોલ રહે છે. કારણ વિનાનો ખોટો ખર્ચ થતો અટકે છે.

સામાન્ય રીતે આપણે બજેટ બનાવીએ ત્યારે પહેલા ખર્ચા કરીએ છીએ અને ત્યારબાદ થોડાઘણા પૈસા વધે તો તેની બચત કરીએ છીએ, એટલે કે આવક - ખર્ચ = બચત ના ગણિત પ્રમાણે ચાલીએ છીએ. જ્યારે અમીર બનવા માટે પૈસાની બચત કરવાનું સાચું ગણિત આવક - બચત = ખર્ચ છે**.** ટૂંકમાં, તમારી આવક હાથમાં આવે એટલે તમારું પહેલું પગલું તમે નક્કિ કરેલી બચતની રકમને સાઈડમાં કરવાનું હોવું જોઈએ અને ત્યારબાદ વધેલી રકમમાંથી બધા ખર્ચા પૂરા કરવા જોઈએ.

હવે તમારા મનમાં સવાલ ઊભો થશે કે, પહેલાં બચત કરવાની હોય તો કેટલી રકમની બચત કરવી અને કેટલી રકમ ખર્ચ કરવા માટે વાપરવી?




ચાલો એક બહુ જ સરળ અને અગત્યના નિયમ વિશે જાણીએ. તમારી આવકને યોગ્ય રીતે વાપરવા માટે **50-30-20** નો નિયમ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આ નિયમ એવું કહે છે કે તમારી આવકના ત્રણ ભાગ કરવા જોઈએ.

પહેલો ભાગ **50%** રકમનો કરવો**,** જેને તમારી અને તમારા પરિવારની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડા અને મકાન વગેરેને પૂરી કરવા માટે વાપરવો. જેમ કે, ખાવું-પીવું, શિક્ષણ, મકાન ભાડું, ઈલેક્ટ્રિસિટી બિલ વગેરે.
બીજો ભાગ **30%** રકમનો કરવો**,** જેને તમારી અને તમારા પરિવારની મોજ-શોખ અને ઈચ્છાઓ પૂરી કરવા માટે વાપરવો. જેમ કે, મોબાઈલ ફોન, ટીવી, ફ્રિઝ, એસી, બાઈક, કાર વગેરે વસ્તુ લેવી.
ત્રીજો ભાગ **20%** રકમનો કરવો**,** જેને તમારા ભવિષ્યમાં આવનારા ખર્ચ માટે અત્યારથી જ બચત અને ઈન્વેસ્ટમેન્ટ (નિવેશ / રોકાણ) માટે વાપરવો.

50 - 30 - 20 ના નિયમ પ્રમાણે તમારી આવકને ત્રણ ભાગમાં વહેંચીને તે પ્રમાણે વાપરવી જોઈએ, પરંતું જો તમારા ઉપર દેણું હોય અને આગળનાં ચેપ્ટરમાં જણાવ્યા પ્રમાણે તમે તમારું દેણું ચૂકવવા માગતાં હોય તો**;**
તમારે પહેલો 50%નો ભાગ તમારી પ્રાથમિક જરુરિયાત માટે વાપરવો.
બીજો 30%નો ભાગ તમારા જૂના દેણાની ભરપાઈ કરવા માટે વાપરવો અને જ્યાં સુધી બધા દેણાં ચૂકતે ન થાય ત્યાં સુધી તે ભાગનો ઉપયોગ તમારી ઈચ્છાઓ કે મોજ-શોખ પૂરા કરવા માટે કરવો જોઈએ નહિ.
જ્યારે ત્રીજા 20% ભાગનો ઉપયોગ તમારા ભવિષ્ય માટે બચત અને નિવેશ કરવા માટે જ કરવો જોઈએ. જેથી કરીને તમારે ભવિષ્યમાં કોઈપણ પ્રકારનું દેણું કરવાની જરૂર ન પડે અને તમે અમીર બનવા તરફ ધીમે ધીમે આગળ વધો.

ઈમરજન્સી ફંડ



તમારી આવકનો 20% હિસ્સો તમારા ભવિષ્ય માટે બચત કરવો અને તેનું રોકાણ કરવું જોઈએ, પરંતુ ભવિષ્ય માટે બચત કરેલી રકમનું રોકાણ કરતાં પહેલાં તમારે ટૂંકાગાળામાં આવનારી આકસ્મિક જરૂરિયાત માટે પણ તૈયારી કરવી જોઈએ. આ માટે એકઠાં કરેલા ભંડોળને (બચત) ઈમરજન્સી ફંડ કહેવામાં આવે છે.

ઈમરજન્સી ફંડ નજીકના ભવિષ્યમાં આવનારી આક્સ્મિક જરૂરિયાતો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે. આકસ્મિક પરિસ્થિતિ કોઈને કહીને આવતી નથી. તેથી આપણે પૂરેપૂરી તૈયારી કરીને સજ્જ રહેવું જોઈએ. જીવનમાં આવનારી આકસ્મિક પરિસ્થિતિઓ આ મુજબ કંઈપણ હોઈ શકે છે **:**


- નોકરી છૂટી જવી
- રોડ અકસ્માત થવું
- હોસ્પિટલ ખર્ચ આવવો
- ધંધામાં મંદી કે ખોટ આવવી
- કુદરતી આફત આવવી
- નિયમિત આવકથી વધુ રકમનો ખર્ચ આવવો
- ગંભીર બિમારી થવી, વગેરે વગેરે....

આ પ્રકારની આક્સ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે ઈમરજન્સી ફંડ કેટલું હોવું જોઈએ તેનો એક સાદો નિયમ છે. જો તમે નોકરિયાત હોય અને તમારી આવકનો મુખ્ય સ્ત્રોત પગાર હોય તો તમારા માટે **6** મહિનાના કુલ પગારની રકમ ઈમરજન્સી ફંડની રકમ બનશે. જ્યારે સેલ્ફ એમ્પલોય્ડ એટલે કે પોતાનો ધંધો કરનાર વ્યક્તિ માટે એ રકમ **12** મહિનાની કુલ આવક બરાબર થશે, કેમ કે ધંધાદાર વ્યક્તિને ક્યારેક ધંધા માટે રોકાણની પણ જરૂર પડી શકે છે.

ચાલો એક ઉદાહરણ લઈને સમજીએ. રવિ એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે અને તેનો માસિક પગાર 20,000 રૂપિયા છે. ઉપર જણાવેલા 50-30-20નાં નિયમ મુજબ તેને આવકનાં ત્રણ ભાગ કરવા જોઈએ. પહેલાં 10,000 રૂપિયા તેની પ્રાથમિક જરૂરિયાત માટે, બીજા 6,000 રૂપિયા તેના

મોજશોખ માટે અને ત્રીજા 4,000 રૂપિયા તેના ભવિષ્ય માટે બચત કરવા માટે વાપરવા જોઈએ.
માની લ્યો કે, રવિને 50,000 રૂપિયાનું દેણું છે અને ઈમરજન્સી ફંડ તરીકે કંઈપણ રકમ ભેગી કરેલી નથી.
સૌથી પહેલાં રવિએ તેની આવકનાં બીજા 30% ભાગને દેણું ભરવા માટે વાપરવા જોઈએ અને જો દેણાં ઉપર વ્યાજ લાગતું હોય તો ત્રીજા 20% ભાગને પણ તે માટે જ વાપરવો જોઈએ. ટૂંકમાં 6,000+4,000 = 10,000 દર મહિને એટલે 5 મહિના બાદ દેણું ભરપાઈ થઈ જાય.
રવિની આવક 20,000 રૂપિયા છે અને તે નોકરિયાત છે. તેથી તેની ઈમરજન્સી ફંડની રકમ 20,000 X 6 = 1,20,000 રૂપિયા થાય. (પરંતુ જો રવિ ધંધાદાર વ્યક્તિ હોત તો તેના માટે આ રકમ 20,000 X 12 = 2,40,000 થાત.) હવે રવિએ તેની આવકનાં બીજા 30% ભાગ અને ત્રીજા 20% ભાગની ઈમરજન્સી ફંડ એકઠું કરવા માટે બચત કરવી જોઈએ. ટૂંકમાં 6,000+4,000 = 10,000 દર મહિને એટલે કે 12 મહિના બાદ 10,000 X 12 = 1,20,000 નું ઈમરજન્સી ફંડ તૈયાર થઈ જશે.
હવે રવિ પોતાની રકમનો બીજો 30% ભાગ મોજશોખ માટે વાપરી શકશે.

ચેપ્ટર 4. મોંઘવારી : રૂપિયાની બચત કરવી એટલે રૂપિયાને ગૂમાવવા



મને બરાબર યાદ છે કે હું નાનો હતો ત્યારે એક રૂપિયામાં ગુલ્ફી આવતી હતી અને અમે મોજથી ખાતાં હતાં, પરંતુ આજે તે જ ગુલ્ફીના દસ રૂપિયા થઈ ગયા છે. આનો મતલબ એમ થયો કે તે સમયથી અત્યાર સુધીમાં 10 ગણો ભાવવધારો થઈ ગયો છે. 2,000 ની સાલમાં પેટ્રોલ 25 રૂપિયે લિટર મળતું હતું

અને આજે 70 રૂપિયે લિટર મળે છે. આ રીતે સમયની સાથે દરેક ચીજ વસ્તુના ભાવમાં થતો વધારો મોંઘવારી કહેવાય છે. મોંઘવારીના કારણે રૂપિયાની ખરીદ શક્તિમાં ઘટાડો થતો જાય છે. ઉદાહરણ તરીકે, 2,000 ની સાલમાં સોનાનો ભાવ 4,400 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતો જ્યારે આજે 30,000 રૂપિયા છે. 2,000 ની સાલમાં તમારી પાસે 50,000 રૂપિયા હોય તો તમે 113 ગ્રામ સોનુ ખરીદી શકો, પરંતુ તે 50,000 રૂપિયા તમારા કબાટમાં સાચવી રાખ્યા હોય તો આજના સમયે તેનાથી ફક્ત 16 ગ્રામ સોનુ જ ખરીદી શકો. દશ વર્ષ પહેલાં 100 રૂપિયામાં જે સામાન ખરીદી શકાતો તેટલો જ સામાન ખરીદવા માટે આજે 100 રૂપિયાથી ઘણા વધારે રૂપિયાની જરૂર પડશે. તેથી 10 વર્ષ પહેલાં 1 લાખ રૂપિયાની બચત કરી હોય તો તેનો મતલબ પણ એમ જ થાય છે કે તે સમયે 1 લાખ રૂપિયામાં જે ખરીદ શક્તિ હતી તે આજે ઘટી ગઈ છે. ટૂંકમાં તે સમયે તમારા બાળકની કોલેજ કરવા માટે 1 લાખ રૂપિયાની બચત કરી હશે તે આજે 1 લાખમાં થઈ શકશે નહિ. તેના માટે 1 લાખથી પણ વધારે રૂપિયાની જરૂર પડશે. બસ આનું નામ જ મોંઘવારી છે. મોંઘવારી તમારા રૂપિયાની કિંમતને ધીમે ધીમે ખતમ કરતી જાય છે. તેથી જ તો અમીર ખાનના "પીપલી લાઈવ" ફિલ્મમાં ગીત છે - "મહેંગાઈ ડાયન ખાયે જાત હૈ....."


ચાલો એક ઉદાહરણ લઈને સમજીએ કે મોંઘવારીનો રાક્ષસ કેવી રીતે રૂપિયાની કિંમતને ખતમ કરતો જાય છે. માની લો કે મોંઘવારીનો વાર્ષિક દર 8% છે. આજે એક વસ્તુ ખરીદવા માટે 100 રૂપિયાની જરૂર પડે છે તો દર વર્ષે તે જ વસ્તુ ખરીદવા માટે કેટલી કિંમત ચૂકવવી પડશે તે નીચે મુજબ છે :

વર્ષ	કિંમત
0	100
1	108
2	116.64
3	125.97
4	136.05
5	146.93
6	158.69
7	171.38
8	185.09
9	199.09 (~ 200)

આ પરથી સમજી શકાય છે કે જો મોંઘવારી દર વર્ષે **8%** ના દરે વધતી હોય તો **9** વર્ષ પછી કોઈપણ વસ્તુ ખરીદવા માટે ડબલ કિંમત ચૂકવવી પડશે. બીજા શબ્દોમાં કહીએ તો તમે આજે બચત કરેલાં 1 લાખ રૂપિયાની ખરીદ શક્તિ 9 વર્ષ બાદ અડધી થઈ જશે. આપણા દેશમાં મોંઘવારીનો 8% દર ખૂબ જ સામાન્ય છે. અમુક વર્ષે તો મોંઘવારીનો દર 10% સુધી પણ પહોંચી જાય છે. બજેટ બનાવીને પૈસાની બચત કરવી એ પૂરતું નથી, કેમ કે બચત કરેલા પૈસાની કિંમત (ખરીદ શક્તિ) સમય સાથે ઘટતી જાય છે. તેથી જ તો ચેપ્ટરના ટાઈટલમાં લખ્યું છે કે - પૈસાની બચત કરવી એટલે પૈસા ગૂમાવવા. આનો મતલબ એવો નથી કે આપણે પૈસાની બચત ન કરવી. પૈસાની બચત તો કરવાની જ છે, સાથે તે પૈસાનું એવી જગ્યાએ રોકાણ કરવું જોઈએ કે જેથી તેમાં મોંઘવારીના દરથી પણ વધારે રીટર્ન મળે. આ બધી બાબતો વિશે આપણે આગળ વિગતવાર

જોઈશું.

આજે જે વસ્તુ તમે 100 રૂપિયાની ખરીદી કરતા હશો તે જ વસ્તુનો ભાવ આવતા વર્ષે વધી ગયો હશે. આ દરેક વ્યક્તિનો સામાન્ય અનુભવ હશે. તેથી જ તો નોકરી કરનાર દરેક વ્યક્તિ પગારમાં વધારો કરવાની માંગ કરે છે. જો તમારો વાર્ષિક પગાર વધારો 10% હોય અને મોંઘવારીનો દર 8% હોય, તો તમારે બહુ ખૂશ થવાની જરૂર નથી કેમ કે તમારા 10% વધારામાંથી 8% વધારો તો મોંઘવારીના લીધે ખતમ થઈ જશે અને ખરેખર તમારા પગારમાં થયેલો વધારો ફક્ત 2% જ થયો ગણાય. તેથી જ તો 2,000 ની સાલમાં મારા પિતાજીનો ફક્ત 3,000 રૂપિયાનો પગાર અને આજના સમયે મારો 15,000 રૂપિયાનો પગાર બંને એકસમાન જ ગણાય, કેમ કે 2,000 ની સાલમાં 3,000 રૂપિયામાં જે સામાન ખરીદી શકાતો હતો તે જ સામાન ખરીદવા માટે આજના સમયે 15,000 રૂપિયાની જરૂર પડે છે. તમારો પગાર તમારા પિતાજી કરતા વધારે હોય તો બહુ હરખાઈ જવું નહિ. પહેલા મોંઘવારી કેટલી વધી ગઈ તે ગણતરી કરી લેવી. મોંઘવારી ફક્ત પૈસાની બચત માટે જ નહિ પરંતુ દરેક વ્યક્તિને રોજબરોજની જીવનશૈલી માટે પણ અસર કરે છે. તેથી જ તો કહેવાય છે કે જો મોંઘવારીના રાક્ષસને ઓળખશો નહિ તો તે તમારા રૂપિયાને ભરખી જશે અને તમને દેણું કરવા માટે મજબૂર કરશે.




મોંઘવારીને તમે મામૂલી ગણીને અવગણતાં હોય તો ચાલો એક એવું ઉદાહરણ જોઈએ કે જેને જાણીને તમે ચોક્કસપણે માથું ખંજવાળતા થઈ જશો. માનીલો કે ચિરાગની હાલની ઉંમર 25 વર્ષ છે. તેની વાર્ષિક આવક 8 લાખ રૂપિયા છે અને તેનો માસિક ખર્ચ 50,000 રૂપિયા છે. આજથી 45 વર્ષ પછી એટલે કે ચિરાગની ઉંમર 70 વર્ષ થઈ હોય ત્યારે તેનો માસિક ખર્ચ કેટલો હશે તેનો અંદાજો લગાવો જોઈએ? જો મોંઘવારીનો વાર્ષિક દર 8% ગણીને ચાલીએ તો 45 વર્ષ બાદ ચિરાગનો એક મહિનાનો ખર્ચ 16 લાખ રૂપિયા થાય જે આજના 50,000 રૂપિયા બરાબર જ છે. જો તમને આ વાત માનવામાં ન આવતી હોય તો 1975ની સાલમાં કોઈ સી.એ.ની વાર્ષિક આવક આશરે 15,000 રૂપિયા (માસિક આવક ફક્ત 1,250 રૂપિયા) હતી અને આજે તે જ વ્યક્તિનો માસિક ખર્ચ 40,000 રૂપિયા થાય અને તે વ્યાજબી પણ લાગશે. તેથી જ તો કહેવાય છે કે મહેંગાઈ ડાયન ખાયે જાત હૈ....

<u>રિયલ રિટર્ન અને નોમિનલ રિટર્ન</u>

મોંઘવારી વિશે બરાબર સમજી લીધા બાદ પૈસાના રોકાણ પર તેની અસર જોઈએ :

(1) નોમિનલ રીટર્ન **: -**
પૈસાનું રોકાણ કરીને તેના પર મળનારા રીટર્નને નોમિનલ રીટર્ન કહેવાય છે. જેમ કે પૈસાને ફિક્સ ડિપોઝિટમાં 7%ના દરે મૂકેલા હોય તો 7% નો દર તે રોકાણ પર મળનારું નોમિનલ રીટર્ન કહેવાય છે. ઉદાહરણ તરીકે 100 રૂપિયાની ફિક્સ ડિપોઝિટ પર વર્ષના અંતે 7 રૂપિયા વ્યાજ મળશે. આ 7 રૂપિયાને 100 રૂપિયાના રોકાણ પર મળનારું નોમિનલ રીટર્ન કહેવાય છે.

(2) રીયલ રીટર્ન **: -**



સમયની સાથે પૈસાની કિંમત ઘટતી જાય છે અને પૈસાના રોકાણ પર મળનારા રીટર્નને પણ મોંઘવારીની અસર થાય છે. તેથી રોકાણ કરેલા પૈસા પર મળનારા રીટર્નમાંથી મોંઘવારીનો દર બાદ કર્યા બાદ મળનારા રીટર્નને રીયલ રીટર્ન કહેવાય છે. જેમ કે, તમે મ્યુચ્યુલ ફંડમાં એક વર્ષ માટે પૈસાનું રોકાણ કર્યું હોય અને તેના પર 12% નોમિનલ રીટર્ન મળ્યું હોય તથા મોંઘવારીનો દર 8% રહ્યો હોય તો 12 - 8 = 4% રીયલ રીટર્ન મળ્યું કહેવાય. 100 રૂપિયાના રોકાણ પર 12 રૂપિયાનું નોમિનલ રીટર્ન મળે અને 12 - 8 = 4 રૂપિયાનું રીયલ રીટર્ન મળ્યું કહેવાય. રીયલ રીટર્નનો મતલબ એમ થાય કે રીટર્ન સાથેના 112 રૂપિયાની કિંમત તમે એક વર્ષ પહેલા પૈસાનું રોકાણ કરતા હતા ત્યારના 104 રૂપિયા બરાબર થાય. ટૂંકમાં ખરેખરમાં મળેલું રીટર્ન 12 રૂપિયા નહિ પણ ફક્ત 4 રૂપિયા કહેવાય.

આ નોમિનલ રીટર્ન અને રીયલ રીટર્ન શું છે તે જાણવાની મારે શું જરૂર છે**?**

ફિક્સ ડિપોઝિટમાં મૂકેલા રૂપિયા પર ખરેખર કોઈ જ (રીયલ) રીટર્ન મળતું નથી અથવા તો સાવ મામૂલી રીટર્ન જ મળે છે. સામાન્ય રીતે કોઈપણ બેંકમાં ફિક્સ ડિપોઝિટ પર મળનારું વ્યાજ 7-7.5% ની આસપાસ જ હોય છે તથા આપણા દેશમાં મોંઘવારીનો દર 6-8% નો રહે છે.
તેથી ફિક્સ ડિપોઝિટ પર મળનારું રીયલ રીટર્ન
7-6 = 1% (ફિક્સ ડિપોઝિટનો વ્યાજદર 7% & મોંઘવારીનો દર 6% હોય તો),
7-7 = 0% (ફિક્સ ડિપોઝિટનો વ્યાજદર 7% & મોંઘવારીનો દર 7% હોય તો) અથવા
7-8 = -1% (ફિક્સ ડિપોઝિટનો વ્યાજદર 7% & મોંઘવારીનો દર 8% હોય તો) કહેવાય
એટલે કે સાવ મામૂલી 1% જેટલું અથવા સાવ 0% અથવા ક્યારેક તો -1% (નેગેટિવ) પણ મળે છે.

આના પરથી એવું તારણ કાઢી શકાય કે આજે તમે 50,000 રૂપિયાની ફિક્સ ડિપોઝિટ કરાવો છો અને તેના પર 8% વ્યાજ મળે છે. એક વર્ષ બાદ તમને વ્યાજ સહિત કુલ 54,000 રૂપિયા મળશે. જો મોંઘવારીનો દર પણ 8% હોય તો તમને ખરેખર મળનારું રીટર્ન 0% કહેવાય, કારણ કે આજે 50,000 માં તમે જે વસ્તુ ખરીદી શકો છો તેને એક વર્ષ બાદ ખરીદવા માટે 54,000 રૂપિયાની જરૂર પડશે. આમ તમને ફિક્સ ડિપોઝિટમાં પૈસા મૂકીને કંઈપણ ફાયદો થયો જ નહિ.

જો ફિક્સ ડિપોઝિટ કે તેના જેવા અન્ય રોકાણના વિકલ્પોમાંથી મળનારું રીયલ રીટર્ન લગભગ નહિવત જ હોય તો આનો ઉપાય શું? આનો ઉપાય એક જ કે તમારે એવા વિકલ્પોમાં પૈસાનું રોકાણ કરવું જોઈએ જેમાં તમને મળનારું નોમિનલ રીટર્ન મોંઘવારીના દરથી વધારે હોય. જેમ કે, રીયલ એસ્ટેટ, શેર બજાર, મ્યુચ્યુલ ફંડ, બીજાના બિઝનેસમાં ભાગ રાખવો વગેરે વગેરે.....

ચેપ્ટર 5. આવક એટલે શું? તેના પ્રકાર : - એક્ટિવ અને પેસિવ ઈન્કમ

આવક એટલે શું? તમે કહેશો કે કામ કરવાથી કે કોઈ અન્ય રીતે તમારા ખિસ્સામાં રૂપિયા આવે તેને આવક થઈ કહેવાય. બરાબર ને? ના, આ વ્યાખ્યા સંપૂર્ણ સાચી નથી. આ વ્યાખ્યા પ્રમાણે તો બેંકમાંથી કે મિત્ર પાસેથી લોન લેવાથી મળતાં પૈસા પણ આવક ગણાય. જે સત્ય નથી, કેમકે લોનનાં પૈસા તો વ્યાજસહિત પાછા આપવા પડે છે. તદ્ઉપરાંત કોઈને લોટરી લાગી હોય તો પણ તેને આવક ન ગણી શકાય, કેમ કે તેને એકવાર લોટરી લાગી તો બીજીવાર પણ લાગશે એ નક્કિ ન કહેવાય. હવે તમારા મનમાં એક જ સવાલ થતો હશે કે આવકની વ્યાખ્યા શું?

કોઈ કામ કરવાથી, ચીજ-વસ્તુની લે-વેચ કરીને, કોઈ સર્વિસ પૂરી પાડીને કે પૈસાનું રોકાણ કરીને કે કોઈ અન્ય રીતે નિયમિત સમય અંતરાલે અને નિશ્ચિત રકમનું વળતર મળ્યાં કરતું હોય તો તેને આવક કહી શકાય. જેમ કે, તમારો પગાર, દુકાન કે મકાનનું આવતું ભાડું, બેંકમાં મૂકેલી ફિક્સ ડિપોઝિટ પર મળનારું વ્યાજ વગેરે.

આવકને સામાન્ય રીતે બે મુખ્ય પ્રકારમાં વહેંચવામાં આવે છે :

(1) એક્ટિવ ઈન્કમ **:** જે આવક તમને કામ કરવાથી મળતી હોય અને જો તમે કામ કરવાનું બંધ કરી દો તો આવક પણ બંધ થઈ જતી હોય તે પ્રકારની આવકને એક્ટિવ ઈન્કમ કહેવાય છે. જેમ કે, તમારી નોકરીથી મળતો પગાર અથવા કોઈ મજૂરને મળતી મજુરી વગેરે...
દુનિયાના 95%થી પણ વધુ લોકો પૈસા કમાવવા માટે આ પ્રકારની આવક પર નિર્ભર હોય છે.

એક્ટિવ ઈન્કમનાં ફાયદા **:**

- ➢ એક્ટિવ ઈન્કમ મેળવવી ખૂબ જ સહેલી છે, કેમ કે કોઈપણ લાયકાત ન હોય તો પણ નાનું-મોટું મજૂરી-કામ કે અન્ય તો કરી જ શકે છે.
- ➢ એકવાર ચાલુ થયા પછી તે નિશ્ચિત અને ખૂબ જ નિયમિત હોય છે, જેમ કે નોકરી મળી ગયા પછી દર મહિને નિશ્ચિત રકમનો પગાર મળ્યા જ કરે છે.
- ➢ એક્ટિવ ઈન્કમ ખૂબ જ સુરક્ષિત ગણાય છે, કેમ કે તમે જ્યાં કામ કરો છો તે કંપનીને ખોટ થાય કે નફો પણ તમને પહેલેથી નક્કિ પગાર મળ્યા જ કરે છે.


એક્ટિવ ઈન્કમનાં ગેર-ફાયદા **:**

- ➢ એક્ટિવ ઈન્કમ નિશ્ચિત હોય છે, તેથી તમે વધારે કામ કરો કે કંપનીને વધારે ફાયદો કરાવી આપો તો પણ પહેલેથી નક્કિ પગાર જ મળશે.
- ➢ તમે કામ કરવાનું બંધ કરો એટલે તમારી આવક પણ બંધ થઈ જાય છે. જેમ કે તમે બિમારી માટે કે બીજા કારણસર રજા રાખો તો પગાર કપાઈ જાય છે.

(2) પેસિવ ઈન્કમ **:** જે આવક માટે તમારે કામ કરવાની જરુર ન પડતી હોય અથવા સાવ નજીવું કામ કરવું પડતું હોય અથવા એકવાર કામ કર્યા બાદ નિયમિત રીતે આવક થયા જ કરતી હોય તો તેને પેસિવ ઈન્કમ કહેવાય છે. જેમ કે, ભાડે આપેલી પ્રોપર્ટીનું ભાડું, લેખકે લખેલી બુકના વેચાણથી મળતી રોયલ્ટી, ફિક્સ ડિપોઝિટમાં મૂકેલાં પૈસા પર મળનારું વ્યાજ વગેરે...
દુનિયામાં બહુ જ ઓછા લોકો આ પ્રકારની આવક વિશે વિચારે છે.

પેસિવ ઈન્કમનાં ફાયદા :

- તમે કામ ન કરો અથવા સાવ ઓછું કામ કરો તો પણ આવક થયા કરે છે.



- પેસિવ ઈન્કમ પહેલેથી નિશ્ચિત કરેલી નથી હોતી. જેમ કે લેખકે લખેલી બુક હિટ થઈ જાય તો રોયલ્ટી તરીકે મળનારી પેસિવ ઈન્કમની કોઈ સીમા નથી હોતી.
- પેસિવ ઈન્કમથી જ તમે આર્થિક રીતે આઝાદ બની શકો છો અને દરરોજ કામ કરવામાંથી આઝાદી મેળવી શકો છો.

પેસિવ ઈન્કમનાં ગેર-ફાયદા :

- પેસિવ ઈન્કમની શરુઆત કરવી મૂશ્કેલ છે, કેમ કે તેના માટે અન્ય લોકોથી કંઈક અલગ વિચારીને એવું કામ કરવું પડે છે જે લોકોને પસંદ આવે અને તેના બદલામાં તમને આવક થાય.
- પેસિવ ઈન્કમ માટે ખૂબ જ ધીરજ રાખવી પડે છે, કેમ કે પેસિવ ઈન્કમની શરુઆત કરો ત્યારે તમારી પ્રોડક્ટ ધીમે ધીમે લોકોના ધ્યાનમાં આવે છે અને તે લોકોને પસંદ આવે એ પણ જરુરી નથી હોતું.

અમીર (આર્થિક રીતે આઝાદ) બનવા માટે કેટલી આવક થાય છે એ જરુરી નથી પરંતું કેટલી જગ્યાએથી આવક થાય છે એ જરુરી છે. અહિંયા અમીર અને પૈસાદાર વચ્ચેનો તફાવત સ્પષ્ટ હોવો જરુરી છે. અમિતાભ બચ્ચને તેમના ટવીટર પર મૂકેલી એક પોસ્ટમાં જણાવ્યું છે કે, અમીર પાસે સમય હોય છે અને પૈસાદાર પાસે પૈસા હોય છે. અમીર બનવા માટે તમારી પાસે મોટી રકમની એક્ટિવ ઈન્કમ (નોકરી/તમે પોતે ચલાવતા હોય તેવો ધંધો) હોવી જરુરી નથી, પરંતું એકથી વધારે પેસિવ ઈન્કમ હોવી જરુરી છે જેના દ્વારા તમે તમારુ જીવન ચલાવી શકો. અમીર બનવા માટે આવક નહિં, આવકનાં સ્ત્રોત હોવા જરુરી છે; કેમ કે એક જગ્યાએથી આવક બંધ થાય તો બીજા સ્ત્રોતની આવક દ્વારા કામ ચલાવી શકાય. તેથી એકથી વધુ પેસિવ ઈન્કમના સ્ત્રોત બનાવો અને અમીર બનો.

Building A Pipeline





Hauling Buckets   Building a Pipeline

અમીર બનવા માટે પેસિવ ઈન્કમની જરુર શા માટે છે તે સમજવા માટે એક નાનકડી વાર્તા જોઈએ :

એક નાનકડું ગામ હતું. તેમાં રામ અને શ્યામ નામના બે મિત્ર રહેતાં હતાં. એક વર્ષ એવું બન્યું કે ગામમાં વરસાદ ખૂબ જ ઓછો પડ્યો. તેથી ગામની પાણીની જરુરિયાત માટે ગામના લોકોએ નક્કિ કર્યું કે રામ અને શ્યામ ગામની બહાર આવેલા સરોવરમાંથી પાણી ભરી આવશે અને તેમને એક લિટર પાણી ભરી આવવા માટે 1 રૂપિયો વળતર તરીકે મળશે. રામ અને શ્યામ સાવ બેકાર જ હતા, તેથી તેઓ આ કામ માટે તૈયાર થઈ ગયા. રામ બીજા દિવસે સવારથી જ ખૂબ મહેનત કરીને એક પછી એક પાણીની ડોલ ભરીને ગામના લોકોને આપવા લાગ્યો. જ્યારે શ્યામ થોડાંક મહિનાઓ માટે સાવ ગાયબ જ થઈ ગયો. શ્યામ ન હોવાથી રામને વધારે આવક થવા લાગી અને વધારે મહેનત કરવા લાગ્યો. રામ રવિવારે રજા રાખતો હતો, જેથી તે પોતાના પરિવાર સાથે સમય વિતાવી શકે. થોડાંક મહિનાઓ બાદ શ્યામ ગામમાં પાછો આવ્યો. તેણે આ સમય દરમ્યાન ગામની બહાર આવેલાં સરોવરથી ગામના ચોક સુધી પાણીની પાઈપલાઈન નાખી દીધી હતી અને ચોકમાં એક નળની વ્યવસ્થા કરી દીધી. શ્યામે ગામના લોકોને એકઠાં કરીને જાહેરાત કરી કે તે ગામલોકોને દરરોજ કોઈપણ રજા વિના જોઈએ તેટલું પાણી પૂરુ પાડશે અને તે પણ ફિલ્ટર કરેલું હશે. તદ્ઉપરાંત ગામલોકોને પાણી માટે એક લિટર દીઠ 1 રૂપિયાને બદલે ફક્ત 50 પૈસા જ ચૂકવવા પડશે. શ્યામની આ વાત સાંભળીને સૌ લોકો તેની પાસેથી પાણી લેવા માટે રાજી થઈ ગયા. શ્યામના આ પ્લાનથી રામની રોજગારી ભાંગી ગઈ. બીજી તરફ શ્યામ થોડાંક સમય બાદ આજુબાજુના ગામમાં પણ આ જ રીતે પાણીની પાઈપલાઈન દ્વારા પાણી પૂરું પાડવા લાગ્યો અને તેની આવક વધવા લાગી. શ્યામ ફક્ત એકવાર જ મહેનત અને પૈસાનું રોકાણ કરીને પાઈપલાઈન નાખતો હતો. ત્યારબાદ કંઈપણ કામ કર્યા વિના દરરોજ દરેક ગામથી એક લિટર પાણી માટે 50 પૈસા આવવા લાગતાં હતાં. આમ થોડાંક જ સમયમાં શ્યામ અમીર બની ગયો, જ્યારે રામ પોતાનું ગુજરાન ચલાવવા માટે કંઈક કામની તલાશ કરતો હતો. શ્યામે મિત્રતા ખાતર રામને પોતાના પાણીના નળ પાસે રૂપિયાની ઊઘરાણી કરવાની નોકરી આપી દીધી.

જોયુંને મિત્રો, રામ અને શ્યામની પાણી પહોંચાડવાની રીતમાં શું ફરક છે? રામની રીત આપણા સૌની જેમ એક્ટિવ ઈન્કમ જેવી છે. જ્યાં સુધી રામ પાણીની ડોલ ભરીને આપશે ત્યાં સુધી રૂપિયા મળશે. જ્યારે શ્યામની પાણીની પાઈપલાઈન પેસિવ ઈન્કમનું ઉદાહરણ છે. એકવાર મહેનત કરીને અને પૈસાનું યોગ્ય રોકાણ કરીને આવક ચાલુ થઈ ગયા બાદ કંઈપણ કામ કર્યા વગર વિના મહેનત આવક થયા જ કરે છે.

પેસિવ ઈન્કમ કમાવાનાં જુદા જુદા રસ્તા

હવે તમારા મનમાં એક જ સવાલ હશે કે અમીર બનવા માટે પેસિવ ઈન્કમ હોવી જરુરી છે એ તો સમજાઈ ગયું, પણ પેસિવ ઈન્કમ કમાવાના રસ્તા ક્યા ક્યા છે?

ચાલો પેસિવ ઈન્કમ કમાવવા માટેનાં જુદા જુદા વિકલ્પો વિશે જોઈએ :

(1) રેપ્લિકેશન **(Replication) :** પહેલાનાં જમાનામાં કોઈ પત્ર 100 વ્યક્તિને લખવો હોય તો 100 વાર લખવો પડતો હતો, પરંતુ આજના સમયમાં એકવાર લખીને તેની 100 ઝેરોક્ષ કરી શકો છો. આનું નામ જ રેપ્લિકેશન છે. આ રીતમાં તમે કોઈ મશીન કે ટેક્નોલોજીની મદદથી એકવાર કામ કરીને તેનું અનેકગણું પરિણામ મેળવી શકો છો. કોઈ એકસરખું કાર્ય વારંવાર કરવાનું હોય ત્યારે મશીન કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તે કાર્યને ઝડપથી પૂરું કરવું અને ઓછા સમયમાં તે કાર્ય માટેનું વળતર મેળવવું તેને રેપ્લિકેશન કહેવાય છે. જેમ કે, આજે ઓટોમેટિક મશીન વડે કોઈ સ્પેર-પાર્ટ બનાવવો હોય તો આખી પ્રોસેસનો પ્રોગ્રામ તૈયાર કરીને મશીનને કમાન્ડ આપી દો એટલે મશીન પોતાની મેળે આખી પ્રોસેસ પૂરી કરીને તમારું કામ પૂરું કરી દેશે. આમ, મશીન કે ટેક્નોલોજીના ઉપયોગ વડે તમારું કામ ઓછું થઈ જાય છે.



(2) રેન્ટ **(Rent) :** રેન્ટનો ગુજરાતી અર્થ થાય છે - ભાડું. આપણે સૌ જાણીએ છીએ કે જેમની પાસે વધારાની પ્રોપર્ટી જેવી કે મકાન, દુકાન, પ્લોટ હોય તો તેઓ અન્ય વ્યક્તિને અમુક સમય માટે વાપરવા આપીને તેના બદલામાં ભાડું મેળવતાં હોય છે. જો તમારી પાસે કોઈ વધારાની પ્રોપર્ટી, વાહન કે મશીનરી (જેમ કે કેમેરો) હોય તો એવી વ્યક્તિને ભાડાપેટે આપી શકો છો જે એ પ્રોપર્ટી, વાહન કે મશીનરીને કોઈ કારણસર ખરીદી શકે તેમ ન હોય. તે વ્યક્તિને પોતાની જરુરિયાતની

પ્રોપર્ટી મળી જશે અને બદલામાં તમને ભાડાંની (રેન્ટ) પેસિવ ઈન્કમ થશે. આ રીતમાં પ્રોપર્ટી હોય તો સૌથી સારું કેમ કે સમય સાથે ભાડાંની આવક ઉપરાંત તેની કિંમતમાં પણ વધારો થશે. જ્યારે વાહન કે મશીનરીના કિસ્સામાં સમય સાથે તેની કિંમતમાં ઘટાડો જ થાય છે.



(3) રોયલ્ટી **(Royalty) :** રોયલ્ટી એટલે તમે બનાવેલી કોઈ વસ્તુ **(**બુક**,** યુટ્યુબ વિડિયો**,** ફોટોગ્રાફ વગેરે**)** જ્યારે પણ વેચાય ત્યારે તેના પર થનારાં નફાનો અમુક ભાગ તમને મળતો રહે**.** કોઈ લેખક બુક લખીને પ્રકાશકને આપી દે છે, પરંતુ તે બુકની જેટલી કોપીનું વેચાણ થાય તે પ્રમાણે લેખકને અમુક નિશ્ચિત રકમ મળતી રહે છે. આમ લેખકે ફક્ત એકવાર જ કામ કરીને બુક લખી અને બદલામાં વર્ષો બાદ પણ તે બુક વેચાતી રહે તો તેને રોયલ્ટી મળતી રહે છે. આ જ રીતે યુટ્યુબ પર કોઈ વ્યક્તિ એકવાર વિડિયો અપલોડ કરી દે ત્યારબાદ તે વિડિયો પર વ્યુઝ આવતાં રહે તેમ તે વ્યક્તિને રોયલ્ટી મળતી રહે છે. આ રીતમાં ફક્ત એકવાર કામ કરીને પેસિવ ઈન્કમની પાઈપલાઈન બનાવવી પડે છે અને બાદમાં કંઈપણ કામ કર્યા વગર આવક થયા કરે છે. આ રીતનું સૌથી સારું ઉદાહરણ PUBG ગેમ છે. એકવાર ગેમ બની ગયા બાદ તે કંપનીને ગેમની કોપીના વેચાણ, ગેમની અંદર આવતાં ઈન-એપ પર્ચેઝ વગેરે દ્વારા આવક થયા જ કરે છે અને તે ગેમ દ્વારા 7,000 કરોડની આવક પણ કરી લીધી છે.



(4) રાઈટ્સ **(Rights) :** રાઈટ્સ એટલે તમે બનાવેલી કોઈ વસ્તુ (ફ્રેન્ચાઈઝી, બ્રાન્ડ વગેરે) નો અન્ય વ્યક્તિને પૈસા કમાવા માટે ઉપયોગ કરવાનો અધિકાર (રાઈટ્સ) આપવો અને બદલામાં અમુક નિશ્ચિત વળતર મેળવવું. જેમ કે, હેરી પોર્ટરની લેખકને બુકના વેચાણ દ્વારા રોયલ્ટી તો મળે જ છે, પરંતુ તે બુક (કે હેરી પોર્ટરના કેરેક્ટર) પરથી ફિલ્મો બનાવવાનો અધિકાર આપવા માટે પણ ફિલ્મ નિર્માતા દ્વારા રાઈટ્સની આવક થાય છે. આ જ રીતે મેક ડોનાલ્ડની ફ્રેન્ચાઈઝી ચલાવવાનો અધિકાર આપવા માટે મેક ડોનાલ્ડની કંપનીને દરેક બર્ગરના વેચાણ પર અમુક રકમની આવક થાય છે. આજે મેક ડોનાલ્ડના આખી દુનિયામાં 35,000 થી પણ વધુ સ્ટોર છે. જરા વિચારો તો ખરા દરરોજ કેટલા બર્ગર વેચાતા હશે અને કેટલી આવક થતી હશે.

(5) રીટર્ન **(Return) :** તમે બચત કરીને એકઠાં કરેલા રૂપિયાને ફિક્સ ડિપોઝિટ, બોન્ડ્સ, ગોલ્ડ, શેરબજાર કે મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવાથી બદલામાં વ્યાજ કે ભાવવધારા તરીકે આવક થયા કરે છે. આને જ રીટર્ન કહેવામાં આવે છે. આ રીતમાં તમે નહિ પરંતું તમારા રૂપિયા કામ કરે છે. આ એક જ એવી રીત છે જેના દ્વારા દરેક વ્યક્તિ પેસિવ ઈન્કમ કમાઈ શકે છે.

- સાવ 500 રૂપિયાની મામુલી રકમથી પણ શરુઆત કરી શકો.
- લેખક કે સોફ્ટવેર એન્જીનીયર જેવી કોઈ ખાસ લાયકાતની જરુર નથી.
- તમને અનુકૂળ વિકલ્પ જેમ કે ફિક્સ ડિપોઝિટ, બોન્ડ્સ કે શેરબજાર પસંદ કરી શકો છો.
- શેરબજાર કે મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરો તો તેમાં પણ પેસિવ ઈન્કમ કેટલી મળી શકે તેની કોઈ સીમા નથી. ઉદાહરણ તરીકે, જો તમે 1980ની સાલમાં વિપ્રો કંપનીના શેરમાં 10,000 રૂપિયાનું રોકાણ કરેલું હોત તો આજે તેની કિંમત આશરે 535 કરોડ રૂપિયા થાય છે. એ વાત ચોક્કસ છે કે દરેક કંપનીના શેર આવા રીટર્ન ન આપી શકે. ડાયરેક્ટ કોઈ કંપનીના શેરમાં રોકાણ ન કરવું હોય તો મ્યુચ્યુલ ફંડ કે ઈન્ડેક્ષ ફંડમાં પણ રોકાણ કરીને તમે સારું એવું રીટર્ન મેળવી શકો છો. **1979**માં સેન્સેક્ષ **100** પોઈન્ટથી શરુ થયું તે સમયે સેન્સેક્ષ ઈન્ડેક્ષ ફંડમાં **10,000** રૂપિયાનું રોકાણ કર્યું હોય તો આજે સેન્સેક્ષ **40,000**થી પણ વધુ પોઈન્ટ થઈ ગયો છે ત્યારે તેની કિંમત **40** લાખ રૂપિયા થઈ ગઈ હોત અને તે

પણ કોઈ મગજ વાપર્યા વિના .

<u>ચેપ્ટર 6. રૂપિયાની બચત કરવી અને તેનું રોકાણ કરવું</u>

આગળના ચેપ્ટરમાં આપણે પેસિવ ઈન્કમ કમાવાનાં જૂદા જુદા ઉપાયો વિશે જાણ્યું. તેમાં રીટર્ન એક જ એવી રીત છે જેમાં દરેક વ્યક્તિ પોતાનાં બચત કરેલાં રૂપિયાનું રોકાણ (ઈન્વેસ્ટમેન્ટ) કરીને પેસિવ ઈન્કમ કમાઈ શકે છે. બસ આટલું જ. છે ને સાવ સિમ્પલ. શું કીધું**?** તમે આજ સુધી કંઈપણ બચત કરી જ નથી અને પૈસાની બચત કરવાની શું જરુર છે એમ**?**



ચાલો તમને તરત જ સમજાઈ જાય એવો થોડાક જ દિવસ જુનો કિસ્સો જણાવું. તમને ખ્યાલ હોય તો થોડાંક સમય પહેલાં જેટ એરવેઝ નામની એર લાઈન કંપનીએ દેવાળું જાહેર કર્યું અને તેના કારણે કંપનીના 20,000 જેટલા કર્મચારીઓની નોકરી જતી રહી છે. તેમાંથી અમુક પાઈલોટનો માસિક પગાર **8-10** લાખ રૂપિયા જેટલો હતો. તેમછતાં તેઓ નોકરી જવાના લીધે આર્થિક તંગીમાં આવી ગયા છે અને સરકાર પાસે મદદની આશા રાખીને બેઠાં છે. કોઈ એકાદ કર્મચારી તો એટલો બધો આર્થિક તંગીમાં આવી ગયો હતો કે આત્મહત્યા સુધી વાત પહોંચી ગઈ. આ વાત પરથી એટલું તો સ્પષ્ટ જ થાય છે કે જો સમયસર અને નિયમિત બચત કરેલી ન હોય તો આકસ્મિક સંજોગોમાં તમારી હાલત બહુ કફોડી થઈ શકે છે.

દર મહિને તમારી જે પણ આવક હોય તેમાંથી ઓછામાં ઓછી 10% રકમને પહેલા જ બચત તરીકે અલગ કાઢી લો અને ત્યારબાદ જ ખર્ચ કરો. જો શક્ય હોય તો ચેપ્ટર 3માં જણાવેલા 50-30-20 ના રુલ પ્રમાણે 20% રકમની બચત કરવી જોઈએ. ચેપ્ટર 4માં આપણે એ પણ સમજ્યા કે ફક્ત બચત કરવી એ જ પૂરતું નથી કારણ કે મોંઘવારી નામની ડાયન તમારા પૈસાની ખરીદશક્તિ ખાતી જાય છે. તેથી તમારે પૈસાની બચત કરીને તેને ઈન્વેસ્ટ કરવા પણ એટલું જ મહત્વનું કામ છે.

આપણી પાસે પૈસાનું રોકાણ કરવા માટે ઘણા બધા વિકલ્પો મોજુદ છે. તે દરેક વિકલ્પને પોત-પોતાનાં પ્લસ-માઈનસ પોઈન્ટ હોય છે. આપણે ક્યા વિકલ્પમાં રોકાણ કરવું એ આપણી જરુરિયાત અને જોખમ લેવાની કેપેસિટી પર નિર્ભર કરે છે. આપણે રોકાણ માટેના વિકલ્પો વિશે જાણીએ અને પૈસાનું રોકાણ કરીએ તે પહેલાં એક વાત બરાબર રીતે સમજી લઈએ. તમારી સામે બે ગાડી પડી છે. એક ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ ઓડી અને બીજી ધીમી ગતિની અલ્ટો **800.** તમારે ક્યાં જાવું છે એ નક્કિ ન હોય તો તમે કઈ ગાડીમાં બેસો છો એ કંઈ મહત્વનું જ નથી. સૌથી પહેલા તમારે ક્યાં જાવું છે એ નક્કિ કરવું જોઈએ. ત્યારબાદ તે જગ્યાએ પહોંચવા માટે તમારી પાસે કેટલો સમય છે, તમે કેટલું ખર્ચ ઉપાડી શકો છો વગેરે બાબતોને આધારે તે જગ્યાએ પહોંચવા માટે ક્યું વાહન વાપરવું એ નક્કિ કરવું જોઈએ. જેમ કે તમારે અમદાવાદથી મુંબઈ જવું હોય તો તમે બસ, કાર, ટ્રેન કે પ્લેન દ્વારા જઈ શકો છો. તમારી પાસે કેટલો સમય છે અને તમે કેટલો ખર્ચ કરીને મુંબઈ જવા માગો છો તેના આધારે તમારે ક્યા વાહન દ્વારા જવું જોઈએ એ નક્કિ થઈ શકે.

ઈન્વેસ્ટમેન્ટ માટે પણ આ જ રીત વાપરવી જોઈએ. તમારે ક્યાં જવું છે એટલે તમે ક્યો ગોલ કે લક્ષ્ય પૂરો કરવા માટે રોકાણ કરવા ઈચ્છો છો એ નક્કિ કરવું પડે. જેમ કે, તમે રિટાયર્મેન્ટનું પ્લાનિંગ કરો છો, તમારા બાળકના લગ્ન માટે પ્લાન કરો છો, વગેરે વગેરે... એકવાર તમારો ગોલ નક્કિ થઈ જાય ત્યારબાદ તેને પૂરો કરવા માટે તમારી પાસે કેટલો સમય છે અને તમે કેટલું રિસ્ક લઈ શકો છો એ નક્કિ કરવું જોઈએ. જેમ કે, તમારી હાલની ઉંમર 25 વર્ષ હોય અને રિટાયરમેન્ટ 60 વર્ષની ઉંમરે લેવું હોય તો તમારી પાસે 35 વર્ષ જેટલો લાંબો સમયગાળો છે. જો તમે તમારી મૂળ રકમ સાથે જોખમ ન લઈ શકો તો તમારે પી.પી.એફ. જેવો સુરક્ષિત વિકલ્પ પસંદ કરવો જોઈએ, પરંતુ જો તમે જોખમ લઈ શકો એમ હોય તો તમારે શેરબજારની વધુ રીટર્ન કમાવી આપવાની શક્તિનો ઉપયોગ કરતાં મ્યુચ્યુલ ફંડ કે ઈન્ડેક્ષ ફંડમાં રોકાણ કરવું જોઈએ.

ચાલો ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે ઉપલબ્ધ જુદા જુદા વિકલ્પો વિશે જાણીએ **:**

(1) બેંક કે પોસ્ટ ઓફિસનું બચતખાતું **:**

- ➢ ઘરે રાખીને ચોરી થવાનો ભય નહિ
- ➢ ફિક્સ વ્યાજરૂપે નિયમિત આવક મળે
- ➢ ગમે ત્યારે અને જેટલી જરૂર હોય તેટલા રૂપિયા પાછા મેળવી શકો; બાકીના જમા રાખી શકો
- ➢ વ્યાજનો દર ખૂબ જ ઓછો (લગભગ 3-4%)
- ➢ રૂપિયા ડૂબવાનું જોખમ (રિસ્ક) નહિ

(2) ફિક્સ ડિપોઝિટ / રિકરિંગ ડિપોઝિટ **:**

- ➢ ઘરે રાખીને ચોરી થવાનો ભય નહિ
- ➢ બચત ખાતાં કરતાં વધુ વ્યાજ મળે (લગભગ 7-8%)
- ➢ મેચ્યોરીટી સમય પહેલાં રૂપિયા કાઢો તો પેનલ્ટી લાગે
- ➢ રૂપિયા ડૂબવાનું રિસ્ક નહિ

(3) સોનું-ચાંદી **:**

- ➢ આખી દુનિયાનું અને કોઈપણ સમયનું સર્વમાન્ય કિંમતી ચલણ
- ➢ લાંબા ગાળે ભાવ વધારા સિવાય ભાડુ કે વ્યાજ જેવી કોઈ રેગ્યુલર આવક ન આપે
- ➢ વર્ષો જુનું રોકાણ કરવાનું સુરક્ષિત માધ્યમ

(4) ઈપીએફ / પીપીએફ **:**

- ➢ ઈન્કમટેક્ષમાં સેક્શન 80 સી હેઠળ 1.5 લાખ સુધી છૂટ મળે
- ➢ બચત ખાતાં કરતાં વધુ વ્યાજ મળે (લગભગ 7-8%)
- ➢ મેચ્યોરીટી સમય ખૂબ જ લાંબો - 15 વર્ષ કે તેથી વધુ
- ➢ મેચ્યોરીટી સમય પહેલાં રૂપિયા કાઢો તો પેનલ્ટી લાગે
- ➢ રૂપિયા ડૂબવાનું રિસ્ક નહિ

(5) પેંશન સ્કિમ **(**એન**.**પી**.**એસ**.** / અટલ પેંશન યોજના**) :**

- ➢ બચત ખાતાં કરતાં વધુ રીટર્ન મળે
- ➢ રૂપિયા ડૂબવાનું રિસ્ક સાવ ઓછું

(6) બોન્ડ્સ / ગવર્નમેન્ટ સિક્યોરિટિઝ **:**

- ➢ બચત ખાતાં કરતાં વધુ રીટર્ન મળે
- ➢ રૂપિયા ડૂબવાનું રિસ્ક સાવ ઓછું

(7) શેરબજાર / મ્યુચ્યુલ ફંડ / ઈન્ડેક્ષ ફંડ **:**

- ➢ બધા વિકલ્પોમાં સોથી વધુ રીટર્ન મળવાની શક્યતા
- ➢ ગમે ત્યારે અને જેટલી જરૂર હોય તેટલા રૂપિયા પાછા મેળવી શકો; બાકીના જમા રાખી શકો
- ➢ રૂપિયા ડૂબી જવાનું રિસ્ક રહે
- ➢ રોકાણ માટે ફક્ત 100 જેટલી સાવ નાનીથી લઈને કરોડો સુધીની રકમ ચાલે



દુનિયાનાં સૌથી સફળ રોકાણકાર અને ત્રીજા નંબરનાં અમીર વ્યક્તિ વોરેન બફેટની વાત માનીએ તો તેમનું કહેવું છે કે બધાં ફળ એક જ ટોપલીમાં રાખશો તો બધા ફળમાં બગાડ થઈ શકે છે , પરંતુ જુદી જુદી ટોપલીમાં રાખેલાં હશે તો બધી ટોપલીનાં બધા ફળમાં એકસાથે બગાડ થવાની શક્યતા સાવ નહિવત છે. તમારાં બધા રૂપિયા કોઈ એક જ વિકલ્પમાં રોકેલા હશે તો નુકસાન થવાનાં ચાન્સ વધુ છે. જ્યારે જુદા જુદા વિકલ્પોમાં થોડાં થોડાં રૂપિયા રોકેલા હશે તો એક બે વિકલ્પોમાં નુકસાન થશે તો પણ બીજા વિકલ્પો તેને કવર કરી લેશે. પરિણામે સાવ નુકસાન થવાનાં ચાન્સ નહિવત રહેશે. ટૂંકમાં, તમારી સગવડ, પરિસ્થિતિ, બચત કરેલી રકમ કેટલી છે અને કેટલાં સમય સુધી રોકવી છે, રોકાણથી કેટલી આવક જોઈએ છે અને કેટલું જોખમ લઈ શકો છો તેનાં આધારે બધા વિકલ્પોમાં અલગ-અલગ રોકાણ કરવું જોઈએ.

રોકાણ કરતાં પહેલાં ટર્મ ઈન્સ્યોરન્સ જરૂરી

મિત્રો, ઈન્સ્યોરન્સ વિશે તો તમે સૌ બરાબર જાણતા જ હશો. ઈન્સ્યોરન્સ એટલે વિમો. આજકાલ દરેક વસ્તુના વિમા થઈ ગયા છે. લાઈફ ઈન્સ્યોરન્સ, હેલ્થ ઈન્સ્યોરન્સ, હોમ ઈન્સ્યોરન્સ, કાર ઈન્સ્યોરન્સ, બાઈક ઈન્સ્યોરન્સ, વગેરે વગેરે. આ બધા ઈન્સ્યોરન્સમાં સૌથી અગત્યનો ટર્મ ઈન્સ્યોરન્સ છે, કારણ કે તે તમારા જીવનને ઈન્સ્યોરન્સ આપતો વિમાનો શુદ્ધ પ્રકાર છે. વિમાનો શુદ્ધ પ્રકાર હોવાથી ટર્મ ઈન્સ્યોરન્સમાં કવરની રકમ પ્રમાણે ભરવું પડતું પ્રિમિયમ ખૂબ જ ઓછું હોય છે. ટર્મ ઈન્સ્યોરન્સ એટલે વિમાના કવરેજ વર્ષો દરમ્યાન તમારું મૃત્યુ થાય તો તમારા પરિવારને (નોમિનીને) કવરની રકમ મળે, પરંતું જો તમે કવરેજના વર્ષો દરમ્યાન જીવિત રહો તો પ્રિમિયમ પાછું મળે નહિ. તેથી જ તો ટર્મ ઈન્સ્યોરન્સમાં આજકાલ **1** કરોડ રૂપિયાનું લાઈફ કવર ફક્ત **500*** રૂપિયા પ્રતિમાસ જેટલાં ઓછા પ્રિમિયમમાં મળે છે.

તમે તમારું પહેલું રોકાણ કરો તે પહેલાં એક ખાસ વાત સમજી લો કે જો તમારો પરિવાર તમારી આવક ઉપર નિર્ભર હોય તો સૌથી પહેલા તમારો પોતાનો ટર્મ ઈન્સ્યોરન્સ કરાવી લેવો જોઈએ. તમે કહેશો કે એમાં શું વિમો કરાવવો હોય, વિમાની શું જરુર છે?



તમારું ઈન્સ્યોરન્સ શા માટે કરાવવું જોઈએ તેનાં કારણો જોઈએ :

- આપણે જીવનમાં કોઈ વસ્તુની જરુર પડે ત્યારે ખરીદતાં હોય છીએ, પરંતું ઈન્સ્યોરન્સ એવી વસ્તુ છે જેને જરુર હોય ત્યારે ખરીદી શકાતી નથી. ઈન્સ્યોરન્સ તો તમારે અગાઉથી જ લેવો પડે છે.
- ફક્ત ભારતમાં જ દર વર્ષે 1.5 લાખ લોકો રોડ એક્સિડન્ટમાં મૃત્યુ પામે છે. ક્યારે શું બની જાય એનું કંઈ નક્કિ નથી. તેથી પોતાના પરિવાર માટે એક બેકઅપ પ્લાન તરીકે ઈન્સ્યોરન્સ જરુર કરાવવું જોઈએ.

ટર્મ ઈન્સ્યોરન્સ કેટલી રકમનો લેવો જોઈએ અને કેટલાં વર્ષો સુધીનો લેવો જોઈએ**?**

- તમારી વાર્ષિક આવકનાં ઓછામાં ઓછા 10થી 15 ગણી રકમનું ઈન્સ્યોરન્સ કવર લેવું જોઈએ. જેમ કે મારી વાર્ષિક આવક 3 લાખ રૂપિયા (25,000 * 12) છે, તો મારે ઓછામાં ઓછું 30 લાખનું કવર લેવું જોઈએ.
- તમે નોકરી કરતાં હોય કે બિઝનેસ, તમારા પરિવારની આર્થિક જવાબદારી કેટલાં વર્ષો સુધી તમારી ઉપર છે? ટૂંકમાં કેટલી ઉંમર બાદ તમે રિટાયર થઈ શકો છો. જેમ કે ઘરની જવાબદારી 50 વર્ષની ઉંમર સુધી હોય તો મારે 50 વર્ષની ઉંમર સુધીનો ટર્મ ઈન્સ્યોરન્સ લેવો જોઈએ.

ચેપ્ટર 7 . પાવર ઓફ કમ્પાઉન્ડિંગ : સાદુ અને ચક્રવૃદ્ધિ વ્યાજ

મિત્રો તમને યાદ હોય તો આપણે ચોથા કે પાંચમા ધોરણમાં વ્યાજ વિશે ભણી ગયા છીએ. વ્યાજ એટલે શું એ તો સૌ કોઈ જાણતા જ હશો. જો ન ખબર હોય તો જણાવી દઉં કે જ્યારે તમે અન્ય કોઈ વ્યક્તિ કે બેંક પાસેથી ઊછીના કે લોન પેટે રૂપિયા ઉધાર લ્યો છો ત્યારે તે પૈસાને પરત કરતી વેળાએ મૂળ રકમની સાથે અમૂક વધારાની નિશ્ચિત રકમ પણ ચૂકવવી પડે છે. આ વધારાની રકમને વ્યાજ કહેવાય છે. વ્યાજ હંમેશા ટકાવારીમાં દર્શાવવામાં આવે છે અને તેની ગણતરી નિશ્ચિત સમય અંતરાલ પર કરવામાં આવે છે. જેમ કે વાર્ષિક 10% વ્યાજદરમાં વ્યાજ દર વર્ષના અંતે ગણાય છે, માસિક 1% વ્યાજદરમાં વ્યાજ દર મહિનાના અંતે ગણાય છે, વગેરે.

વ્યાજના મુખ્ય બે પ્રકાર છે **:**

(1) સાદું વ્યાજ (Simple Inerest) :
જ્યારે વ્યાજની ગણતરીમાં ફક્ત અને ફક્ત મૂળ રકમ જ ધ્યાનમાં લેવામાં આવે ત્યારે તે પ્રકારનાં વ્યાજને સાદું વ્યાજ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, 10,000 રૂપિયા 1% ના સાદાં વ્યાજદરે આપેલાં હોય તો 10 મહિનાનાં અંતે કેટલું વ્યાજ મળે તેની ગણતરી નીચે મુજબ થાય.


મહિનો	કેટલી રકમ પર વ્યાજ ગણાય	વ્યાજ
0	10000	0
1	10000	100
2	10000	100
3	10000	100
4	10000	100
5	10000	100
6	10000	100
7	10000	100
8	10000	100
9	10000	100
10	10000	100
ટોટલ	**1000**	

મતલબ કે સાદા વ્યાજમાં દર મહિનાનાં અંતે ફક્ત અને ફક્ત મૂળ રકમ 10,000 નાં 1% જ ગણવામાં આવે છે અને તેથી જ 10 મહિનાનાં અંતે 10,000 મૂળ રકમ પ્લસ 1,000 રૂપિયા વ્યાજ મળીને કુલ 11,000 રૂપિયા મળશે.

(2) ચક્રવૃદ્ધિ વ્યાજ (Compound Inerest) :
જ્યારે વ્યાજની ગણતરીમાં મૂળ રકમની સાથે અગાઉના સમય અંતરાલમાં મળેલું વ્યાજ પણ

ધ્યાનમાં લેવામાં આવે ત્યારે તે પ્રકારનાં વ્યાજને ચક્રવૃદ્ધિ વ્યાજ કહેવામાં આવે છે. ઉદાહરણ તરીકે, 10,000 રૂપિયા 1% ના ચક્રવૃદ્ધિ વ્યાજદરે આપેલાં હોય તો 10 મહિનાનાં અંતે કેટલું વ્યાજ મળે તેની ગણતરી નીચે મુજબ થાય.

મહિનો	કેટલી રકમ પર વ્યાજ ગણાય	વ્યાજ
0	0	0
1	10000	100
2	10100	101
3	10201	102.01
4	10303.01	103.03
5	10406.04	104.06
6	10510.10	105.10
7	10615.20	106.15
8	10721.35	107.21
9	10828.56	108.28
10	10936.84	109.36
ટોટલ	**1046.20**	



મતલબ કે ચક્રવૃદ્ધિ વ્યાજમાં દર મહિનાનાં અંતે મૂળ રકમ 10,000 અને જે-તે મહિના સુધીમાં મળેલાં કુલ વ્યાજ બંનેનાં 1% ગણવામાં આવે છે. તેથી 10 મહિનાનાં અંતે મૂળ રકમ 10,000 પ્લસ કુલ વ્યાજ 1,046.20 મળીને 11,046.20 રૂપિયા મળે છે. આમ સાદા વ્યાજમાં મળતાં કુલ વ્યાજ 1,000 કરતાં 46.20 રૂપિયા વધારે વ્યાજ મળે છે. તમને વિચાર આવતો હશે કે આમાં શું? ફક્ત 46 રૂપિયા જેટલો ફરક પડ્યો. હકિકતમાં આટલો નાનો ફરક પણ લાંબા ગાળે ઘણો તફાવત પેદા કરે છે.

ચક્રવૃદ્ધિ વ્યાજની જે રીતે ગણતરી થાય છે તે પ્રકારની ગણતરી અન્ય ઘણી બધી જગ્યાએ ઉપયોગમાં આવે છે. આ પ્રકારની ગણતરીને ચક્રવૃદ્ધિ વધારો (કંપાઉન્ડિંગ ગ્રોથ) કહેવામાં આવે છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન કહેતાં કે ચક્રવૃદ્ધિ વધારો (કંપાઉન્ડિંગ ગ્રોથ) દુનિયાની આઠમી અજાયબી છે. જે લોકો તેને સમજે છે તેઓ કમાય છે અને જે લોકો તેને નથી સમજતાં તેઓ ગૂમાવે છે.


કંપાઉન્ડિંગ ગ્રોથનાં કેટલાંક ઉદાહરણ જોઈએ :



(1) તમે નાના હતા ત્યારે એક વાર્તા સાંભળી હશે. એક કવિ હતો. તે રાજાના દરબારમાં ગયો અને રાજાનાં વખાણ કરીને કવિતા સંભળાવવા લાગ્યો. રાજા પોતાની પ્રશંસા સાંભળીને ખૂબ જ રાજી થયો. રાજાએ કવિને જોઈએ તે માગવા માટે કહ્યું. આ સાંભળીને કવિએ કહ્યું કે મને ચેસના બોર્ડ પર પહેલા ખાનામાં 1, બીજા ખાનામાં 2, ત્રીજા ખાનામાં 4, ચોથા ખાનામાં 8,.... એમ દરેક ખાનામાં આગળના ખાના કરતાં ડબલ ચોખાનાં દાણા ગણીને આપો. આ સાંભળીને રાજાએ કહ્યું કે આ શું માગ્યું? મોંઘા અને કિંમતી ઝવેરાત માગી લે. કવિએ પોતાની માગણી પ્રમાણે ચોખાના દાણા જ આપવાનું કહ્યું. રાજાએ પોતાના પ્રધાનને કવિની માગણી પૂરી કરવા કહ્યું. પહેલા ખાનામાં 1, બીજામાં 2, ત્રીજામાં 4 એમ કરતાં 16માં ખાનામાં 32,768, 32માં ખાનામાં 2,14,74,83,648 દાણા મુકવા પડે. આટલા ચોખાના દાણા તો રાજાના આખા ભંડારમાં પણ ન હતાં. હજુ તો ચેસના અડધા ખાના જ પૂરા કર્યા હતા. આ જ રીતે આગળ વધીએ તો 64 મા ખાનામાં અધધધ 92,23,37,20,36,85,47,80,000 (9.22 X 10^{18}) દાણા મૂકવા પડે. 2015માં આખી દુનિયામાં પેદા થયેલાં ચોખાનાં 10 ગણા જેટલી આ રકમ છે. આ પરથી અંદાજો લગાવી લ્યો કે કવિએ રાજા પાસેથી કેવડી મોટી વસ્તુ માંગી લીધી હતી.

અહિંયા દરેક ખાનામાં સંખ્યા બમણી થાય છે એટલે કે ચક્રવૃદ્ધિ વધારાનો દર દરેક ખાને **100%** છે.

(2) કલ્પના કરો કે તમારે ચંદ્ર પર જવું છે અને તેના માટે તમે ધરતીથી ચંદ્ર સુધી સીડી બનાવો છો. સીડીનું દરેક પગથિયું 1 ફૂટનું છે. તમે દરરોજ આગળના દિવસે બનાવેલા પગથિયા કરતાં બમણાં પગથિયા બનાવો છો. પહેલા દિવસે 1, બીજા દિવસે 2, ત્રીજા દિવસે 4 એમ દરરોજ ડબલ પગથિયા બનાવો તો ચંદ્ર પર પહોંચવા માટે કેટલો સમય લાગશે? એક વર્ષ, દસ વર્ષ કે સો વર્ષ? ફક્ત એક મહિનામાં (31 દિવસ) 6.5 લાખ કિલોમીટર અંતર કાપીને તમે ચંદ્રથી પણ આગળ વધી ગયા હશો. જો તમે 15 મા દિવસે આગળ વધવાનું બંધ કરી દો તો તમે ફક્ત 10 કિલોમીટરનું જ અંતર કાપ્યું હશે. છે ને અજાયબી ભરેલું?
અહિંયા દરેક દિવસે સંખ્યા બમણી થાય છે એટલે કે ચક્રવૃદ્ધિ વધારાનો દર દરરોજ **100%** છે.



(3) તમને એમ કહેવામાં આવે કે તમારી પાસે બે વિકલ્પ છે અને તેમાંથી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો છે. પહેલો વિકલ્પ તમને 30 દિવસ સુધી દરરોજ 1 લાખ રૂપિયા મળશે. બીજો વિકલ્પમાં તમને ફક્ત 10 પૈસા જ મળશે, પરંતુ તે દરરોજ ડબલ થતાં જશે. તમે ક્યો વિકલ્પ પસંદ કરશો? બેશક પહેલી સેકન્ડે તો દરેક વ્યક્તિ દરરોજના 1 લાખ રૂપિયા જ પસંદ કરશે, કારણ કે 30 દિવસના અંતે કુલ 30 લાખ રૂપિયા મળશે. જરાક વિચારો તો ખ્યાલ આવશે કે દરરોજ ડબલ થતાં 10 પૈસા (10 પૈસા, 20 પૈસા, 40 પૈસા, 80 પૈસા, 1.6 રૂપિયા,.....) 30 દિવસ બાદ 5.4 કરોડ રૂપિયા બની જાય છે. બસ આ જ છે કંપાઉન્ડિંગનો જાદુ. અહિંયા ખાસ ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે 25 મા દિવસે આ 10 પૈસા ફક્ત 16 લાખ રૂપિયા બન્યા હોય છે અને ત્યાર પછીના ફક્ત 5 દિવસમાં

જ 5.4 કરોડ રૂપિયા બની જાય છે. છે ને વિચિત્ર ઘટના?
અહિંયા **10** પૈસા દરરોજ ડબલ થાય છે એટલે કે ચક્રવૃદ્ધિ વધારાનો દર રોજનો **100% છે.**
(4) રવિને ત્યાં બાળકનો જન્મ થાય છે ત્યારે તે નક્કિ કરે છે કે બાળકનાં ભવિષ્ય માટે કંઈક કરવું જોઈએ. તેથી તે 21,000 રૂપિયા સેન્સેક્ષ ઈન્ડેક્ષ ફંડમાં રોકી દે છે. જ્યારે બાળક 30 વર્ષનું થઈ જાય છે ત્યારે રવિ તેના બાળકને બિઝનેસ કરવામાં ઉપયોગી થવા માટે તેણે રોકેલાં પૈસા ઉપાડી લે છે. આ સમય દરમ્યાન રવિને 15%નો CAGR (ચક્રવૃદ્ધિ) લાભ મળે છે. જેના કારણે તેના 21,000ની રકમ 12 લાખ રૂપિયા બની ગઈ હોય છે. છે ને જાદુ?

હવે તો માની ગયા ને કે કંપાઉન્ડિંગનો પાવર કેવો છે. કંપાઉન્ડિંગના પાવરને જાણ્યા બાદ તેને ક્યા ક્યા પરિબળ અસર કરે છે તે સમજી લઈએ. તે માટે તેનું ગાણિતિક સૂત્ર સમજવું પડશે. ગણિતના સૂત્રનું સાંભળીને ગભરાઈ જતાં નહિ. આ ફક્ત સમજવા માટે છે. તેને યાદ કરવાની કશી જ જરુર નથી. હા, સમજવું ખૂબ જ જરુરી છે.

ચક્રવૃદ્ધિ વધારો ગણવા માટેનું ગાણિતિક સૂત્ર નીચે મુજબનું છે :

$$F = P[1 + (\frac{R}{100})]^T$$


આ સૂત્રમાં
F એટલે ચક્રવૃદ્ધિ વધારાના અંતમાં મળતી કુલ રકમ,
T એટલે કેટલાં અંતરાલ માટે ચક્રવૃદ્ધિ વધારો લાગુ પડે છે એટલે કે સમય,
R એટલે ચક્રવૃદ્ધિ વધારાનો દર,
P એટલે મૂળ રકમ
જો તમને ગણિતના નિયમોની થોડીઘણી ખબર હોય તો તમે એટલું કહી શકો કે F (અંતમાં મળતી કુલ રકમ) પર P, R અને T એમ કુલ ત્રણ પરિબળ અસર કરે છે, કારણ કે સૂત્રમાં આ ત્રણ પરિબળ જ છે. એ વાત ચોક્કસ સમજવા જેવી છે કે ક્યું પરિબળ કેટલી અસર કરે છે.

ચાલો ઉદાહરણ લઈને સમજીએ કે ક્યું પરિબળ કેટલી અસર કરશે :

(1) P માં ફેરફાર કરવાથી **F** માં થતી અસર **:**
માની લ્યો કે રામે 5,000 રૂપિયાનું 15% ના CAGR લાભ આપતી મ્યુચ્યુલ ફંડ સ્કિમમાં 25 વર્ષ માટે રોકાણ કર્યું છે. 25 વર્ષ બાદ તેનું રોકાણ 2 લાખ રૂપિયા બની જશે.
શ્યામે પણ 15% CAGR લાભ આપતી તે જ મ્યુચ્યુલ ફંડ સ્કિમમાં 10,000 રૂપિયાને 25 વર્ષ માટે રોક્યા છે. 25 વર્ષ બાદ તેનું રોકાણ 4 લાખ રૂપિયા બની જશે.
આ પરથી એ નક્કિ થાય છે કે જો રીટર્નની ટકાવારી અને સમય બદલતાં ન હોય તો P (મૂળ રકમ) માં થતો વધારો F (અંતમાં મળતી કુલ રકમ) માં પણ તે જ ગુણાકમાં વધારો કરશે. સરળ શબ્દોમાં કહું તો P ને ડબલ કરવાથી F પણ ડબલ થશે, P ને પાંચ ગણું કરવાથી F પણ પાંચ ગણું થશે અને P ને અડધું કરવાથી F પણ અડધું થઈ જશે.

(2) R માં ફેરફાર કરવાથી **F** માં થતી અસર **:**

રામે મ્યુચ્યુલ ફંડની બે સ્કિમમાં 25 વર્ષ માટે 10 - 10 હજાર રોકાણ કરેલું છે. 25 વર્ષનાં અંતે સ્કિમ A માં 15% CAGR રીટર્ન મળે છે અને સ્કિમ B માં 16% CAGR રીટર્ન મળે છે. સ્કિમ A માં 25 વર્ષનાં અંતે મળતી કુલ રકમ 4 લાખ 15 હજાર રૂપિયા મળશે, જ્યારે સ્કિમ B માં 25 વર્ષનાં અંતે મળતી કુલ રકમ 5 લાખ 30 હજાર રૂપિયા મળશે. પહેલી સ્કિમમાં મૂળ રકમ 41.5 ગણી થાય છે, જ્યારે બીજી સ્કિમમાં તે 53 ગણી થઈ છે. આમ R માં ફક્ત 1% જેટલો ફરક હોવાં છતાં કુલ 1 લાખ 15 હજાર જેટલો તફાવત આવી જાય છે, જે મૂળ રકમ 10000 ના 11.5 ગણો છે.
આ જ ઉદાહરણમાં 10,000 રૂપિયાને 25 વર્ષનાં બદલે ફક્ત 5 વર્ષ માટે રોકેલાં હોય તો પહેલી સ્કિમમાં 21,000 રૂપિયા મળશે, જ્યારે બીજી સ્કિમમાં 22,000 રૂપિયા મળશે.
ટૂંકમાં લાંબા સમયગાળા માટે જોઈએ તો R માં 1% જેટલો નાનો ફરક પણ ઘણો બધો તફાવત પેદા કરે છે.



(3) T માં ફેરફાર કરવાથી F માં થતી અસર :

જય અને વીરુ પાકા મિત્રો હતાં.
બંનેની ઉંમર 18 વર્ષ હતી, ત્યારે જય દર મહિને ફક્ત 500 રૂપિયા જેટલી નાની રકમને મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવાનું શરુ કરે છે અને 7 વર્ષ સુધી એટલે કે 25 વર્ષની ઉંમર સુધી ચાલુ રાખે છે. આ 7 વર્ષ દરમ્યાન તેણે કરેલું રોકાણ 42,000 રૂપિયા છે. ત્યારબાદ તે રોકાણ કરવાનું બંધ કરીને તે રકમને ત્યારપછીના 35 વર્ષ એટલે કે પોતાની 60 વર્ષની ઉંમર સુધી રહેવા દે છે. આ રોકાણ પર જયને મળનારું રીટર્ન 15% હોય તો 60 વર્ષની ઉંમરે મળતી કુલ રકમ 1 કરોડ 37 લાખ રૂપિયા હશે.
બીજી તરફ વીરુ પહેલા 7 વર્ષ એટલે કે 25 વર્ષની ઉંમર સુધી કશું જ રોકાણ કરતો નથી. તે પોતાની 25 વર્ષની ઉંમર થયા બાદ દર મહિને 500 રૂપિયાનું રોકાણ કરવાનું શરુ કરે છે અને 35 વર્ષ સુધી એટલે કે તેની ઉંમર 60 વર્ષ થઈ ત્યાં સુધી ચાલું રાખે છે. આ 35 વર્ષ દરમ્યાન વીરુએ કરેલું કુલ રોકાણ 2,10,000 રૂપિયા છે, જે જયનાં 42,000 નાં રોકાણ કરતાં પૂરાં 5 ગણું છે. વીરુને તેના રોકાણ પર મળનારું રીટર્ન 15% હોય તો 60 વર્ષની ઉંમરે મળતી કુલ રકમ 74 લાખ રૂપિયા હશે.
ટૂંકમાં, જય 7 વર્ષ દરમ્યાન 42,000 રૂપિયા રોકે છે અને વીરુ 35 વર્ષ દરમ્યાન 2,10,000

રૂપિયાનું રોકાણ કરે છે; તેમ છતાં ફક્ત 7 વર્ષ મોડું રોકાણ શરુ કરવાનાં લીધે વીરુને 63 લાખ રૂપિયા ઓછા મળે છે. છે ને ખરેખર આઠમી અજાયબી.....

ચક્રવૃદ્ધિ વધારાનાં અંતમાં મળતી કુલ રકમ F પર અસર કરતાં ત્રણેય પરિબળોમાં સૌથી વધારે અસર ચક્રવૃદ્ધિ વધારો થવાં માટે મળનારાં સમય T થી થાય છે. મતલબ કે તમે જેટલો વધારે સમય રોકાણ કરશો તેટલો વધારે ફાયદો થશે.

બેબીલોનનો સૌથી અમીર વ્યક્તિ

સેંકડો વર્ષો જુની વાત છે. બેબીલોન શહેરમાં આર્કાદ નામનો એક અમીર માણસ રહેતો હતો. તે એટલો બધો અમીર હતો કે ગમે તેટલા પૈસા ખર્ચ કરે તેમ છતાં તેની સંપત્તિમાં વધારો જ થતો રહેતો હતો અને એ પણ કોઈ કામ કર્યા વગર. આ જોઈને આર્કાદનાં નાનપણના મિત્રો તેને મળવા આવ્યા. તેઓએ આર્કાદને પૂછ્યું કે, આર્કાદ એકસમયે આપણે સૌ એકસમાન જ હતાં, પરંતું આજે તું કેટલો અમીર બની ગયો છે અને અમે ત્યાં ને ત્યાં જ છીએ. આવું કેમ? તારા અમીર બનવા પાછળનું કારણ શું છે?

આર્કાદે જવાબ આપતાં કહ્યું, મિત્રો એકસમયે હું પણ તમારી જેમ તનતોડ મહેનત કરતો અને તેમ છતાં જીવન જરુરી આવક જ થતી હતી. મને પણ થતું કે આવું કેમ? મારી યુવાનીના સમયની વાત છે. ત્યારે હું પત્થર પર સંદેશા લખવાનું કામ કરતો હતો. એકવાર એલ્કેમિસ નામનો અમીર માણસ મારી પાસે પત્થર પર સંદેશો લખાવવા માટે આવ્યો. તેણે મને બધું કામ એક દિવસમાં પતાવી દેશે તો બદલામાં મને બે સિક્કા વધારે આપશે એવું કહ્યું. હું ખૂબ જ મહેનતથી સંદેશા લખવા લાગ્યો, પરંતું બીજા દિવસે એલ્કેમિસ આવ્યો ત્યારે કામ પૂરું થયું ન હતું. તેથી એલ્કેમિસ ખૂબ જ ગુસ્સે થયા અને મને ઝડપથી કામ પૂરું કરવાનું કહ્યું. જ્યારે કામ પૂરું થઈ ગયું ત્યારે મેં હિંમત ભેગી કરીને એલ્કેમિસને કહ્યું કે મારે આ કામની રોજગારી નથી જોઈતી, પરંતું તેના બદલામાં મને એ જણાવો કે તમે આટલા બધાં અમીર કેવી રીતે બન્યા. એલ્કેમિસે હસીને કહ્યું, તારી હિંમત જોઈને ખૂબ જ ખુશ થયો છું એટલે મારા અમીર બનવાનું રહસ્ય તને જણાવું છું.



એક સમયે હું પણ તારી જેમ જ રોજનું કમાઈને રોજ ખાતો હતો. એકદિવસે ખૂબ મનોમંથન કરીને મનોમન નિર્ણય કર્યો કે આજથી હું દર મહિને મારી જાતને મારી કમાણીના ઓછામાં ઓછા 20% રકમ ચૂકવીશ. ત્યારથી દર મહિને મેં આવકની 20% રકમ બચત કરવાની શરુ કરી દીધી. બસ આ એક જ બાબતે મને ગરીબમાંથી અમીર બનાવી દીધો. તારે અમીર બનવું હોય તો આજથી જ તું પણ તારી જાતને આવકનાં 20% રકમ આપવા લાગ. આ બચત કરેલી રકમને પણ કામે લગાવીને તેના દ્વારા કમાણી કર અને તે કમાણીને કામે લગાડીને તેનાથી પણ આવક થવી જોઈએ. પહેલી વાર તારી આવકનો 20% હિસ્સો પોતાની જાતને આપવાની શરુઆત કરવી એટલે પૈસાનું ઝાડ વાવ્યા બરાબર છે અને દર મહિને 20% રકમને ઉમેર્યા કરવી એટલે ઝાડને ખાતર-પાણી આપવું. તે વાવેલા ઝાડનું બરાબર જતન કરીશ તો એક દિવસ તે ઝાડ તને મીઠાં ફળ આપશે અને તું પણ અમીર બની જઈશ. યાદ રાખજે કે અમીર બનવાનું આ રહસ્ય જણાવીને હું તને તારી મહેનતથી અનેકગણું આપી રહ્યો છું.

તે દિવસથી જ મેં સૌથી પહેલાં પોતાની જાતને 20% આપવાનું શરુ કર્યું અને બાકી બચેલા પૈસામાંથી મારું જીવન ચલાવવા લાગ્યો. મારા આશ્ચર્યની વચ્ચે માત્ર થોડીઘણી કરકસર કરવાથી જીવન બરાબર રીતે ચાલવા લાગ્યું. એકાદ વર્ષ આમને આમ ચાલ્યા કર્યું. એક દિવસ અચાનક એલ્કેમિસ મારી પાસે આવ્યા ને મને કહ્યું કે તારી બચત કેવી છે? મેં કહ્યું કે તે બરાબર રીતે ચાલી રહી છે અને મેં કરેલી બચત મારા એક મિત્રને આપી છે. તે વિદેશ સસ્તા ભાવે ઝવેરાતો ખરીદવા ગયો છે. તે ઝવેરાતો અમે બેબીલોનમાં ઊંચા ભાવે વેચીને નફો કરીશું. એલ્કેમિસે મને પૂછ્યું, શું તારો મિત્ર ઝવેરાતનો જ ધંધો કરે છે? મેં કહ્યું કે ના, એ તો કડિયા કામ કરે છે. આ સાંભળીને એલ્કેમિસ એકદમ ગુસ્સે થઈ ગયા, પરંતુ પછી શાંત થઈને મને કહ્યું કે આ તે શું કર્યું? એક કડિયા કામ કરનારને તે ઝવેરાત ખરીદવાનું કામ કેવી રીતે આપી દીધું? તને બિમારી થઈ હોય તો તું ડોક્ટરની સલાહ લઈશ અને તેવી જ રીતે તારે ઝવેરાતનો ધંધો કરવો હોય તો તારે ઝવેરીની સલાહ લેવી જોઈએ. એક કડિયાને ઝવેરાતમાં શું ખબર પડે. તારો મિત્ર બેવકૂફ બનીને આવશે અને તારી બચત


કરેલી રકમ ખોટમાં જશે. જે થયું હોય તે. હવે તું ફરીથી બચત કરવા લાગ અને આ વખતે ધ્યાન રાખજે.



થોડાક દિવસો બાદ મારો મિત્ર પાછો આવ્યો ત્યારે ખરેખર એલ્કેમિસે કહેલું તેવું જ બન્યું. મારો મિત્ર છેતરાઈને નકલી ઝવેરાતો લઈ આવ્યો હતો. મેં ફરીથી બચત કરવાનું શરુ કર્યું. એકાદ વર્ષ બાદ ફરીથી એલ્કેમિસ આવ્યાં અને મને બધું પૂછ્યું. મે કહ્યું, આ વખતે મેં કરેલી બચતમાંથી કાચું લોખંડ ખરીદી લીધું હતું અને તે મેં એક લુહારને આપી દીધું હતું. બદલામાં અમુક સમય બાદ તે લુહાર મને તેની કમાણીનો હિસ્સો આપે છે. આ સાંભળીને એલ્કેમિસ ખુશ થયા અને મને પૂછ્યું કે તે પૈસાનું શું કર્યું? મે કહ્યું કે તેનાથી મેં સારા કપડા અને અન્ય ચીજો ખરીદી. એલ્કેમિસે કહ્યું કે ઝાડ ફળ આપે તે પહેલાં જ તારા ઝાડને કાપવા લાગ્યો છે. તારી બચત દ્વારા થતી કમાણી, તે કમાણી દ્વારા થતી કમાણી અને તેની પણ કમાણીને કામે લગાવ્યા રાખ. એકસમય એવો આવશે કે તારે કંઈપણ કામ કરવું નહિ પડે અને તેમછતાં તારો બધો ખર્ચ તે વાવેલા બચત નામના ઝાડમાંથી ફળરુપે મળ્યા કરશે. તારું ઝાડ પણ મોટું થયા કરશે અને તને ફળ પણ આપ્યા કરશે. બસ તે દિવસથી મેં પાછું વળીને નથી જોયું. એલ્કેમિસના બતાવેલા રસ્તા પર ચાલીને હું આજે એટલો અમીર બની ગયો છું કે મારે કંઈપણ કામ કરવાની જરુર નથી.

આર્કાદ અને એલ્કેમિસની કહાની પરથી આપણે સૌએ ત્રણ વાતો શીખવાની છે :

(1) તમારી આવકમાંથી પહેલું કામ પોતાની જાતને 20% રકમ આપવાનું કરો. શરુઆતમાં 20% શક્ય ન હોય તો 10% થી પણ શરુઆત કરો.



(2) તમારી બચતને રોકાણ કરતા પહેલાં તમારા સગા વ્હાલા કે મિત્રોની નહિ, પરંતુ એવી વ્યક્તિની સલાહ લેવી જોઈએ જેને એ બાબતનું સારું જ્ઞાન અને અનુભવ હોય.

(3) તમારી બચત દ્વારા થયેલી કમાણી, તે કમાણીની કમાણી અને તેની કમાણીને પણ કામે લગાવ્યા કરો. એક સમય એવો આવશે કે તમે ખર્ચ કરો તેમ છતાં તમારી મૂળ રકમમાં કંઈ ફેર નહિ પડે.

ચેપ્ટર 8 . સીધા શેરને બદલે મ્યુચ્યુલ ફંડ કેમ?

ઉપરના ચેપ્ટરમાં જણાવેલી બેબીલોનના અમીર વ્યક્તિની કહાની વાંચીને તમે પણ જરુરથી અમીર બનવા માટે પોતાની જાતને આવકની 20% રકમ ચૂકવશો એવી આશા રાખું છું.

હું એવું માની લઉં છું કે તમે આ જ મહિનેથી 20% આવકને તમારી જાત માટે બચાવવાની શરુઆત કરી દીધી છે. આર્કાદની ભાષામાં કહીએ તો તમારું પૈસાનું ઝાડ વાવી દીધું છે. જો તમને યાદ હોય તો અગાઉ એક ચેપ્ટરમાં આપણે ઈમરજન્સી ફંડ વિશે વાત કરી હતી. સૌથી પહેલાં તમારું ઈમરજન્સી ફંડ કેટલું હોવું જોઈએ એ ગણતરી કરો. (તમારી 6 મહિનાની આવક જેટલું તો હોવું જ જોઈએ.) ત્યારબાદ દર મહિને પોતાની જાત માટે બચત કરતાં 20% રકમથી ઈમરજન્સી ફંડ જેટલી રકમ એકઠી કરો. જો તમારા હાથ ઉપર આ રકમ એકઠી ન થતી હોય તો દર મહિને બેંકનાં બચત ખાતામાં જમા કરાવતા જાઓ. એકવાર આ રકમ એકઠી થઈ જાય એટલે તેને બેંકના બચત ખાતામાં જમા કરાવી દો અને તે પૈસાને ખૂબ જ જરુરી કે ઈમરજન્સી કામ સિવાય વાપરવા નહિ. આ ઈમરજન્સી ફંડ બનાવવું એટલે તમારા પૈસાના ઝાડને ફરતે વાડની સુરક્ષા પૂરી પાડવી. જેથી કરીને આકસ્મિક સંજોગોમાં તમારું પૈસાનું ઝાડ કૂપોષણનો શિકાર ન બને અને સૂકાઈ ન જાય.



ઈમરજન્સી ફંડ તૈયાર થઈ જાય ત્યારબાદ પોતાની જાત માટેનાં 20% પૈસા દ્વારા બે કામ કરવાનાં છે. પહેલું તમારી વાર્ષિક આવકની 10 થી 20 ગણી રકમનું કવર ધરાવતું ટર્મ ઈન્સ્યોરન્સ લેવાનું અને બીજું બાકી રહેલાં રૂપિયાને કામે લગાડી વધારે રૂપિયા કમાવવાં. ટર્મ ઈન્સ્યોરન્સ લેવાનું જરુરી એટલા માટે છે કેમ કે ન કરે નારાયણ અને પૈસાનાં ઝાડની દેખભાળ કરનાર માળી એટલે કે તમારું આકસ્મિક મૃત્યુ થઈ થઈ જાય તો એવા સંજોગોમાં તમારા ઝાડનો વિકાસ અટકી જશે. જેના પરિણામ સ્વરુપ ઝાડ પર ફળ નહિ આવે અને તમારા પરિવારને તેનો લાભ નહિ મળે. તદ્ઉપરાંત તમારી ગેરહાજરીમાં તમારા પરિવારને પૈસાની કમાણી પણ કોણ કરી આપશે? એટલા માટે જ તો દર મહિને 500* રૂપિયા જેવડી નાની રકમ દ્વારા ખૂબ જ મોટું કવર આપતાં ટર્મ ઈન્સ્યોરન્સ લેવાં ખૂબ જ જરુરી છે.

આ બે કામ પૂરાં કર્યા બાદ દર મહિને 20% રકમમાંથી બાકી બચતાં પૈસાનું રોકાણ કરવું જોઈએ. જેમ કે જો મારી દર મહિનાની આવક 20,000 રૂપિયા હોય તો દર મહિને મારે 4,000 રૂપિયા પોતાની જાત માટે અલગ રાખવા જોઈએ. સૌથી પહેલાં તમારે ઈમરજન્સી ફંડ 20,000 X 6 = 1,20,000 ભેગું કરવાનું રહેશે. (હું તો એમ કહું છું કે 50-30-20 ના નિયમ મુજબ તમારે 20+30 = 50% રકમને ઈમરજન્સી ફંડ ભેગું કરવા માટે વાપરવી જોઈએ, જેથી કરીને ઝડપ થાય.) ત્યારબાદ દર મહિને 4,000 માંથી લગભગ 500 રૂપિયા જેટલું ટર્મ ઈન્સ્યોરન્સનું પ્રિમિયમ ભર્યા બાદ બાકીના પૈસાનું રોકાણ કરવું જોઈએ.

બચત કરેલાં પૈસાનું રોકાણ કરવું ખૂબ જ જરુરી છે, કારણ કે મોંઘવારીના લીધે બચત કરેલાં પૈસાની વેલ્યુ ઘટે છે અને રોકાણ કરવાથી કામ કર્યા વગર વધારાની આવક થાય છે. આપણે અગાઉ એક ચેપ્ટરમાં રોકાણ કરવા માટેનાં જુદાં જુદાં વિકલ્પો વિશે જાણકારી મેળવી હતી. કોણે ક્યા વિકલ્પમાં રોકાણ કરવું એ તો દરેક વ્યક્તિ પ્રમાણે બદલાતું રહે છે. આના વિશે આપણે મારી યુટ્યુબ ચેનલમાં વિગતવાર ચર્ચા કરીશું.

એટલું કહી શકું કે તમારાં 3 વર્ષ પહેલાં પૂરા કરવાનાં હોય તેવા ગોલ માટેનાં પૈસા લિક્વિડ મ્યુચ્યુલ ફંડ અથવા ટૂંકા ગાળાની (21 દિવસ થી લઈને 6 મહિનાની) ફિક્સ ડિપોઝિટમાં રોકવા જોઈએ.

તમારાં 3 વર્ષથી વધારે સમય પછી આવતાં આર્થિક ગોલ માટે બચત કરેલાં રૂપિયાને મ્યુચ્યુલ ફંડમાં રોકવા જોઈએ. મ્યુચ્યુલ ફંડ વિશે વિગતવાર માહિતી આવનારા ચેપ્ટરમાં જોશું. અત્યારે ફક્ત એ જોઈ લઈએ કે મ્યુચ્યુલ ફંડ એટલે શું અને તે ડાયરેક્ટ શેર કરતાં વધુ સારો વિકલ્પ કેમ છે?

મ્યુચ્યુલ ફંડ એટલે શું એ જાણતા પહેલાં શેર એટલે શું અને શેરબજાર એટલે શું એ સમજવું ખૂબ જ જરુરી છે.

ચાલો એક ઉદાહરણ લઈને સમજીએ.
રામદાસ પોતાનો નવો ધંધો શરુ કરવા ઈચ્છે છે. તેના માટે તેને પૈસાની જરુર છે. રામદાસ પાસે થોડીઘણી બચત કરેલી છે, પણ તેનાથી ધંધો ચાલુ થાય તેમ નથી. વધારે પૈસા માટે રામદાસ તેના મિત્રો કે સગા-સંબંધીને પોતાના ધંધામાં રોકાણ કરવા સમજાવે છે અને બદલામાં તેના ધંધામાં અમુક ટકા હિસ્સેદારી આપે છે. મતલબ કે રામદાસનાં મિત્રો પૈસાનું રોકાણ કરીને બદલામાં ધંધાનાં પાર્ટનર બની જાય છે અને ભવિષ્યમાં ધંધા દ્વારા થતાં નફામાંથી પણ હિસ્સો મેળવે છે. આમ પ્રાઈવેટ પાર્ટનરશીપ આપીને ફંડ ભેગું કરવું એ પહેલો ઉપાય છે. રામદાસનો ધંધો સારો ચાલવા લાગે છે. અમુક સમય બાદ રામદાસને પોતાનો ધંધો વધારવા માટે વધારે પૈસાની જરુર પડે છે. તેથી તે બેંક પાસે જઈને લોન લે છે અને બદલામાં અમુક સમય બાદ વ્યાજ સહિત પૂરી રકમ ચૂકવી દેવાની ગેરંટી આપે છે. આમ બેંક પાસેથી લોન લેવી એ ફંડ ભેગું કરવાનો બીજો ઉપાય છે. ત્યારબાદ રામદાસ પોતાના ધંધાને આખા દેશ લેવલે ફેલાવવા માગે છે અને તે માટે તેને ખૂબ વધારે પૈસાની જરુર પડે છે. કોઈ પ્રાઈવેટ પાર્ટનર એટલી મોટી રકમ આપી શકે તેમ નથી. બેંક પાસેથી એટલી મોટી લોન મળી શકે તેમ નથી અથવા રામદાસ લોન લેવા તૈયાર નથી, કારણ કે ધંધાને ફેલાવવાનો નિર્ણય ખોટો પડે અને ધંધામાં ખોટ આવે તો રામદાસને બધી લોન વ્યાજ સહિત ચૂકવવી પડે. તેથી રામદાસ પોતાની કંપનીમાં રોકાણ કરવા માટે પબ્લિક પાસે જવાનો નિર્ણય કરે છે. રામદાસ પોતાની કંપનીની હિસ્સેદારીનાં લાખો કે કરોડો નાનાં-નાનાં ભાગ કરે છે અને સામાન્ય પબ્લિકને તે નાનાં-નાનાં ભાગ ખરીદવાં માટે ઓફર કરે છે. આ નાનાં ભાગને શેર કહેવામાં આવે છે અને સામાન્ય પબ્લિકને આ હિસ્સા ખરીદવા માટેની ઓફરને **IPO (Initial Public Offering)** કહેવામાં આવે છે. મારા અને તમારા જેવાં સામાન્ય લોકો રામદાસની કંપનીનાં શેર ખરીદીને બદલામાં કંપનીમાં નાની હિસ્સેદારી મેળવી લે છે તથા રામદાસને પોતાની કંપની મોટી કરવા માટે પૈસા મળી જાય છે. આમ કંપનીનાં શેર બહાર પાડીને પબ્લિક પાસેથી ફંડ ભેગું કરવું એ ત્રીજો ઉપાય છે.
કોઈપણ કંપની એકવાર પોતાના શેર પબ્લિકને ઓફર કરે ત્યારબાદ પબ્લિકમાંથી કોઈ પોતાના ભાગનાં શેર (કંપનીની નાની હિસ્સેદારી) વેચીને પોતાનાં પૈસા પાછાં મેળવવાં માગતાં હોય અથવા કોઈ નવી વ્યકિને તે કંપનીનાં શેર ખરીદી તેમાં હિસ્સેદારી મેળવવી હોય તો શું કરવું? આ માટે શેરબજાર હોય છે. જે રીતે શાક-માર્કેટમાં શાકભાજીની લે-વેચ થાય છે, તે રીતે શેરબજારમાં જુદી જુદી કંપનીનાં શેરની લે-વેચ થાય છે.

ભારતમાં હાલનાં સમયે લગભગ 4,000થી પણ વધારે કંપની શેરબજારમાં લિસ્ટ થયેલી છે, મતલબ કે તે બધી કંપનીઓએ પોતાના ફેલાવા માટે કંપનીની ભાગીદારીનાં શેર બહાર પાડીને પબ્લિક પાસેથી ફંડ ભેગું કરેલું છે. કોઈ વ્યક્તિ પોતાનાં બચત કરેલાં પૈસા દ્વારા આમાંથી કોઈ કંપનીનાં શેર

ખરીદી તે કંપનીમાં પોતાની હિસ્સેદારી ખરીદે તો બદલામાં જે-તે કંપનીમાં આંશિક પાર્ટનર બની જાય છે. કંપનીને નફો થાય તો તે વ્યક્તિને પણ પોતાનાં શેર ઉપર નફાનો અમુક હિસ્સો મળે છે. આમ કોઈપણ વ્યક્તિ કોઈપણ કંપનીનાં શેર ખરીદીને જે-તે કંપનીનાં નફા-ખોટમાં હિસ્સેદારી મેળવી શકે છે. કોઈ કંપનીનાં શેરમાં પૈસાનું રોકાણ કરીને તેનાં દ્વારા પૈસા કમાવા એ કંઈ સહેલી વાત નથી. ફક્ત ભારતમાં જ 4,000 થી પણ વધારે કંપનીનાં શેર ઉપલબ્ધ છે અને તેમાંથી કઈ કંપની નફો કરશે કે ખોટ એ નક્કિ કરવું ખૂબ જ અઘરું અને મહેનતનું કામ છે. બરાબર સમજ્યા વિના પૈસાનું રોકાણ કરવાથી પૈસા ડૂબી જવાની પણ શક્યતા રહેલી છે.



શેરબજારમાં ખોટ થવાનાં મુખ્ય બે કારણો છે. (1) લોકો શેરબજારમાં ટ્રેડીંગ કરે છે. એટલે કે કોઈ કંપનીના શેરને લઈને એક દિવસથી એક-બે મહિનો રાખીને વેચી દે છે. આટલાં ટૂંકા સમયમાં શેરનો ભાવ ધાર્યા મુજબ ચાલતો નથી. માટે ટ્રેડીંગને બદલે લાંબા ગાળા માટે રોકાણ કરો. (2) લોકો કંપની વિશે પૂરેપૂરી તપાસ-એનાલિસિસ કર્યા વિના રોકાણ કરી દે છે અને પછી કંપની દેવાળું કાઢે ત્યારે તેમનાં રૂપિયા ડૂબી જાય છે.

બીજી બાજુ, 1979માં 100 પોઈન્ટથી સેન્સેક્સ ચાલુ થયો હતો. આજે 40,000 પોઈન્ટની આસપાસ છે. મતલબ કે **40** વર્ષનાં સમયમાં **400** ગણો થયો છે**.** માટે જ તો કહેવાય છે કે સૌથી વધુ રિટર્ન મળવાની શક્યતા ફક્ત અને ફક્ત શેરબજારમાં જ છે.



હવે સવાલ એ છે કે શેરબજારમાં રોકાણ કરીને રૂપિયાને કામે લગાડવાં છે, પરંતુ જે-તે કંપની વિશે એનાલિસિસ કરવાની આવડત કે સમય નથી અને વધારે પડતું રિસ્ક પણ નથી લેવું. આવા લોકો માટે કોઈ વિકલ્પ ખરો? વિકલ્પ તો એકમાત્ર શેરબજાર જ છે, પરંતુ તેમાં રોકાણ કરવાની રીત જુદી છે. ચાલો એક ઉદાહરણથી સમજીએ. માની લો કે બે આંબાનાં ઝાડ છે. એક ઉપર ફક્ત 10 કેરી છે, જ્યારે બીજા ઉપર 1,000 કેરી છે. (કિસ્સો - 1) તમને એમ કહેવામાં આવે કે પત્થરનો ઘા કરીને કેરી પાડવાની છે. તો ક્યા આંબામાં ઘા કરવાથી કેરી પડવાની શક્યતા વધારે છે? બિલકુલ સાચુ. 1,000 કેરીવાળા આંબામાંથી કેરી પડવાની વધુ શક્યતા છે. (કિસ્સો - 2) તમારી સાથે એક એવો વ્યક્તિ છે જે પત્થરનો ઘા કરીને કેરી પાડવાનો જાણકાર છે તથા અનુભવી પણ છે. હવે ઘા કરીને કેરી પાડવાની હોય તો કોણ વધારે કેરી પાડી શકશે? બરાબર કહ્યું. પેલી જાણકાર અને અનુભવી વ્યક્તિ વધારે કેરી પાડશે. આ જ સિદ્ધાંતનો ઉપયોગ કરીને શેરબજારમાં રોકાણ કરવા માટેની એક રીત છે : મ્યુચ્યુલ ફંડ.

માની લ્યો કે એક મ્યુચ્યુલ ફંડ કંપની છે, જે મ્યુચ્યુલ ફંડની સ્કિમ ચલાવે છે. મારા અને તમારા જેવા લાખો લોકો હશે જેમને શેરબજારમાં રોકાણ કરવું છે, પરંતુ તેટલો અનુભવ અને જ્ઞાન નથી. આવા લાખો લોકો દર મહિને 500 જેવડી નાની રકમ તે મ્યુચ્યુલ ફંડ કંપનીને રોકાણ કરવા માટે આપે છે. આમ તે કંપની પાસે બહુ મોટું ફંડ એકઠું થઈ જાય છે. મ્યુચ્યુલ ફંડ કંપની પાસે આ પૈસાનું શેરબજારમાં રોકાણ કરવા માટે શેરબજારમાં વર્ષોનો અનુભવ અને જ્ઞાન ધરાવતાં ફંડ મેનેજર તથા તેની પૂરી ટીમ હોય છે. તેથી મેં કે તમે રોકેલાં પૈસાનું રોકાણ અનુભવી ફંડ મેનેજર જુદી જુદી કંપનીનાં શેરમાં કરે છે. બાદમાં જે-તે કંપનીનાં શેરના ભાવમાં જે રીતે વધારો ઘટાડો થાય છે, તે રીતે મેં અને તમે રોકેલાં પૈસાની કિંમતમાં પણ વધારો-ઘટાડો થાય છે. લાંબા સમય માટે રોકાણ કરીએ તો મ્યુચ્યુલ ફંડ હંમેશા પોઝિટિવ રીટર્ન જ આપે છે; એટલે કે તમારા પૈસાની કિંમતમાં વધારો જ થાય છે. આમ, હું અને તમે શેરબજારનું જ્ઞાન ન હોવા છતાં મ્યુચ્યુલ ફંડ દ્વારા શેરબજારમાં ઈન-ડાયરેક્ટ રોકાણ કરીને તેનો લાભ લઈ શકીએ છીએ.

મારા-તમારા જેવા સામાન્ય લોકો માટે પૈસાનું રોકાણ કરવા માટે શેરબજારમાંથી કંપનીઓનાં સીધા શેર ખરીદવાં કરતાં મ્યુચ્યુલ ફંડ કેવી રીતે વધારે યોગ્ય અને ફાયદાકારક છે તે જોઈએ :

➢ શેરબજારનું જરા પણ જ્ઞાન ન હોય, રોજે રોજ જે-તે કંપનીના ભાવ જોવાનો સમય ન હોય, કંપનીનું એનાલિસિસ કરવાનો અનુભવ ન હોય ત્યારે વર્ષોનો અનુભવ ધરાવતાં ફંડ મેનેજર અને તેની રીસર્ચ ટીમનાં જ્ઞાનનો ઉપયોગ કરીને રોકાણ કરવા મળે.

➢ મ્યુચ્યુલ ફંડ બે-પાંચ નહિ પણ વધારે કંપનીઓના શેરમાં રોકાણ કરે છે. જેથી અમુક કંપનીના શેરમાં નુકસાન થાય તો બીજી કંપનીના શેરમાં થયેલા લાભથી નુકસાન ભરપાઈ થઈ જાય અને મુદ્દલને ડૂબવાની શક્યતા ઘટી જાય. આમ ડાઈવર્સિફિકેશનનો લાભ મળે છે.

➢ ડિમેટ અને ટ્રેડિંગ અકાઉન્ટની ફી, બ્રોકરેજ ફી વગેરે જુદી જુદી ફી દેવાનાં બદલે ફક્ત ફંડના એક્સ્પેન્સ રેશિયો તરીકે એક જ ફી દેવાની રહે છે.

➢ મ્યુચ્યુલ ફંડ ફક્ત શેરબજાર(ઈક્વિટિ)માં જ નહિ, પરંતુ સુરક્ષિત ગણાતાં ડેટ માર્કેટમાં પણ રોકાણ કરે છે. તેથી તમારી જરૂરિયાત મુજબ ફક્ત શેરબજાર, ફક્ત ડેટ માર્કેટ કે બંનેના મિશ્રણ ધરાવતી બેલેન્સ્ડ સ્કીમ ઉપલબ્ધ કરાવે છે.



➢ એમ આર એફના શેરની કિંમત લગભગ 75,000 રૂપિયા છે. મારે તેનો શેર લેવો હોય તો ઓછામાં ઓછા 75,000 રૂપિયાનું રોકાણ કરવું જ પડશે, કારણ કે શેરબજારમાં ઓછામાં ઓછો એક શેર તો ખરીદવો જ પડે. જ્યારે મ્યુચુલ ફંડમાં ફક્ત 500 રૂપિયા જેટલું નાનું રોકાણ કરીને પણ એમ આર એફનાં શેરનો આંશિક હિસ્સો ખરીદી શકો છો. હા, એ વાત ચોક્કસ છે કે તેમાં તમે નહિ પણ તમારો ફંડ મેનેજર નક્કિ કરશે કે કઈ કંપનીનાં શેર ખરીદવા છે અને વેચવા છે.

➢ તમારી જરૂરિયાત મુજબ જાયન્ટ કંપની, મિડિયમ સાઈઝ કંપની કે નાની કંપનીઓનાં શેરમાં રોકાણ કરીને યોગ્ય પ્રમાણમાં રિસ્ક તથા રિટર્નનું બેલેન્સ કરી શકો છો.

➢ એકવાર માટે એકસાથે મોટી રકમનું (Lump sum) રોકાણ કરી શકો છો તેમજ દર મહિને 500 જેટલી નાની રકમની SIP પણ કરી શકો છો. એટલે બોનસ આવ્યું હોય ત્યારે મોટી રકમનું રોકાણ કરી શકો અને દર મહિને આવતી સેલેરીમાંથી 500/1000 જેવી નાની રકમની SIP (Systematic Investment Plan) ચાલુ રાખી શકો.

આ બધા કારણો પરથી એટલું સમજી ગયા હશો કે મારા-તમારા જેવા રોકાણકારો માટે બધા વિકલ્પોમાં શેરબજાર સૌથી વધુ રીટર્ન આપી શકે તેમ છે અને તેમાં સીધું રોકાણ નહિ કરતાં મ્યુચ્યુલ ફંડ દ્વારા જ રોકાણ કરવું જોઈએ.

ટૂંકમાં, અમીર બનવું છે તો મ્યુચ્યુલ ફંડની મદદ લેવી ફરજીયાત છે.........

મ્યુચ્યુલ ફંડ અને ડાયરેક્ટ શેર વચ્ચેનો રસ્તો : સ્મોલકેસ


જે લોકો પાસે કંપનીઓ વિશે એનાલિસિસ કરવાનો સમય અને અનુભવ ન હોય તેવા લોકો માટે શેરબજારમાં રોકાણ કરવા માટે મ્યુચ્યુલ ફંડ ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે, પરંતું અમુક કારણો એવા છે કે જેના લીધે ઘણા લોકો મ્યુચ્યુલ ફંડનાં બદલે સીધા શેરમાં રોકાણ કરવા માટે લલચાય જાય છે. આવા લોકો માટે મ્યુચ્યુલ ફંડ અને ડાયરેક્ટ શેર વચ્ચેનો એક વધુ સારો વિકલ્પ ઉપલબ્ધ છે : સ્મોલકેસ.

smallcase.com નામની વેબસાઈટ પર તમને આ સુવિધા મળે છે.

ચાલો જોઈએ કે, મ્યુચ્યુલ ફંડ અને સ્મોલકેસમાં શું તફાવત છે :

- ➢ મ્યુચ્યુલ ફંડમાં ફંડ મેનેજર દ્વારા જુદી જુદી અનેક કંપનીઓનાં શેરમાં રોકાણ કરવામાં આવે છે. મોટેભાગે દરેક મ્યુચ્યુલ ફંડમાં 30-40 થી વધારે કંપનીઓનાં શેર હોય જ છે. તેથી ડાઈવર્સિફિકેશનના લીધે નુકસાન થવાનું રિસ્ક ઘટી જાય છે, પરંતું સાથોસાથ વધારે રીટર્ન મળવાની શક્યતા પણ ઘટી જાય છે. અમુક કંપનીઓ વધારે સારું રીટર્ન આપે તો તેની સામે અમુક કંપની નુકસાન આપશે. તેથી તમારું રીટર્ન મિડિયમ રહે છે અને નુકસાન થવાની સંભાવનાઓ ઘટી જાય છે. જ્યારે સ્મોલકેસમાં મોટેભાગે 10-12 કંપનીઓનાં શેરમાં જ રોકાણ કરવામાં આવે છે. તેથી તમારું રોકાણ બહુ જ ફોકસ્ડ રહે છે અને વધુ રીટર્ન (અને રિસ્ક પણ) મળવાની શક્યતા વધી જાય છે.
- ➢ આ ઉપરાંત, મ્યુચ્યુલ ફંડમાં જે-તે કંપનીઓનાં સીધા શેર આપવામાં આવતાં નથી.તેનાં બદલે તમને જે-તે મ્યુચ્યુલ ફંડનાં યુનિટ આપવામાં આવે છે. તેથી તમારી માલિકી તે મ્યુચ્યુલ ફંડનાં યુનિટની હોય છે, જે-તે કંપનીનાં શેરની નહિ. જ્યારે સ્મોલકેસમાં તમને જે-તે કંપનીનાં શેર જ તમારા ડિમેટ અકાઉન્ટમાં આપવામાં આવે છે. તેથી તે શેર પર તમારો સંપૂર્ણ કંટ્રોલ રહે છે.
- ➢ મ્યુચ્યુલ ફંડમાં અમુક સ્કિમમાં (ELSS સ્કિમમાં) લોક-ઈન પિરિયડ હોય છે, એટલે કે લોક-ઈન પિરિયડ પહેલાં તમે તમારાં પૈસા કાઢી શકો નહિ. સ્મોલકેસમાં કોઈપણ પ્રકારનો લોક-ઈન પિરિયડ હોતો નથી. તમે જ્યારે ઈચ્છો ત્યારે રૂપિયા કાઢી શકો છો.
- ➢ મોટાભાગની દરેક ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ સ્કિમમાં એક વર્ષ પહેલાં પૈસા કાઢી લ્યો તો EXIT LOAD લાગે છે, જે 1% ની આજુબાજુ હોય છે. મતલબ કે એક વર્ષ પહેલાં રૂપિયા કાઢો તો 1% પેનલ્ટી લાગે છે. સ્મોલકેસમાં કોઈ EXIT LOAD હોતો નથી.
- ➢ મ્યુચ્યુલમાં આપણા પૈસાને મેનેજ કરવા માટે ફંડ મેનેજર અને તેની ટીમ હોય છે. તેથી તેની ફી 1-2.5% સુધીની હોય છે. જે તમને દરેક વખતે રોકાણ કરો ત્યારે લાગુ પડશે, તેમજ ગમે તેટલી મોટી રકમ રોકો તો પણ તે બધા પર 1-2.5% લાગુ પડશે. જ્યારે સ્મોલકેસમાં ફંડ મેનેજર અને તેની ટીમની જરુર હોતી નથી. એકવાર સ્મોલકેસ બની જાય એટલે દર ત્રણ મહિને તેમાં ફેરફાર કરવામાં આવે છે. તેથી સ્મોલકેસમાં તમે 5 હજારનું રોકાણ કરો કે 5 લાખનું રોકાણ કરો, તમારે ફક્ત 100 રૂપિયાની ફિક્સ ફી આપવી પડે છે.

આમ સ્મોલકેસ એક પ્રકારે મ્યુચ્યુલ ફંડની જેમ અમુક કંપનીઓનાં શેરનું કોમ્બિનેશન જ છે, પરંતુ અહિં તમારા ડિમેટ અકાઉન્ટમાં જ જે-તે કંપનીઓનાં શેર આપવામાં આવે છે. તેથી તમે ડાયરેક્ટ શેરમાં રોકાણ કરો છો. (આ જ કારણે તમારે જે-તે કંપનીનો ઓછામાં ઓછો એક શેર તો ખરીદવો જ પડે છે, જેના લીધે તમારે ઓછામાં ઓછું રોકાણ કરવાની રકમ પણ વધારે હોય છે.)



તદ્ઉપરાંત આ કંપનીઓ તમારે જાતે નક્કિ કરવાની જરુર નથી. સ્મોલકેસ.કોમ પર 60થી પણ વધારે જુદા જુદા સ્મોલકેસ ઉપલબ્ધ છે.

સ્મોલકેસને જુદી જુદી **4** કેટેગરીમાં વહેંચવામાં આવેલાં છે **:**

(1) થીમેટીક **:** આ કેટેગરીમાં આવતાં સ્મોલકેસને કોઈ ચોક્કસ થીમના આધારે બનાવેલાં હોય છે. જેમ કે, Electric Mobility. આવનારાં ભવિષ્યમાં ઈલેક્ટ્રિક વાહનોનો ઘણો સ્કોપ રહેવાનો છે, જેના લીધે આ ફિલ્ડમાં કામ કરતી કંપનીઓને તેનો ફાયદો થશે. આવી કંપનીઓને સિલેક્ટ કરીને આ સ્મોલકેસ બનાવવામાં આવ્યો છે.

(2) મોડેલ બેઝ્ડ **:** આ કેટેગરીમાં ઈન્વેસ્ટિંગનાં અમુક મોડેલનાં આધારે સ્મોલકેસ બનાવવામાં આવ્યા હોય છે. જેમ કે, Growth & Income using Kevin Matra's investment criterion. આ સ્મોલકેસમાં Kevin Matra નાં સિદ્ધાંતોનો ઉપયોગ કરીને કંપનીઓ સિલેક્ટ કરવામાં આવે છે.

(3) સેક્ટર ટ્રેકર **:** આ કેટેગરીમાં સેક્ટર પ્રમાણેની કંપનીઓ સિલેક્ટ કરીને સ્મોલકેસ બનાવવામાં આવે છે. જેમ કે, IT Tracker માં IT સેક્ટરની કંપનીઓ જ પસંદ કરવામાં આવે છે.

(4) સ્માર્ટ-બિટા **:** આ કેટેગરીમાં ઓછું રિસ્ક ધરાવતી અને ઓછી વોલેટાઈલ હોય તેવી લાર્જ કેપ (બહુ મોટી) કંપનીઓનાં શેર પસંદ કરવામાં આવે છે. જેમ કે, Low Risk - Smart Beta.

અનુભવ અને એનાલિસિસ કર્યા વિના ડાયરેક્ટ શેરમાં રોકાણ કરવું એનાથી તો ખૂબ જ એનાલિસિસ કરીને એક્સપર્ટ દ્વારા બનાવેલાં સ્મોલકેસમાં રોકાણ કરવું વધુ યોગ્ય છે.

ચેપ્ટર 9. મ્યુચ્યુલ ફંડ સ્કીમની કેટેગરી : ઈક્વિટી, ડેટ અને હાઈબ્રીડ

દોસ્તો, મ્યુચ્યુલ ફંડ એ ફિક્સ ડિપોઝિટ, શેરબજાર કે રિયલ એસ્ટેટની જેમ રોકાણ કરવા માટેનો વિકલ્પ નથી, પરંતુ રોકાણ માટેનાં જુદા જુદા વિકલ્પોમાં રોકાણ કરવા માટેની એક રીત છે.


મ્યુચ્યુલ ફંડ કયા વિકલ્પોમાં રોકાણ કરે છે તેના આધારે તેની ત્રણ કેટેગરી પાડવામાં આવે છે :
(1) ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ **(Equity Mutual Fund) :** જે મ્યુચ્યુલ ફંડ મોટાભાગનું રોકાણ શેરબજારની જુદી જુદી કંપનીઓનાં શેરમાં એટલે કે ઈક્વિટીમાં જ કરે છે, તેને ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ કહેવામાં આવે છે. આ પ્રકારનાં મ્યુચ્યુલ ફંડ શેરબજાર સાથે સંકળાયેલા હોવાથી રિસ્ક રહે છે અને રિટર્ન ફિક્સ હોતું નથી.

(2) ડેટ મ્યુચ્યુલ ફંડ **(Debt Mutual Fund) :** જે મ્યુચ્યુલ ફંડ મોટાભાગનું રોકાણ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ જેવાં કે ફિક્સ ડિપોઝિટ, બોન્ડ્સ, કમર્સિયલ પેપર્સ, ગવર્નમેન્ટ સિક્યોરિટિઝ, સોનું, વગેરે વગેરે માં જ કરે છે, તેને ડેટ મ્યુચ્યુલ ફંડ કહેવામાં આવે છે. આ પ્રકારનાં મ્યુચ્યુલ ફંડ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરતાં હોવાથી રિસ્ક સાવ ઓછું રહે છે અને રિટર્ન પણ અમુક હદ્દ નિશ્ચિત હોય છે.

(3) હાઈબ્રિડ મ્યુચ્યુલ ફંડ **(Hybrid Mutual Fund) :** જે મ્યુચ્યુલ ફંડ શેરબજાર અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ બંનેમાં રોકાણ કરે છે, તેને હાઈબ્રિડ મ્યુચ્યુલ ફંડ કહેવામાં આવે છે. આ પ્રકારનાં મ્યુચ્યુલ ફંડ શેરબજારની રિટર્ન મેળવી આપવાની તથા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટની ઓછા રિસ્કની સંભાવનાઓનો લાભ આપે છે.

ઈક્વિટી મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી

સેબી દ્વારા રોકાણકારોને અનુકૂળ રહે તે રીતે માર્કેટ કેપિટલાઈઝેશનના આધારે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી પાડવામાં આવી છે. આ બધી કેટેગરી જાણતા પહેલાં માર્કેટ કેપિટલાઈઝેશન એટલે શું એ જાણી લઈએ. કોઈ કંપનીની શેરબજારમાં જેટલી કિંમત ગણવામાં આવી રહી હોય તેને તે કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહું તો જે-તે કંપનીને પૂરેપૂરી ખરીદવા માટે તેના માર્કેટ કેપિટલાઈઝેશન જેટલી કિંમત ચૂકવવી પડે.
કોઈ કંપનીના કુલ શેરની સંખ્યાને તે કંપનીના શેરની હાલની કિંમત વડે ગુણવાથી તે કંપનીની માર્કેટ કેપ ગણી શકાય છે. જેમ કે, કોઈ કંપનીનાં કુલ શેરની સંખ્યા 1 કરોડ હોય અને શેરબજારમાં તેનાં એક શેરની કિંમત 10 રૂપિયા હોય તો તે કંપનીનું માર્કેટ કેપ 1,00,00,000 X 10 = 10,00,00,000 રૂપિયા થાય. (સાદી ભાષામાં કહીએ તો તે કંપનીને પૂરેપૂરી ખરીદવા - તે કંપનીના બધા શેર ખરીદવા માટે 10 કરોડ રૂપિયા ચૂકવવા પડે.)



Mutual Funds
Recategorization & Reclassified
Equity
Debt
Hybrid
Solution Oriented
Others
Large Caps
Large & Mid Caps
Mid Caps
Small Caps
Multi Caps
Dividend Yield
Value/Contra
Focused
Sectoral/Thematic
ELSS
Overnight Funds
Liquid Funds
Ultra-Short Duration
Low Duration
Money Market
Short Duration
Medium Duration
Meditum to Long Duration
Long Duration
Dynamic Bond
Corporate Bond
Credit Risk Fund
Banking & PSU
Gilt
Gilt with 10-year constant
Floater
Conservative
Balanced
Aggressive
Dynaic Asset Allocation
Multi-Asset
Arbitrage
Equity Savings
Retirement
Children
Index Funds
Sectoral Funds
Fund-of-Funds
ETFs

માર્કેટ કેપ એટલે શું એ સમજાઈ ગયું હોય તો તેના આધારે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડના પ્રકાર જોઈએ :

(1) લાર્જ કેપ મ્યુચ્યુલ ફંડ **(Large-cap MF) :** શેરબજારમાં લગભગ 4 હજારથી પણ વધારે કંપનીઓ લિસ્ટ થયેલી છે. તે કંપનીઓને માર્કેટ કેપનાં આધારે ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો પહેલી **100 (1 થી 100)** કંપનીઓને લાર્જ કેપ કંપનીઓ કહેવામાં આવે છે**.** આ 100 કંપનીઓમાં દેશની સૌથી મોટી કંપનીઓ હોય છે. જેમ કે, Reliance, TCS, HDFC, HDFC Bank, SBI, Tata Motors, Maruti Suzuki, HUL, ITC વગેરે વગેરે. સેબી દ્વારા આપેલી ગાઈડલાઈન પ્રમાણે લાર્જ કેપ ફંડમાં **80%** કે તેથી વધુ રકમ લાર્જ કેપ કંપનીઓમાં રોકવામાં આવે છે**.** તેથી ઈક્વિટી ફંડની બીજી કેટેગરીની સરખામણીમાં લાર્જ કેપ ફંડ ઓછું રિસ્ક ધરાવે છે અને સ્ટેબલ પરફોર્મન્સ આપે છે.

(2) મિડ કેપ મ્યુચ્યુલ ફંડ **(Mid-cap MF) :** માર્કેટ કેપના આધારે લાર્જ કેપ કંપનીઓ **(1-100)** પછીની **150** કંપનીઓને **(101 થી 250)** મિડ કેપ કંપનીઓ કહેવામાં આવે છે**.** આ કંપનીઓમાં ભવિષ્યમાં લાર્જ કેપ કંપની બનવાની સંભાવનાઓ રહેલી હોય છે. તેથી આવી કંપનીઓ લાર્જ કેપ કંપની કરતાં વધુ રીટર્ન આપી શકે છે. મિડ કેપ ફંડમાં **65%** કે તેથી વધુ રકમ મિડ કેપ કંપનીઓમાં રોકવામાં આવે છે**.** મિડ કેપ ફંડ લાર્જ કેપની સરખામણીમાં વધુ રીટર્ન આપી શકે છે તેની સાથે જ વધુ રિસ્ક પણ લઈને આવે છે.

(3) સ્મોલ કેપ મ્યુચ્યુલ ફંડ **(Small-cap MF) :** માર્કેટ કેપના આધારે લાર્જ કેપ **(1-100)** અને મિડ કેપ **(101-250)** કંપનીઓ પછીની **(250+)** બધી જ કંપનીઓને સ્મોલ કેપ કંપની કહેવામાં આવે છે**.** આવી કંપનીઓ ખૂબ જ નાની હોય છે. તેથી તેઓ ખૂબ જ ઝડપથી વિકાસ કરી શકે છે અને તેઓ દેવાળું પણ એટલી જ ઝડપથી કરી શકે છે. સેબીના નિયમ અનુસાર સ્મોલ કેપ ફંડમાં **65%** કે તેથી વધુ રકમ સ્મોલ કેપ કંપનીઓમાં રોકવામાં આવે છે**.** આવા ફંડ લાર્જ કેપ તથા મિડ કેપ ફંડની સરખામણીમાં વધુ રીટર્ન આપી શકે છે અને વધુ રિસ્ક ધરાવે છે.

(4) લાર્જ એન્ડ મિડ કેપ મ્યુચ્યુલ ફંડ **(Large & Mid cap MF) :** સેબીના નિયમ મુજબ લાર્જ એન્ડ મિડ કેપ ફંડમાં ઓછામાં ઓછા **35%** રકમ લાર્જ કેપ કંપનીઓમાં તથા **35%** રકમ મિડ કેપ કંપનીઓમાં રોકવામાં આવે છે**.** આ ફંડ લાર્જ કેપ કંપનીઓ દ્વારા સ્ટેબલ પરફોર્મન્સ અને મિડ કેપ કંપનીઓ દ્વારા વધુ રિટર્નનો લાભ મેળવી શકે છે. રિસ્ક પ્રમાણે આ ફંડ લાર્જ કેપ અને મિડ કેપની વચ્ચેનો ગણી શકાય.

(5) મલ્ટિ કેપ મ્યુચ્યુલ ફંડ **(Multi-cap MF) :** મલ્ટિ કેપ ફંડમાં ફંડ મેનેજર કોઈ પણ કંપનીમાં **(**લાર્જ-મિડ-સ્મોલ**)** પોતાની મરજી મુજબનું રોકાણ કરી શકે છે**.** આ પ્રકારના ફંડને **65%** કે તેથી વધુ રકમ ઈક્વિટીમાં જ રોકાણ કરવી પડે છે**.** તેથી આવા ફંડ દરેક પ્રકારની કંપનીઓમાં રોકાણ કરીને દરેક કેટેગરીની વિશેષતાઓનો લાભ મેળવી શકે છે.

(6) વેલ્યુ ઓરિએન્ટેડ મ્યુચ્યુલ ફંડ **(Value Oriented MF) :** આ પ્રકારનાં ફંડમાં ફંડ મેનેજર વેલ્યુ ઈન્વેસ્ટિંગના સિદ્ધાંતને અનુસરે છે**.** ફંડામેન્ટલી સ્ટ્રોંગ હોય (બિઝનેસ સારો હોય) પરંતું

વર્તમાન સમયમાં કોઈ કારણસર તેના શેરની કિંમતમાં ઘટાડો થયો હોય તેવી કંપનીઓમાં રોકાણ કરવાની સ્ટ્રેટેજીને વેલ્યુ ઈન્વેસ્ટિંગ કહે છે. આ ફંડમાં ફંડ મેનેજર વેલ્યુ ઈન્વેસ્ટિંગનાં આધારે કોઈ પણ કંપનીમાં (લાર્જ-મિડ-સ્મોલ) પોતાની મરજી મુજબ રોકાણ કરી શકે છે. આ પ્રકારના ફંડને 65% કે તેથી વધુ રકમ ઈક્વિટીમાં જ રોકાણ કરવી પડે છે. તેથી આ પ્રકારનાં ફંડ પણ મલ્ટિ કેપ ફંડ જ હોય છે.

(7) કોન્ટ્રા મ્યુચ્યુલ ફંડ **(Contra MF) :** આ પ્રકારના ફંડમાં ફંડ મેનેજર કોન્ટ્રારિયન સિદ્ધાંતને અનુસરે છે**.** ફંડામેન્ટલી સ્ટ્રોંગ હોય (બિઝનેસ સારો હોય) પરંતુ વર્તમાન સમયમાં તે કંપની વિશે મોટા ભાગના લોકોનો રિવ્યુ નેગેટિવ હોય ત્યારે તેવી કંપનીમાં રોકાણ કરવાની સ્ટ્રેટેજીને કોન્ટ્રારિયન સ્ટ્રેટેજી કહેવામાં આવે છે. આવી કંપનીઓ બીજી કંપનીઓની સરખામણીમાં સસ્તા ભાવે મળી જાય છે અને બાદમાં માર્કેટનો રિવ્યુ પોઝિટીવ થાય ત્યારે ઘણો નફો થાય છે. આ ફંડમાં ફંડ મેનેજર કોન્ટ્રા ઈન્વેસ્ટિંગનાં આધારે કોઈ પણ કંપનીમાં (લાર્જ-મિડ-સ્મોલ) પોતાની મરજી મુજબ રોકાણ કરી શકે છે. આ પ્રકારના ફંડને 65% કે તેથી વધુ રકમ ઈક્વિટીમાં જ રોકાણ કરવી પડે છે. તેથી આ પ્રકારનાં ફંડ પણ મલ્ટિ કેપ ફંડ જ હોય છે.

(8) ડિવિડન્ડ યિલ્ડ મ્યુચ્યુલ ફંડ **(Dividend Yield MF) :** આ પ્રકારના ફંડમાં **65%** કે તેથી વધુ રકમ ઈક્વિટીમાં ખાસ કરીને વધારે ડિવિડન્ડ યિલ્ડ ધરાવતા શેરમાં રોકવા પડે છે**.**

(9) ફોકસ્ડ મ્યુચ્યુલ ફંડ **(Focused MF) :** આ પ્રકારના ફંડને 65% કે તેથી વધુ રકમનું રોકાણ ઈક્વિટીમાં જ કરવું પડે છે તેમજ તેઓ વધારેમાં વધારે **30** કંપનીનાં શેરમાં જ રોકાણ કરી શકે છે**.** આવા ફંડ પોતાની સ્ટ્રેટેજી પ્રમાણે કોઈ એક પ્રકારની (લાર્જ કેપ, મિડ કેપ, સ્મોલ કેપ કે મલ્ટિ કેપ) કંપનીઓમાં જ વધુ પડતું રોકાણ કરતાં હોય છે.

(10) ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કિમ મ્યુચ્યુલ ફંડ **(ELSS - Equity Linked Saving Scheme MF) :** આ પ્રકારના ફંડમાં રોકાણ કરવાથી **80C** કલમ અનુસાર ઈન્કમ ટેક્ષમાંથી **1.5** લાખ રૂપિયા સુધીનો છૂટ મળે છે**.** આ પ્રકારના ફંડમાં 3 વર્ષનો લોક-ઈન પિરિયડ હોય છે એટલે કે તમે આજે રોકાણ કરો તો ઓછામાં ઓછા 3 વર્ષ સુધી રૂપિયા કાઢી ન શકો. આ ફંડ પણ મલ્ટિ કેપ ફંડની જેમ કોઈ પણ કંપનીમાં રોકાણ કરી શકે છે. આ ફંડ 80% કે તેથી વધુ રકમ ઈક્વિટીમાં જ રોકે છે. આ ફંડ PPFની જેમ ટેક્ષ બચત કરવા માટે ઉપયોગી થાય છે.

(11) સેક્ટર મ્યુચ્યુલ ફંડ **(Sector MF) :** આ પ્રકારનાં ફંડમાં **80%** કે તેથી વધુ રકમ કોઈ એક જ સેક્ટરની કંપનીઓનાં શેરમાં રોકવામાં આવે છે**.** જેમ કે, ફાર્મા ફંડ, આઈટી ફંડ, બેંકિંગ ફંડ, વગેરે. આ પ્રકારના ફંડ એક જ સેક્ટરની કંપનીઓમાં રોકાણ કરતા હોવાથી તે સેક્ટર સારું પરફોર્મ કરે તો વધુ રીટર્ન આપી શકે છે અને જો ખરાબ પરફોર્મ કરે તો ખોટ પણ આપી શકે છે. તેથી આવા ફંડ ખૂબ જ રિસ્ક ધરાવે છે.

(12) થિમેટિક મ્યુચ્યુલ ફંડ **(Thematic MF) :** આ પ્રકારના ફંડ **80%** કે તેથી વધુ રકમને કોઈ ચોક્કસ થીમના આધારે કંપનીઓ પસંદ કરીને તેમાં રોકે છે**.** જેમ કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર થીમમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર (બાંધકામ) માટે જરુરી ચીજ વસ્તુઓ બનાવતી કંપનીઓ જેવી કે સિમેન્ટ, પેઈન્ટ,

લોખંડ વગેરેમાં રોકાણ કરવામાં આવે છે. આ પ્રકારના ફંડ સેક્ટર ફંડની સરખામણીમાં થોડાક વધુ ડાઈવર્સિફાય હોય છે પરંતુ આવા ફંડ પણ ખૂબ જ રિસ્ક ધરાવે છે.

(13) ઈન્ટરનેશનલ મ્યુચ્યુલ ફંડ **(International MF) :** સેબીની ગાઈડલાઈન પ્રમાણે આ પ્રકારનાં મ્યુચ્યુલ ફંડ **65%** કે તેથી વધુ રકમ વિદેશી કંપનીઓ (ભારતનાં સ્ટોક એક્ષચેન્જમાં લિસ્ટેડ ન હોય તેવી) જેવી કે એપલ, ગુગલ, ફેસબુક, ઉબર, વગેરેમાં રોકાણ કરે છે. આ ફંડ દ્વારા તમે વિદેશી કંપનીઓમાં પણ રોકાણ કરી શકો છો.

ડેટ મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી

જે રીતે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ શેરબજારની કંપનીઓમાં રોકાણ કરે છે તે જ રીતે ડેટ મ્યુચ્યુલ ફંડ જુદા જુદા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ જેવા કે એફ.ડી., બોન્ડ્સ, ગવર્નમેન્ટ સિક્યોરિટિઝ વગેરેમાં રોકાણ કરે છે. તેથી ડેટ મ્યુચ્યુલ ફંડ દ્વારા રોકવામાં આવતાં પૈસાની મેચ્યોરિટીના સમય તથા ડેટ ઈન્સ્ટ્રુમેન્ટના પ્રકાર પ્રમાણે તેના પ્રકાર પાડવામાં આવે છે.
મેચ્યોરિટી એટલે શું? આપણે કહેતા હોઈએ છીએ કે 21 દિવસની એફ. ડી. કરાવી કે 5 વર્ષની એફ. ડી. માં પૈસા મૂક્યા. આ 21 દિવસ કે 5 વર્ષના સમય પછી જ તમે તમારા રૂપિયા પાછા મેળવી શકો છો. તે સમય માટે તમે રૂપિયા ઉછીના આપ્યા ગણાય. આ સમયગાળાને મેચ્યોરિટી સમય કહેવાય.

ચાલો ડેટ મ્યુચ્યુલ ફંડનાં પ્રકાર જોઈએ :

(1) ઓવરનાઈટ ફંડ **(Overnight MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવી ઓવરનાઈટ સિક્યોરિટિઝમાં જ રોકાણ કરી શકે છે જેમનો મેચ્યોરિટી સમય ફક્ત **1** દિવસ નો જ હોય.

(2) લિક્વિડ ફંડ **(Liquid MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો મેચ્યોરિટી સમય **91** દિવસથી ઓછો હોય.

(3) અલ્ટ્રા શોર્ટ ડ્યુરેશન ફંડ **(Ultra Short Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **3** થી **6** મહિના નો હોય.

(4) લો ડ્યુરેશન ફંડ **(Low Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **6** થી **12** મહિના નો હોય.

(5) મની માર્કેટ ફંડ **(Money Market MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો મેચ્યોરિટી સમય **1** વર્ષથી ઓછો હોય.

(6) શોર્ટ ડ્યુરેશન ફંડ **(Short Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **1** થી **3** વર્ષ નો હોય.

(7) મિડિયમ ડ્યુરેશન ફંડ **(Medium Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ

અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **3** થી **4** વર્ષ નો હોય.

(8) મિડિયમ ટુ લોન્ગ ડ્યુરેશન ફંડ **(Medium to Long Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **4** થી **7** વર્ષ નો હોય.

(9) લોન્ગ ડ્યુરેશન ફંડ **(Long Duration MF) :** આ પ્રકારના ફંડ ફક્ત એવા જ ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **7** થી વધુ વર્ષ નો હોય.

(10) ડાયનેમિક બોન્ડ ફંડ **(Dynamic Bond MF) :** આ પ્રકારના ફંડ જુદો જુદો મેચ્યોરિટી સમય ધરાવતા ડેટ અને મની માર્કેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરી શકે છે.

(11) કોર્પોરેટ બોન્ડ ફંડ **(Corporate Bond MF) :** આ પ્રકારના ફંડને 80% કે તેથી વધુ રકમ ઊંચા રેટીંગવાળા **(Highest Rated)** કોર્પોરેટ બોન્ડ માં રોકવી પડે છે.

(12) ક્રેડિટ રિસ્ક ફંડ **(Credit Risk MF) :** આ પ્રકારના ફંડને 65% કે તેથી વધુ રકમ ઊંચાથી નીચેના રેટીંગવાળા **(Below Highest Rated)** કોર્પોરેટ બોન્ડ માં રોકવી પડે છે.

(13) બેંકિંગ એન્ડ પીએસયુ ફંડ **(Banking and PSU MF) :** આ પ્રકારના ફંડને 80% કે તેથી વધુ રકમ બેંક અને પીએસયુ કંપનીઓના ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ માં રોકવી પડે છે.

(14) ગિલ્ટ ફંડ **(Gilt MF) :** આ પ્રકારના ફંડને 80% કે તેથી વધુ રકમ જુદો જુદો મેચ્યોરિટી સમય ધરાવતી ગવર્નમેન્ટ સિક્યોરિટિઝ માં રોકવી પડે છે.

(15) ગિલ્ટ ફંડ વિથ **10** યર કોન્સ્ટન્ટ ડ્યુરેશન **(Gilt MF with 10 Year Constant Duration) :** આ પ્રકારના ફંડને 80% કે તેથી વધુ રકમ એવી ગવર્નમેન્ટ સિક્યોરિટિઝ માં રોકવી પડે છે જેમનો એવરેજ મેચ્યોરિટી સમય **10** વર્ષ નો હોય.

(16) ફ્લોટર ફંડ **(Floater MF) :** આ પ્રકારના ફંડને 65% કે તેથી વધુ રકમ ફ્લોટીંગ રેટ ધરાવતા ઈન્સ્ટ્રુમેન્ટ માં રોકવી પડે છે.

હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડની સબ-કેટેગરી

હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ એમ બંનેમાં રોકાણ કરે છે, જેથી કરીને ઈક્વિટીના લીધે રીટર્ન વધુ મળે અને ડેટ દ્વારા રિસ્ક ઘટાડી શકાય. હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ રિસ્ક અને રીટર્ન પ્રમાણે ડેટ અને ઈક્વિટી મ્યુચ્યુલ ફંડની વચ્ચેની કેટેગરીમાં આવે છે.

સેબી દ્વારા હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડની કેટેગરી નીચે મુજબ નક્કિ કરવામાં આવી છે **:**

(1) કંઝર્વેટિવ હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ **(Conservative Hybrid MF) :** આ ફંડ પોતાની કુલ

રકમનાં **10** થી **25%** રકમ ઈક્વિટીમાં અને **75** થી **90%** રકમ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરે છે.

(2) બેલેન્સ્ડ હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ **(Balanced Hybrid MF) :** આ ફંડ **40** થી **60%** રકમ ઈક્વિટીમાં અને **40** થી **60%** રકમ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકાણ કરે છે.

(3) અગ્રેસિવ હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ **(Aggressive Hybrid MF) :** આ ફંડ **65** થી **80%** રકમ ઈક્વિટીમાં અને **20** થી **35%** રકમ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં રોકે છે.

(4) ડાયનેમિક એસેટ એલોકેશન (બેલેન્સ્ડ એડવાન્ટેજ) મ્યુચ્યુલ ફંડ **(Dynamic Asset Allocation or Balanced Advantage MF) :** આ ફંડ ઈક્વિટી અને ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં ડાયનેમિકલી (સતત બદલતું) રોકાણ કરી શકે છે. તેથી આ ફંડનો ફંડ મેનેજર ઈક્વિટીમાં તેજી દેખાય ત્યારે ઈક્વિટીનું રોકાણ વધારી દે છે અને ઈક્વિટીમાં મંદી આવે ત્યારે ડેટમાં રોકાણ વધારી દે છે. આમ ઈક્વિટી અને ડેટ બંનેનો પૂરતો લાભ મળી રહે છે.

(5) મલ્ટિ એસેટ એલોકેશન મ્યુચ્યુલ ફંડ **(Multi Asset Allocation MF) :** આ ફંડને ઓછામાં ઓછા ત્રણ એસેટ ક્લાસમાં રોકાણ કરવું પડે છે અને તેમાંથી દરેકનું રોકાણ ઓછામાં ઓછું 10% હોવું જ જોઈએ.
(6) આર્બીટ્રાજ મ્યુચ્યુલ ફંડ **(Arbitrage MF) :** આ ફંડ આર્બીટ્રાજ સ્ટ્રેટેજીને અનુસરીને રોકાણ કરે છે. આ ફંડને ઓછામાં ઓછું 65% રોકાણ ઈક્વિટીમાં કરવું પડે છે.

(7) ઈક્વિટી સેવિંગ મ્યુચ્યુલ ફંડ **(Equity Savings MF) :** આ ફંડને ઓછામાં ઓછું 65% રોકાણ ઈક્વિટીમાં અને 10% રોકાણ ડેટ ઈન્સ્ટ્રુમેન્ટમાં કરવું પડે છે.

ચેપ્ટર 10. ઈન્ડેક્ષ મ્યુચ્યુલ ફંડ : વોરન બફેટની સલાહ

સૌથી પહેલાં તો આ ઈન્ડેક્ષ એટલે શું**?**

ભારતમાં બે સ્ટોક એક્ષચેન્જ આવેલાં છે : બોમ્બે સ્ટોક એક્ષચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્ષચેન્જ (NSE). આ સ્ટોક એક્ષચેન્જ એટલે એમ સમજી લ્યો કે શેરની લે-વેચ કરવા માટેની માર્કેટ છે. આ બંને સ્ટોક એક્ષચેન્જ દ્વારા સામાન્ય લોકોને શેરબજારની શું સ્થિતિ ચાલી રહી છે તે સમજાવવા માટે જુદા જુદા ઈન્ડેક્ષ બનાવેલાં છે. ઈન્ડેક્ષ એટલે અનુક્રમણિકા. પુસ્તકમાં શરુઆતના પાનામાં જ અમુક્રમણિકા હોય છે, તેને જોઈને ઉપરછલો ખ્યાલ આવી જાય કે તે પુસ્તકમાં શું શું લખેલું હશે? બસ, આ જ કોન્સેપ્ટ પરથી સ્ટોક એક્ષચેન્જ દ્વારા જુદા જુદા ઈન્ડેક્ષ બનાવેલા હોય છે.

બંને એક્ષચેન્જનાં એક-એક મુખ્ય ઈન્ડેક્ષ છે**,** જે ખૂબ જ પ્રખ્યાત છે **:**

(1) સેન્સેક્ષ **(SENSEX) :** આ બીએસઈનો મુખ્ય ઈન્ડેક્ષ છે. તેનું નામ **SENS** ITIVE IND**EX** (ખુબ જ સંવેદનશીલ અમુક્રમણિકા) પરથી SENSEX રાખવામાં આવ્યું છે. સેન્સેક્ષમાં માર્કેટ કેપિટલાઈઝેશન પ્રમાણે દેશની સૌથી મોટી 30 કંપનીઓનો સમાવેશ કરવામાં આવે છે. આ 30 કંપનીઓને ઓછો-વધારે પ્રમાણમાં રાખવામાં આવે છે. તે 30 કંપનીઓનાં ભાવમાં જે રીતે વધ-ઘટ થાય તેના લીધે સેન્સેક્ષમાં પણ વધ-ઘટ થાય. આના પરથી લોકો ઉપરછલો અંદાજો લગાવી શકે કે શેરબજાર વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે. દર છ મહિને આ કંપનીઓના લિસ્ટમાં જરુર હોય તો સુધારા-વધારા કરવામાં આવે છે, જેના કારણે ખરાબ પરફોર્મ કરી રહેલી કંપનીઓ નીકળી જાય અને તેના સ્થાને બીજી સારી કંપનીઓ આવી જાય. 1979માં 100 પોઈન્ટથી શરુ થયેલો સેન્સેક્ષ આજે 40,000 પર ચાલી રહ્યો છે.

(2) નિફ્ટી **(Nifty) :** આ એનએસઈનો મુખ્ય ઈન્ડેક્ષ છે. તેનું નામ **N** ATIONAL F**IFTY** પરથી NIFTY રાખવામાં આવ્યું છે. આમાં દેશની સૌથી મોટી 50 કંપનીઓને સામેલ કરવામાં આવી છે. સેન્સેક્ષની જેમ જ નિફ્ટી પણ ઉપરછલો અંદાજ આપે છે. તેમાં પણ દર છ મહિને જરુરી ફેરફાર કરવામાં આવે છે. 1992માં 1,000 પોઈન્ટથી શરુ થયેલો નિફ્ટી આજે 12,000 પર ચાલી રહ્યો છે.

સેન્સેક્ષ અને નિફ્ટી તો બંને સ્ટોક એક્ષચેન્જનાં મુખ્ય ઈન્ડેક્ષ છે, પરંતું તે સિવાય બંને સ્ટોક એક્ષચેન્જનાં બીજા ઘણા ઈન્ડેક્ષ છે.

Index
S&P BSE SENSEX
S&P BSE SENSEX 50
S&P BSE SENSEX Next 50
S&P BSE 100
S&P BSE Bharat 22 Index
S&P BSE MidCap
S&P BSE SmallCap
S&P BSE 200
S&P BSE 150 MidCap Index
S&P BSE 250 SmallCap Index
S&P BSE 250 LargeMidCap Index
S&P BSE 400 MidSmallCap Index
S&P BSE 500
S&P BSE AllCap
S&P BSE LargeCap
S&P BSE SmallCap Select Index
S&P BSE MidCap Select Index

જેમ કે, BSE માં S&P BSE Sensex (સેન્સેક્ષ), S&P BSE Sensex 50, S&P BSE Sensex Next 50, S&P BSE 100, S&P BSE Midcap, S&P BSE Smallcap, S&P BSE 500, S&P BSE 250 LargeMidcap, S&P BSE 400 MidSmallcap વગેરે અનેક ઈન્ડેક્ષ આવેલા છે.

NSE માં Nifty 50 (નિફ્ટી), Nifty Next 50, Nifty 100, Nifty 200, Nifty 500, Nifty Midcap 50, Nifty Midcap 100, Nifty Midcap150, Nifty Smallcap 50, Nifty Smallcap 100, Nifty Smallcap 250, Nifty MidSmallcap 400, Nifty Bank, Nifty Auto વગેરે ઈન્ડેક્ષ આવેલા છે.

Index
Broad Market Indices :
NIFTY 50
NIFTY NEXT 50
NIFTY 100
NIFTY 200
NIFTY 500
NIFTY MIDCAP 50
NIFTY MIDCAP 100
NIFTY SMLCAP 100
INDIA VIX
NIFTY MIDCAP 150
NIFTY SMLCAP 50
NIFTY SMLCAP 250
NIFTY MIDSML 400

બંને સ્ટોક એક્ષચેન્જનાં વિવિધ ઈન્ડેક્ષ વિશે આપણે મારી યુટ્યુબ ચેનલ પર વિગતવાર ચર્ચા કરીશું. ઉપર જણાવ્યા મુજબ સેન્સેક્ષમાં ટોપ 30 કંપની અને નિફ્ટીમાં ટોપ 50 કંપનીનો સમાવેશ થાય છે. હવે કોઈ મ્યુચ્યુલ ફંડ ફંડ મેનેજરને રાખી જુદી જુદી કંપનીઓનાં શેરમાં રોકાણ કરવાને બદલે ફક્ત સેન્સેક્ષ અથવા નિફ્ટીને અનુસરીને તેમાં સામેલ કંપનીઓનાં શેરમાં રોકાણ કરે તો**?** મ્યુચ્યુલ ફંડ કંપનીને ફંડ મેનેજર તથા તેની ટીમને રાખવાની જરુર જ ન રહે. તેથી જુદા જુદા ઈન્ડેક્ષને અનુસરીને રોકાણ કરતાં ફંડને ઈન્ડેક્ષ મ્યુચ્યુલ ફંડ કહેવામાં આવે છે. આવા ફંડનો એક્સપેન્સ રેશિયો (ફી) ખૂબ જ ઓછો હોય છે. તેથી મારા-તમારા જેવા રોકાણકારોને પણ લાભ થાય છે.

વિશ્વના ત્રીજા નંબરના અમીર વ્યક્તિ વોરન બફેટ પણ શેરબજારમાં કંઈ ન ખબર પડે તો S&P 500 ઈન્ડેક્ષ મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવાની સલાહ આપે છે, કારણ કે ઈન્ડેક્ષ ફંડમાં દેશની ટોપની કંપનીઓ સામેલ હોય છે અને જો તેમાંથી કોઈ કંપની ખરાબ પરફોર્મન્સ આપવા લાગે તો તેને ઈન્ડેક્ષમાંથી હટાવી દેવામાં આવે છે. ટૂંકમાં તમારા પૈસા હરહંમેશને માટે દેશની ટોપ કંપનીઓમાં જ રહે છે. જો દેશ આગળ વધશે તો દેશની ટોપ કંપનીઓ પણ આગળ વધશે અને ઈન્ડેક્ષ પણ આગળ વધશે. તેથી તમારા પૈસા પણ વધશે.

જેમ કે, આપણો સેન્સેક્ષ 1979માં 100 થી શરુ થયો હતો અને આજે 40,000 પર પહોંચી ગયો છે. જ્યારે સેન્સેક્ષ ચાલુ થયો ત્યારે તેમાં સામેલ કંપનીઓમાંથી અનેક તો દેવાળુ કરીને બંધ પણ થઈ ગઈ હશે, તેમછતાં સેન્સેક્ષ આજે 40,000 સુધી પહોંચી ગયો છે. ઉદાહરણ તરીકે અનિલ



અંબાણીની કંપની રિલાયન્સ કોમ્યુનિકેશન 2009માં સેન્સેક્ષમાં સામેલ હતી અને આજે તે દેવાળું ફૂંકવાની આરે છે. જો 2009માં તમે 10,000 રૂપિયા રિલાયન્સ કોમ્યુનિકેશનમાં અને બીજા 10,000 રૂપિયા સેન્સેક્ષ ઈન્ડેક્ષ ફંડમાં રોક્યા હોત તો આજે તેની વેલ્યુ કેટલી હોય તે જોઈએ. 1 જાન્યુઆરી, 2009 ના રોજ R Com. ના શેરનો ભાવ 245 રૂપિયા હતો. તેથી તમને 9,800 રૂપિયામાં 40 શેર મળ્યા હોત. તે જ R Com. ના શેરનો ભાવ 1 જાન્યુઆરી, 2019 ના રોજ ફક્ત 14 રૂપિયા જ હતો. તેથી તમારા 9,800 રૂપિયા ઘટીને ફક્ત 560 રૂપિયા રહ્યા હોત. જ્યારે બીજી તરફ 1 જાન્યુઆરી, 2009 ના રોજ સેન્સેક્ષ 9,900 પોઈન્ટ પર હતો અને 1 જાન્યુઆરી, 2019 ના રોજ 36,250 પોઈન્ટ હતો. તેથી તમારા રૂપિયા લગભગ પોણા ચાર ગણા (3.66 ગણા) થયા હોત એટલે કે 10,000 માંથી 36,600 બની ગયા હોત.

જોયુ ને મિત્રો એકસમયે સેન્સેક્ષમાં સામેલ થનારી કંપનીના શેર હોવા છતાં પણ તમને નુકસાન ગયું, જ્યારે બીજી તરફ સેન્સેક્ષના ઈન્ડેક્ષ ફંડમાં રોકાણ કરવાથી અનેક ગણો ફાયદો થયો. તેથી જ તો સીધા શેર ખરીદવા કરતાં ઈન્ડેક્ષ ફંડ વધુ સારો ઉપાય છે.


હવે તમારા મનમાં મૂંઝવણ ઊભી થઈ હશે કે આ કેવા શું માંગે છે - ફંડ મેનેજર દ્વારા ચાલતાં (એક્ટિવ) મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું કે સ્મોલકેસમાં રોકાણ કરવું કે પછી ઈન્ડેક્ષ ફંડમાં (પેસિવ મ્યુચ્યુલ ફંડ) રોકાણ કરવું?
મિત્રો વાત એવી છે કે દરેક વ્યક્તિ પ્રમાણે ક્યા વિકલ્પમાં કેટલું રોકાણ કરવું એ જુદું જુદું હોય છે. તેથી તમારે ક્યા રસ્તે ચાલવું એ ફક્ત અને ફક્ત તમારી જરુરિયાતોને આધારે નક્કિ થઈ શકે છે. તેથી આ ટોપિકની વિગતવાર ચર્ચા મારી યુટ્યુબ ચેનલ પર કરીશું. તેમાં તમારે ક્યા પ્રકારનાં વિકલ્પમાં, કેટલું રોકાણ કરવું જોઈએ અને કેટલાં સમય સુધી કરવું જોઈએ વગેરે વિશે જાણીશું.

ચેપ્ટર 11. મ્યુચ્યુલ ફંડની સ્કીમ કેવી રીતે પસંદ કરવી?

મિત્રો, હું સીધા કોઈ કંપનીના શેરમાં રોકાણ કરવા કરતાં મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવાનું વધારે યોગ્ય માનું છું. તેમાં પણ ઈન્ડેક્ષ ફંડ કરતાં એક્ટિવ એટલે કે ફંડ મેનેજર દ્વારા ચાલતાં મ્યુચ્યુલ ફંડ વધુ યોગ્ય છે. આવું શા માટે? તેના અમુક કારણો છે, જે ખૂબ જ વિગતવાર સમજવા પડે. તેથી તેની ચર્ચા આપણે મારી યુટ્યુબ ચેનલ પર કરીશું.

હવે હું એવું માની લઉં કે તમારે મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું છે, પરંતુ ક્યા મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું એ કેવી રીતે નક્કિ કરવું?

રોકાણ કરવા માટેનો સૌથી પહેલો નિયમ છે - તમારો ગોલ નક્કિ કરો અને તેના આધારે રોકાણ કરો. તમારા જીવનમાં ઘણા બધાં ગોલ હશે, જેને તમારે મેળવવા હશે. જેમ કે, પોતાનું ઘર લેવું, ગાડી લેવી, નવો સ્માર્ટફોન લેવો, નવું ટી.વી. લેવું, તમારા બાળકોને ભણાવવા, તમારા બાળકોના લગ્ન કરવા, વિદેશમાં ફરવા જવું, રિટાયરમેન્ટ લેવી, વગેરે વગેરે..... આમાંથી અમુક ગોલ એવા છે કે તમારે આવતાં 5 મહિનામાં જ પૂરા કરવાનાં છે, તો અમુક એક-બે વરસમાં અને અમુક 15-20 વર્ષ પછી પૂરા કરવાનાં છે.



મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવાનો એક સાદો નિયમ એવો છે કે,

જો તમારો ગોલ 3 વર્ષથી પહેલાં પૂરો કરવાનો હોય તો તેના માટેનું રોકાણ હંમેશા ડેટ મ્યુચ્યુલ ફંડમાં જ કરવું જોઈએ. જેથી કરીને તમે રોકેલી મૂળ રકમને નુકસાન થવાની શક્યતા સાવ નહિવત રહે અને ઠીકઠીક રીટર્ન પણ મળે.

બીજી તરફ, જો તમારો ગોલ 5 વર્ષ કે તેથી વધારે દૂર હોય તો તેના માટે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં જ

રોકાણ કરવું જોઈએ. જેથી કરીને લાંબા સમયગાળામાં રિસ્ક ઘટી જાય અને રીટર્ન વધારે મળે.
જો તમારો ગોલ 3 થી 5 વર્ષ દૂર હોય તો તમે હાઈબ્રીડ મ્યુચ્યુલ ફંડ તરફ જઈ શકો છો.

ગોલ માટે કેટલો સમય છે અને તેના માટે ક્યા પ્રકારનાં મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું હિતાવહ રહેશે એ જોઈએ.

ગોલ પૂરો કરવા માટે સમયગાળો	તેના માટે મ્યુચ્યુલ ફંડનો પ્રકાર
6 મહિના સુધી	લિક્વિડ ફંડ , અલ્ટ્રા શોર્ટ ડ્યુરેશન ફંડ
6 મહિના થી 1 વર્ષ	લો ડ્યુરેશન ફંડ
1 વર્ષથી 2 વર્ષ	શોર્ટ ડ્યુરેશન ફંડ
2 વર્ષ થી 3 વર્ષ	મીડિયમ ડ્યુરેશન ફંડ
3 વર્ષથી 5 વર્ષ	ડાયનેમિક એસેટ એલોકેશન (બેલેન્સ્ડ એડવાન્ટેજ) ફંડ, આર્બીટ્રાજ ફંડ
5 વર્ષથી 7 વર્ષ	લાર્જ કેપ ફંડ
7 વર્ષથી 10 વર્ષ	લાર્જ એન્ડ મીડ કેપ ફંડ, મલ્ટિ કેપ ફંડ
10 વર્ષથી 15 વર્ષ	મિડ કેપ ફંડ
15 વર્ષથી વધારે	સ્મોલ કેપ ફંડ

મિત્રો દરેક દરેક વ્યક્તિને આ જ નિયમ પ્રમાણે રોકાણ કરવું એ જરુરી નથી, કેમ કે દરેક વ્યક્તિની જરુરિયાત અલગ અલગ હોય છે. કોઈને ઓછું રીટર્ન મળે તો ચાલશે, પરંતુ રિસ્ક ન હોવું જોઈએ. જ્યારે બીજી વ્યક્તિ માટે રીટર્ન વધારે જરુરી હોય છે. તેથી જ તો કહું છું કે ક્યા પ્રકારનાં ફંડમાં કેટલું રોકાણ કરવું એ દરેક વ્યક્તિ પ્રમાણે બદલાતું રહે છે.

SIP / STP / SWP / Lump-Sum : - તફાવત અને ક્યારે શું કરવું?

કોઈ પણ મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવા માટે આપણને ચાર પ્રકારનાં વિકલ્પો આપવામાં આવે છે :
(1) Lump-sum : જ્યારે તમારી પાસે એક મોટી રકમ હાથ ઉપર હોય અને તેને તમે કોઈ મ્યુચ્યુલ ફંડ સ્કિમમાં એકસાથે રોકાણ કરો તો તેને લમસમ ઈન્વેસ્ટમેન્ટ કહેવામાં આવે છે.



દરેક મ્યુચ્યુલ ફંડ સ્કિમમાં લમસમ ઈન્વેસ્ટમેન્ટની સુવિધા હોય છે. મોટેભાગે લમસમ માટે ઓછામાં ઓછું 5,000 રૂપિયાનું રોકાણ કરવું પડે છે, જે સ્કિમ પ્રમાણે અલગ પણ હોઈ શકે છે. માની લ્યો કે તમને દિવાળીનું બોનસ મળ્યું છે તો તેનું તમે લમસમ ઈન્વેસ્ટમેન્ટ કરી શકો છો.

(2) SIP (Systematic Investment Plan) : માની લ્યો કે તમારે દર મહિને તમારી આવકમાંથી થતી બચતનું રોકાણ કરવું છે તો તમે SIP કરી શકો છો. મોટેભાગે દરેક સ્કિમમાં આ સુવિધા હોય છે. સામાન્ય રીતે તમને ફક્ત 500 રૂપિયા જેવડી નાની રકમની SIP કરવાની સુવિધા મળતી હોય છે, જેથી કોઈ પણ વ્યક્તિ રોકાણ કરી શકે છે. અમુક સ્કિમમાં તો 100 રૂપિયાની SIP કરી શકો છો.

(3) STP (Systematic Transfer Plan) : જ્યારે તમારી પાસે મોટી રકમ હાજર હોય, પરંતુ તેને ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં એકસાથે લમસમ ઈન્વેસ્ટ કરવાને બદલે દર મહિને SIP દ્વારા રોકવા ઈચ્છો છો. તેની સાથે જ તમે પૂરી રકમ હાથ ઉપર રાખવા નથી માગતાં, તો શું કરવું? આના માટે STP છે. પહેલા તમે પૂરેપૂરી રકમનું લિક્વિડ ફંડ કે અન્ય કોઈ ડેટ ફંડમાં રોકાણ કરો છો, ત્યારબાદ દર મહિને તે ડેટ ફંડમાંથી ઓટોમેટિક તમે નક્કિ કરેલી રકમનું નક્કિ કરેલા ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં SIP તરીકે રોકાણ થઈ જશે. અહિં તમારે એક જ કંપનીનાં ડેટ અને ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ પસંદ કરવા પડશે.

(4) SWP (Systematic Withdrawl Plan) : તમારી પાસે મોટી રકમ હાજર હોય અને તેનું રોકાણ કરીને તમે દર મહિને નિશ્ચિત આવક મેળવવા ઈચ્છતા હોય તો SWP કામ લાગે છે. આ વિકલ્પમાં તમે બધી રકમનું એકસાથે રોકાણ કરીને દર મહિને કેટલી રકમની આવક જોઈએ છે તે જણાવો છો. તેથી ઓટોમેટિક તે રકમ દર મહિને તમારા બેંક એકાઉન્ટમાં આવી જશે.

આ ચારે સુવિધાને પોતપોતાના ફાયદા છે. તેથી તમારે ક્યા પ્રકારની સુવિધા વધુ અનુકૂળ આવે છે તે જોઈને યોગ્ય વિકલ્પ પસંદ કરવો જોઈએ. દરેક વિશે વિગતવાર માહિતી જોઈતી હોય તો મારી યુટ્યુબ ચેનલ પર જઈ શકો છો.

સફળ રોકાણકારની આદતો

મિત્રો, આપણે અગાઉ જોઈ ગયા કે 100 પોઈન્ટથી શરુ થયેલો સેન્સેક્ષ આજે 40,000 સુધી પહોંચી ગયો છે એટલે કે શરુઆતમાં રોકેલા રૂપિયાને 400 ગણા કરી દીધા છે. આ તો ફક્ત સેન્સેક્ષ (ઈન્ડેક્ષ ફંડ)ની વાત થઈ, પરંતું ફંડ મેનેજર દ્વારા ચલાવવામાં આવતાં એક્ટિવ મ્યુચ્યુલ ફંડ તો તેનાથી પણ ઘણા આગળ નીકળી ગયા છે. તેમછતાં મોટાભાગનાં લોકો એવું કહેતાં હોય છે કે, શેરબજાર, ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ એ બધું નકામું છે, કેમ કે તે લોકો પૈસા કમાઈ શક્યા નથી. જ્યારે બીજી તરફ રાકેશ ઝુંઝુનવાલા, વિજય કેડિયા, રામદેવ અગ્રવાલ, રમેશ દમાની, વગેરે તો ફક્ત કરોડો નહિં હજારો કરોડ રૂપિયા કમાઈ શક્યા છે. આવું કેમ?

ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ દ્વારા પૈસા કમાવવા હોય તો અમુક પ્રકારની આદતો પ્રમાણે ચાલવું પડે છે અથવા એમ કહું કે સફળ રોકાણકાર બનવા માટે અમુક આદતો પાડવી પડે છે. એ આદતો કઈ છે તે જોઈએ :

➢ ઈક્વિટી કે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ એ ખૂબ જ લાંબા સમય માટે રોકાણ કરવા માટે છે. ટૂંકા ગાળામાં શેરબજારમાં આવતાં અપ - ડાઉનનાં કારણે નુકસાન થવાની પૂરેપૂરી સંભાવનાઓ રહેલી છે. આપણે ઉપર જોયું તેમ લાંબો સમયગાળો એટલે ઓછામાં ઓછાં 5 વર્ષ હોવા જોઈએ. જો તમારે મિડ કે સ્મોલકેપમાં રોકાણ કરવું હોય તો 10 વર્ષથી વધારે સમય હોવો જોઈએ. આટલો લાંબો સમય તમે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રહેશો તો અને ફક્ત તો જ તમે રૂપિયા બનાવી શકશો.

➢ રોજેરોજ તમારા પૈસા કેટલાં વધ્યા - ઘટ્યાં એ જોયા ન કરવું. ઘણા લોકો પૈસાને રોક્યા બાદ દરરોજ તેમાં કેટલાંનો વધારો ઘટાડો થયો એ જોયા કરતાં હોય છે. જેના કારણે તેમનો વિશ્વાસ ડગી જાય છે અને તેઓ રૂપિયા બહાર કાઢી લે છે. એકવાર બરાબર ગોલ પ્લાનિંગ પ્રમાણે રોકાણ કરી દીધું હોય, ત્યારપછી 3 કે 6 મહિને એકવાર જ ચેક કરવું કે તમે કરેલું રોકાણ કેવું ચાલી રહ્યું છે.

➢ જો તમને મ્યુચ્યુલ ફંડ વિશે પૂરતી માહિતી ન હોય તો પોતાની જાતે રોકાણ કરવાને બદલે એક સર્ટિફાઈડ ફાઈનાન્સિયલ એડવાઈઝરની મદદ લેવી જોઈએ.

➢ ટોળા પાછળ ભાગવું નહિ. ઘણીવાર એવું થતું હોય છે કે, બજારમાં તેજી આવવાના લીધે બધા લોકો ઈન્વેસ્ટ કરવા લાગે છે અને તેના લીધે આપણે પણ તેમ કરવા માટે લલચાઈ જઈએ છીએ. જ્યારે બજારમાં મંદી આવે છે ત્યારે બધાની જેમ આપણે પણ પૈસા કાઢી લઈએ છીએ. ત્યારબાદ નુકસાન જવાથી આપણે રોકાણ કરવાનું બંધ કરી દઈએ છીએ. તેથી જ તો કહેવાય છે કે SIP ચાલુ કરીને નિયમિત રીતે તેને વળગી રહો. ઈક્વિટી ઈન્વેસ્ટમેન્ટમાં નિયમિત અને શિસ્તબદ્ધ રહેવું ખૂબ જ જરુરી છે.

➢ ક્યારેય પણ માર્કેટને ટાઈમ કરવાની કોશિષ ન કરવી જોઈએ. ઘણા લોકો એવું વિચારીને જ બેઠા હોય છે કે બજાર સસ્તું થાય ત્યારે રોકાણ કરીશ. કોઈપણ બજારને સમજી શક્યું નથી. તેથી બજારને ટાઈમ કરવા કરતાં બજારમાં ટાઈમ વિતાવવો જરુરી છે, કારણ કે લાંબા

સમયગાળામાં શેરબજાર ફાયદો જ કરાવે છે.



➢ અમુક લોકો ઈક્વિટીમાં રોકાણ ફક્ત એટલા માટે જ કરતાં હોય છે કે તેમાં રીટર્ન વધારે મળી શકે છે, પરંતુ તેઓ રીટર્નની સાથે રહેલું રિસ્ક નથી સમજતાં હોતાં. તમને કાર ચલાવતાં ન આવડતી હોય અને તમે હાઈવે પર કાર ચલાવો તો એક્સિડંટ થવાનું જેટલું રિસ્ક છે તેટલું જ રિસ્ક સમજ્યા વગર ઈક્વિટીમાં રોકાણ કરવામાં છે. લોકો ઈક્વિટીમાં રોકાણ કરીને વધારે પડતાં રીટર્નની આશા રાખતાં હોય છે. ઈક્વિટી તમારા ધાર્યા કરતાં પણ વધારે રીટર્ન આપી શકે છે, પરંતુ તમારી આશા વ્યાજબી હોવી જોઈએ. જેમ કે, લાર્જ કેપ ફંડ 10% , લાર્જ એન્ડ મિડકેપ ફંડ 12% , મલ્ટિકેપ ફંડ 13% , મિડકેપ ફંડ 15%, સ્મોલકેપ ફંડ 17% વ્યાજબી કહેવાય. આનાથી વધારે રીટર્નની આશા રાખીને રોકાણ કરશો તો કદાચ તમે અડધેથી જ બંધ કરી દેશો.

➢ સૌથી મહત્ત્વનું છે કે તમે ગોલ નક્કિ કરીને તેના આધારે રોકાણ કરવાનું શરુ કરો. જેથી કરીને તમે અધવચ્ચેથી રોકાણ અટકાવો નહિ અને ગોલની જરુરિયાતો પ્રમાણે યોગ્ય મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરશો. જેમ કે, મારે 20 વર્ષ પછી મારા બાળકનાં લગ્ન કરવા માટે જરુરી પૈસાનું આયોજન કરવું છે. આ કિસ્સામાં મારી પાસે 20 વર્ષનો લાંબો સમય છે, તેથી મિડ કે સ્મોલકેપ ફંડ પસંદ કરી શકું.

મ્યુચ્યુલ ફંડમાં લાગતાં ટેક્ષની સંપૂર્ણ સમજ

મિત્રો, મ્યુચ્યુલ ફંડમાં ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્ષ, કેપિટલ ગેઈન ટેક્ષ અને ટીડીએસ તથા એસટીટી (TDS & STT) વગેરે ટેક્ષ લાગુ પડતાં હોય છે. આ બધામાં કેપિટલ ગેઈન ટેક્ષ મુખ્ય છે.

આપણે રોકાણ કરેલા રૂપિયાને **(મૂળ રકમને)** કેપિટલ કહેવામાં આવે છે**.** સમયની સાથે તે મૂળ રકમની કિંમતમાં થયેલા વધારાને **(નફાને)** કેપિટલ ગેઈન કહેવામાં આવે છે**.** મ્યુચ્યુલ ફંડમાં પણ આપણે રોકેલી રકમની કિંમતમાં સમય સાથે ફેરફાર થતો હોય છે. જ્યારે આપણે રોકેલા રૂપિયાની રકમ વધી હોય તો તે વધારાને કેપિટલ ગેઈન અને ઘટી હોય તો તે ઘટાડાને કેપિટલ લોસ કહેવામાં આવે છે. આપણે આ કેપિટલ ગેઈન ઉપર ટેક્ષ ભરવો પડે છે. તેથી આપણે તેના વિશે જાણીશું. મ્યુચ્યુલ ફંડમાં ઈક્વિટી અને ડેટ કેટેગરીમાં અલગ-અલગ રીતે ટેક્ષ લાગુ પડે છે. તેથી પહેલા આપણે ઈક્વિટી કેટેગરીમાં લાગતાં ટેક્ષની સમજ મેળવીશું અને ત્યારબાદ ડેટ કેટેગરીમાં લાગતાં ટેક્ષ વિશે જાણીશું.

કેપિટલ ગેઈન ટેક્ષ બે પ્રકારે લાગુ પડે છે **:**

(1) શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (STCG) (ટૂંકા સમયગાળા માટે) અને

(2) લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (LTCG) (લાંબા સમયગાળા માટે)

ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ **:**

જ્યારે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં રૂપિયાને એક વર્ષ પહેલાં કાઢી લેવામાં આવે છે ત્યારે તેમાં થયેલા કેપિટલ ગેઈન પર શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ **(STCG)** લાગુ પડે છે**,** જે **15%** હોય છે**.** ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં 1 વર્ષથી ઓછા સમયને ટૂંકો સમયગાળો ગણવામાં આવે છે.

જેમ કે, રામે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં 1 લાખ રૂપિયાની વેલ્યુ 10 મહિના પછી 1 લાખ 10 હજાર રૂપિયા થઈ ગઈ છે. મતલબ કે રામને 10 હજાર રૂપિયા (કેપિટલ ગેઈન) પર 15% શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (1,500 રૂપિયા) ભરવો પડશે.

જ્યારે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં રૂપિયાને એક વર્ષ પછી કાઢવામાં આવે ત્યારે તેમાં થયેલા કેપિટલ ગેઈન પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ **(LTCG)** લાગુ પડે છે**,** જે **10%** હોય છે**.** અહિં **(LTCG માં)** પહેલાં **1** લાખ રૂપિયાનાં કેપિટલ પર ટેક્ષને માફ કરવામાં આવ્યો છે**,** તેથી **1** લાખ ઉપર થયેલાં કેપિટલ ગેઈન પર જ **10%** ટેક્ષ લાગુ પડે છે**.** ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં 1 વર્ષ પછીનો સમયગાળો લાંબો ગણવામાં આવે છે.

	Individuals	NRIs
Stocks and Equity Oriented Mutual Funds		
Long Term Capital Gain Tax (LTCG)	10% above Rs.1,00,00 gain	10% above Rs.1,00,000 gain
Short Term Capital Gain Tax (STCG)	15%	15%
Other than Stocks and Equity Oriented Mutual Funds		
Long Term Capital Gain Tax (LTCG)	20% (With Indexation)	Listed-20% (With Indexation) and Unlisted-10% (Without Indexation)
Short Term Capital Gain Tax (STCG)	Based on Individual's Tax Slab	Based on Individual's Tax Slab

જેમ કે, શ્યામે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં 1 લાખ રૂપિયાની વેલ્યુ 5 વર્ષ પછી 2 લાખ 30 હજાર થઈ ગઈ છે. મતલબ કે રામને 1 લાખ 30 હજારનો કેપિટલ ગેઈન (નફો) થયો છે. શ્યામે લોંગ ટર્મ (1 વર્ષથી વધુ - 5 વર્ષ) માટે રૂપિયા રોકેલાં હતાં તેથી તેને થયેલાં કેપિટલ ગેઈનમાં પહેલાં 1 લાખ રૂપિયા પર ટેક્ષ માફી મળશે. ટૂંકમાં શ્યામને ફક્ત 30 હજાર રૂપિયા પર જ 10% લેખે 3,000 રૂપિયા લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો પડશે.

નોન-ઈક્વિટી (ડેટ) મ્યુચ્યુલ ફંડ :

નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં ડેટ ફંડ, ગોલ્ડ ફંડ, હાઈબ્રીડ ફંડ વગેરેનો સમાવેશ થાય છે.

જ્યારે નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં રૂપિયાને **3** વર્ષ પહેલા કાઢી લેવામાં આવે છે ત્યારે તેમાં થયેલા કેપિટલ ગેઈન પર શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ **(STCG)** લાગે છે**,** જે તમારા ઈન્કમટેક્ષનાં સ્લેબ પ્રમાણે લાગે છે**.** મતલબ કે તમને થયેલો કેપિટલ ગેઈન તમારી તે વર્ષની આવકમાં ઉમેરાઈ જાય છે અને તમને લાગુ પડતાં ઈન્કમટેક્ષની ટકાવારી પ્રમાણે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (STCG) ભરવો પડે છે. નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં 3 વર્ષથી ઓછા સમયને ટૂંકો સમયગાળો ગણવામાં આવે છે.
જેમ કે, રામે ડેટ ફંડમાં રોકેલાં 1 લાખ રૂપિયાની વેલ્યુ 2 વર્ષનાં સમય પછી 1 લાખ 20 હજાર બની જાય છે. તેથી રામને 20 હજાર રૂપિયાનો કેપિટલ ગેઈન થયો છે, જે તેની વાર્ષિક આવકમાં ઉમેરાઈ જશે. જો રામની આવક 5-10 લાખની વચ્ચે હોય તો રામને 10% ઈન્કમટેક્ષ ભરવાનો થાય અને તેથી જ રામે 20 હજાર રૂપિયાનાં કેપિટલ ગેઈન પર 10% લેખે 2 હજાર રૂપિયા શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (STCG) ભરવો પડશે.

જ્યારે નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં રોકેલાં રૂપિયાને **3** વર્ષથી વધારે સમય બાદ કાઢવામાં આવે છે ત્યારે તેમાં થયેલાં કેપિટલ ગેઈન પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ **(LTCG)** લાગુ પડે છે**,** જે ઈન્ડેક્ષેશન **(Indexation)** કર્યા બાદ **20%** હોય છે**.** ઈન્ડેક્ષેશન એટલે મોંઘવારી પ્રમાણે વેલ્યુને એડજસ્ટ કરવી. તેની ગણતરી કેવી રીતે કરવી તે આગળ જોઈશું. નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં 3 વર્ષથી વધારે સમયને લાંબો સમયગાળો ગણવામાં આવે છે.
જેમ કે, શ્યામે નોન-ઈક્વિટી મ્યુચ્યુલ ફંડમાં 2013 માં રોકેલાં 1 લાખ રૂપિયા 4 વર્ષ બાદ 2017 માં 1 લાખ 50 હજાર બની જાય છે. તેથી શ્યામને 50 હજાર રૂપિયાનો કેપિટલ ગેઈન થયો કહેવાય, પરંતુ મોંઘવારીનાં લીધે રૂપિયાની વેલ્યુ ઘટી હશે અને તેને હકીકતમાં થતો ફાયદો ઓછો હશે. તેથી ઈન્ડેક્ષેશનની ગણતરી કરીને 2013 નાં 1 લાખ રૂપિયાની 2017 માં કિંમત શોધીને ત્યારબાદ કેપિટલ ગેઈન ગણવો પડે છે.
ઈન્ડેક્ષેશન ગણવા માટે CII (Cost of Inflation Index) ની જરુર પડે છે. ઈન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટ દ્વારા દર વર્ષે જે-તે વર્ષનાં CII ને જાહેર કરવામાં આવે છે. 2013 નો CII 220 અને 2017 નો CII 272 છે.
2013 માં રોકેલાં 1 લાખની 2017 માં કિંમત = 1 લાખ * (2017 નો CII / 2013 નો CII)
= 1,00,000 * (272 / 220)
= 1,23,636

તેથી શ્યામને ઈન્ડેક્ષેશન બાદ થયેલો કેપિટલ ગેઈન (નફો) = 1,50,000 - 1,23,636 = 26,364 રૂપિયા કહેવાય. જેના પર 20% લેખે 5,272 રૂપિયા લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ ભરવો પડશે.

મિત્રો, આશા રાખું છું કે તમને મ્યુચ્યુલ ફંડમાં લાગુ પડતાં કેપિટલ ગેઈન ટેક્ષ વિશે સમજાઈ ગયું હશે. જો ઈન્ડેક્ષેશનમાં હજુ પણ સમજણ ન પડી હોય તો તમે મારી યુટ્યુબ ચેનલ પર જઈ શકો છો. ત્યાં આપણે આ વિષય પર વિગતવાર ચર્ચા કરીશું.

ચેપ્ટર 12. રિટાયરમેન્ટનું પ્લાનિંગ કેવી રીતે કરવું?

રીટાયરમેન્ટનું પ્લાનિંગ કેવી રીતે કરવું એ શીખતાં પહેલાં રીટાયરમેન્ટનું પ્લાનિંગ શા માટે કરવું જોઈએ એ સમજવું ખૂબ જ જરુરી છે. તેના માટે તમને એક સ્ટોરી કહું.

સવારનો સમય હતો. સોસાયટીનાં બગીચામાં બાળકો રમી રહ્યા હતાં અને વડીલો અલક-મલકની વાતો કરી રહ્યા હતાં. એક દાદા ખૂણામાં બેઠાં બેઠાં મનોમન નિસાસા કાઢી રહ્યાં હતા. તેમને જોઈને બીજા દાદાએ પૂછ્યું, કેમ શું થયું? કાંઈ મૂશ્કેલી છે?

પહેલાં દાદાએ ઊંડો નિસાસો નાખીને જવાબ આપ્યો, આખી જીંદગી ખૂબ મહેનત કરીને બાળકોને ભણાવ્યા ગણાવ્યા અને નોકરી ધંધે લગાડીને સેટ કર્યા. ઘડપણમાં નિવૃત થઈને જમીન મિલ્કત બધું બાળકોને આપી દીધું. આજે ઘડપણમાં જ્યારે શરીર થાકી ગયું છે ત્યારે બાળકો પાસે સેવા-ચાકરીની આશા રાખી હોય, પરંતુ બાળકોને મન તો અમે બોજા સમાન હોય તેવું લાગી રહ્યું છે. શું કરવું? શું આખી જીંદગી બાળકો માટે કરેલાં બલિદાન એળે ગયાં? બાળકો પાસે સેવા-ચાકરીની આશા રાખી એ ખોટું? હવે આ ઊંમરે બીજે ક્યાં જવું?

પહેલાં દાદાનાં આ સવાલનો જવાબ આપતાં બીજા દાદાએ કહ્યું, તમે આખી જીંદગી ખૂબ મહેનત કરીને બધું બાળકોનાં સારાં ભવિષ્ય માટે જ ખર્ચી નાખ્યું. ક્યારેય પોતાનાં ભવિષ્ય માટે એટલે કે ઘડપણ માટે વિચાર્યું નહિ? મારી જુવાનીમાં હું પહેલીવાર નોકરીએ લાગ્યો અને પહેલો પગાર લાવ્યો ત્યારે મારા પિતાજીએ મને એક સલાહ આપેલી. મારા પિતાજીએ મને કહેલું કે, બેટા તારો પગાર 75 રૂપિયા છે; તેના બદલે 65 રૂપિયા હોત તો તું આ નોકરી કરેત કે નહિ? મેં હા માં જવાબ આપેલો. પિતાજીએ કહેલું કે, આજથી તારો પગાર 65 રૂપિયા જ છે એમ સમજી લે અને બાકીનાં 10 રૂપિયા તું બચત કરીને ઈન્વેસ્ટ કરવા લાગ. જેમ જેમ મારો પગાર વધતો ગયો તેમ તેમ મારી બચતની રકમ પણ વધતી ગઈ. હું પગારની 10% રકમ બચત કરીને મારા માટે ઈન્વેસ્ટ કરવા લાગ્યો. થોડીઘણી કરકસર કરીને જીંદગી ચાલવા લાગી. હું જ્યારે રીટાયર થયો ત્યારે મારી બચત એટલી મોટી બની ગઈ હતી કે જો મારા બાળકો ન હોય તો પણ હું મારી બાકીની જીંદગી આરામથી પૂરી કરી શકું અને તેમછતાં રૂપિયા બચે. જીંદગીની શરુઆતથી જ પોતાના માટે બચત કરેલાં 10% રૂપિયા આજે કામ આવે છે. તે બચતમાંથી દર મહિને 25,000 રૂપિયાની આવક થયા કરે છે, જેમાંથી હું મારી મરજી મુજબ ખર્ચ કરું છું. ક્યારેય બાળકો પાસેથી રૂપિયા માગવા નથી પડતાં. દર મહિને છૂટથી વાપર્યા ઉપરાંત થોડાંઘણાં રૂપિયાની બચત થઈ જાય છે, જેને મારા પૌત્રો માટે બચતખાતામાં જમા કરાવી દઉં છું. આમ, બાળકોની જરુર જ ન રહે અને તેમ છતાં બાળકો રાજીખૂશીથી રાખે.

તમારી જીંદગીમાં જે થવાનું હતું તે થઈ ગયું, પણ આજકાલની નવી પેઢીને આ વાત શીખવા અને સમજવાની ખૂબ જ જરુર છે.

મિત્રો આ કહાની વાંચીને તમને પણ પોતાના માટે રીટાયરમેન્ટ પ્લાનિંગ કરવાનો વિચાર આવ્યો હશે. તો ચાલો એક ઉદાહરણ દ્વારા સમજીએ કે રીટાયરમેન્ટ માટે પ્લાનિંગ કરવું અને તેને અમલમાં મૂકવું કેટલું સહેલું અને સરળ છે.



માની લ્યો કે, રામની હાલની ઊંમર 25 વર્ષ છે. તેને પોતાની પહેલી નોકરી મળી ગઈ છે અને તેનો પગાર મહિને 15,000 રૂપિયા છે. તેણે અત્યારથી જ પોતાની રીટાયરમેન્ટનું પ્લાનિંગ કરવું છે અને તે 60 વર્ષની ઊંમરે રીટાયર થવા ઈચ્છે છે. તેના માટે તે મ્યુચ્યુલ ફંડમાં ઈન્વેસ્ટમેન્ટ કરવાનું નક્કિ કરે છે. તેનો ગોલ - રીટાયરમેન્ટ 35 વર્ષ પછી એટલે કે રામની 60 વર્ષની ઊંમરે આવશે. તેથી તેની પાસે ખૂબ જ લાંબો સમયગાળો હોવાથી તેણે મિડકેપ અથવા તો સ્મોલકેપ મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું જોઈએ. જેથી કરીને રામને રીટર્ન પણ વધુ મળવાની શક્યતા રહે છે અને લાંબા સમયને લીધે રિસ્ક પણ ઘટી જાય છે. મિડકેપ અથવા સ્મોલકેપ મ્યુચ્યુલ ફંડમાં આટલા લાંબા સમયગાળામાં 20% ની આજુબાજુનું રીટર્ન મળી શકે છે, તેમછતાં આપણે ફક્ત 15% નું અનુમાન કરીને ચાલીશું.
જો રામને હાલનાં સમયે કંઈ કામ કર્યા વિના જીવન ચલાવવા માટે 25,000 દર મહિને પૂરતાં હોય અને મોંઘવારીનો દર 6% ગણીએ તો 35 વર્ષ પછી એટલે કે રામ રીટાયર થાય ત્યારે 25,000 ની રકમ વધીને દર મહિને 2,00,000 રૂપિયા બની જશે. ત્યારબાદ દર વર્ષે 6% મોંઘવારી પ્રમાણે તેમાં (2,00,000 માં) પણ 6% નો વધારો કરતો જવો પડે.
રામ પોતે 85 વર્ષ સુધી જીવતો રહેવાનો અંદાજ લગાવે છે એટલે કે 60 વર્ષની ઊંમરે રીટાયર થયા પછી બીજા 25 વર્ષ સુધી જીવતો રહેશે. આ 25 વર્ષ દરમ્યાન રામને દર મહિને કંઈપણ કામ કર્યા વિના રૂપિયા મળ્યા કરવા જોઈએ.

આ માટે રામે દરરોજનાં ફક્ત 50 રૂપિયા એટલે કે મહિને ફક્ત 1,500 રૂપિયાની SIP દ્વારા મિડકેપ અથવા સ્મોલકેપ ફંડમાં રોકાણ કરવું પડશે.

આમ, 15,000 નો પગાર ધરાવનાર રામ ફક્ત 1,500 (10% રકમ)ને ઈન્વેસ્ટ કરીને રીટાયર થયા પછી દર મહિને આજનાં 25,000 (એટલે કે 35 વર્ષ પછીનાં 2,00,000) રૂપિયાની આવક મેળવ્યા કરશે. તમે પણ રામની જેમ જ પોતાના માટે રીટાયરમેન્ટનું પ્લાનિંગ કરી શકો છો. આના માટે ઈન્ટરનેટ પર ઓનલાઈન રીટાયરમેન્ટ પ્લાનિંગનાં કેલ્ક્યુલેટર મળી જશે. જેમાં તમે તમારી જરુરિયાત મુજબ ગણતરી કરી શકશો.

આશા રાખું છું કે, તમને ગોલ પ્રમાણે પ્લાનિંગ કરવાની પ્રક્રિયા સમજાઈ ગઈ હશે. જો તમારે જુદા જુદા ગોલ જેમ કે બાળકોનો ઉચ્ચ અભ્યાસ, બાળકોનાં મેરેજ, રીટાયરમેન્ટ, નવું ઘર વગેરે માટે કેવી રીતે પ્લાનિંગ કરવું એ વિગતવાર સમજવું હોય તો તમે મારી યુટ્યુબ ચેનલ પર જઈને શીખી શકો છો.

ચેપ્ટર 13. બોનસ ટીપ : કાયદેસર રીતે ટેક્ષ બચત કરવાનાં રસ્તાઓ

મિત્રો, તમે મારી બુકમાં રસ દાખવીને તેને ખરીદી તે માટે હું તમારો ખૂબ ખૂબ આભાર માનું છું. હું આશા રાખું છું કે આ બુક વાંચીને તમને એવા ઘણા પ્રશ્નોના ઉત્તર મળ્યા હશે જે તમને બીજે ક્યાંયથી મળ્યા નહિ હોય.

તમે આ બુકને સંપૂર્ણ વાંચીને અમીર બનવા માટે નવું જાણવા-શીખવાનો પ્રયત્ન કર્યો તેથી આ ચેપ્ટર તમારા માટે એક બોનસ ટીપ છે. મિત્રો કોઈએ ખૂબ જ સારી વાત કરી છે કે, તમે બચાવેલો રૂપિયો તમે કમાયેલા રૂપિયા બરાબર જ છે. આ વાતને સાચી બનાવતા હોય તેમ આપણામાંથી ઘણા લોકો ટેક્ષ ઓછો ભરવો પડે તે માટે ઓછી આવક બતાવતા હોય છે. આને ટેક્ષ ચોરી કહેવાય છે અને તે કાયદાકીય ગુનો છે. ટેક્ષ ચોરી કરનારને જેલની સજા પણ થઈ શકે છે. તેથી ટેક્ષ ચોરી ન કરવી જોઈએ. ટેક્ષ ભરીને આપણા દેશનું ઉજ્જવળ ભવિષ્ય બનાવવામાં આપણું યોગદાન આપવું

જોઈએ.

જો હું તમને એમ કહું કે ટેક્ષ ચોરી કર્યા વિના પણ એવા ઘણા રસ્તાઓ છે જેના દ્વારા તમે ટેક્ષ બચાવી શકો છો તો?
તમે કહેશો કે 80 C પ્રમાણે ટેક્ષમાં બચત મળે એ જ કે બીજું કંઈ?
હું કહીશ કે, 80 C તો ખરું જ, પણ તેના સિવાય પણ બીજા ઘણા નિયમો છે જે તમને ટેક્ષમાં રાહત આપે છે.



ચાલો એક એક કરીને ટેક્ષ બચત કરાવતા નિયમો વિશે જાણીએ :

(1) 80 C : મિત્રો 80 C પ્રમાણે તમને 5 વર્ષની બેંક એફ.ડી., લાઈફ ઈન્સ્યોરન્સ, પી.પી.એફ. કે ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કિમ મ્યુચ્યુલ ફંડ(ELSS)માં રોકાણ કરીને 1.5 લાખ રૂપિયા સુધીની આવક પર ઈન્કમ ટેક્ષમાં રાહત મળે છે.

(2) 80 CCD : આ નિયમ મુજબ NPS (National Pension Scheme)માં રોકાણ કરીને 80 C પ્રમાણેના 1.5 લાખ ઉપરાંતનાં બીજા 50,000 રૂપિયાની આવક પર ટેક્ષમાં રાહત મળે છે.

(3) 80 D : આ નિયમ મુજબ પોતાના માટે, પત્ની તથા બાળકો માટે ખરીદેલા મેડિકલ ઈન્સ્યોરન્સના પ્રિમિયમમાં ખર્ચ કરેલાં 25,000 રૂપિયા પર ઈન્કમટેક્ષમાંથી રાહત મળશે. આ સિવાય માતા-પિતા માટે ખરીદેલા મેડિકલ ઈન્સ્યોરન્સનાં પ્રિમિયમમાં ખર્ચ કરેલાં 25,000 રૂપિયા પર પણ રાહત મળશે. જો તમારા માતા-પિતા સિનિયર સિટિઝન હોય તો આ 25,000 વધીને 30,000 થઈ જશે.

(4) 80 DD : આ નિયમ મુજબ માતા-પિતા, ભાઈ-બહેન, પત્ની કે બાળકોની સારવાર માટે ખર્ચ કરેલાં 75,000 રૂપિયા પર ઈન્કમટેક્ષમાંથી રાહત મળશે.

(5) 80 E : આ નિયમ મુજબ પોતાના માટે, પત્ની કે ભાઈ-બહેન માટે ધોરણ 12 પછીના અભ્યાસ માટે એજ્યુકેશન લોન લીધી હોય તો તેના માટે ભરેલું બધું જ વ્યાજ લોન શરુ કર્યાના 8 વર્ષ સુધીમાં ગમે ત્યારે ક્લેઈમ કરી શકો છો.

(6) 80 QQB : આ નિયમ મુજબ રોયલ્ટી તરીકે મળનારી આવકમાંથી દર વર્ષે 3 લાખ સુધીની આવક પર ઈન્કમટેક્ષમાંથી રાહત મેળવી શકો છો.

(7) 80 TTA : આ નિયમ મુજબ બચતખાતામાં જમા રકમ પર મળનારાં વ્યાજમાંથી 10,000 સુધીની રકમ પર ઈન્કમટેક્ષમાંથી રાહત મળી શકે છે.

આ નિયમો ઉપરાંત પણ

- ખેતી દ્વારા થયેલી આવક પર,
- કોઈ કંપનીનાં શેર કે ઈક્વિટી મ્યુચ્યુલ ફંડ દ્વારા થયેલા લોંગ ટર્મ કેપિટલ ગેઈનમાંથી દર વર્ષે 1 લાખ સુધીની રકમ પર,
- પાર્ટનરશીપ ફર્મમાંથી મળનારાં નફા પર,
- હિંદુ અનડિવાઈડેડ ફેમિલી દ્વારા તેના સભ્યોને મળતી આવક પર,
- કોઈ કંપનીમાં લગાતાર 5 વર્ષથી વધારે સમય નોકરી કરવાથી મળતી ગ્રેચ્યુટીની આવક પર,
- વી.આર.એસ. લેવાથી મળતી રકમ પર તથા
- અભ્યાસ કરવા માટે મળતી શિષ્યવૃતિ કે એવોર્ડની રકમ પર

ઈન્કમટેક્ષમાંથી રાહત મળે છે.

મિત્રો, હું આશા રાખું છું કે આ નિયમો જાણીને તમે ધણો બધો ટેક્ષ બચાવતા શીખી જશો.

હવેથી તમે પણ આ બુકમાં રજુ કરેલી માહિતીને અનુસરીને અમીર બનવા માટે આગળ વધો.

જો તમારે આ બુકમાં ચર્ચા કરેલાં વિષયો ઉપર કે તેના સિવાય અન્ય વિષય પર વધુ માહિતી મેળવવી હોય તો તમે મારી યુટ્યુબ ચેનલ પર જઈ શકો છો.

તમારો કિંમતી સમય દેવા બદલ ખૂબ ખૂબ આભાર**...........** ધન્યવાદ**...........**

મને વન્યજીવન વિશે જાણવા તથા શીખવાનો પણ શોખ છે. હું નવરાશના સમયે મારી આજુબાજુના પશુ-પક્ષીઓની ફોટોગ્રાફી પણ કરી લઉં છું. મારા ફોટોગ્રાફ્સને જોવા તથા ફ્રીમાં ડાઉનલોડ કરવા માટે અત્યારે જ મારા બ્લોગ - http://www.p3club.blogspot.in ની મુલાકાત લો અને કોમેન્ટ કરીને મને જણાવો કે મારી ફોટોગ્રાફી તમને પસંદ આવી કે નહિ.

મારું ફેસબુક પેજ - https://www.facebook.com/pankajpatelphotography/ લાઈક કરવાનું ભૂલશો નહિ.

……………ધન્યવાદ……………